શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર, પાટણના નામ સેવા યજ્ઞમાં સદા સહભાગી વલ્લભીયજનોનો

## ઋણ સ્વીકાર

વિ.સં. ૨૦૫૭ ના નૂતનવર્ષારંભે ભગવદ્કૃપાથી સંસ્થાના પ્રકાશનો કાયમી મળી રહે તે હેતુથી-પ્રારંભ કરેલ 'કાયમી જયશ્રીકૃષ્ણ' યોજનાનો સાનુકૂળ પ્રતિભાવ વર્તમાન સમયના ૮૬ વલ્લભીયજનોએ આજ સુધીમાં આપેલ છે. આ સૌ સેવકજનોનું સદા સ્મરણ કરતાં ધન્યતા અનુભવુ છું.

શ્રીવલ્લભના સિધ્ધાંતોના પ્રચાર-પ્રસાર કરવાના એકમાત્ર ધ્યેયને વરેલી આ સંસ્થાની સેવા જ્યોતને અખંડ પ્રજ્જવલિત રાખવા ઉપરોક્ત વલ્લભીયજનોએ તનુવિત્તજા સેવારૂપે આપેલ સહયોગ સદા પ્રશંસનીય અને ચિર-સ્મરણીય જ રહ્યો છે. (યાદી-પુસ્તિકા પેજ-૯૩ થી ૯૬ ઉપર છે.)

આ ઉપરાંત જે વલ્લભીયજનોએ પ્રવૃત્તિને યથા શક્તિ સાથ સહકાર આપી પ્રોત્સાહિત અને ગતિશીલ રાખી છે તે માટે આ સૌનું નતમસ્તકે ઋણ સ્વીકાર કરી કોટિ કોટિ વંદન કરું છું.

આપ સર્વેના સાથ સહકારથી પુનઃ પ્રકાશનો નયનરમ્ય અને રસભોગ્ય બનતા રહેશે. નાની પુસ્તિકામાં કાયમી જયશ્રીકૃષ્ણની યાદી પ્રગટ કરવી શક્ય નથી તેથી સંસ્થાના મોટા ૧૨ પ્રકાશનોમાં આ યાદી પ્રગટ થાય છે. અગણિત (હજારો) વૈષ્ણવો આ યાદી દ્વારા આપને ભગવદ્સ્મરણ કરતા રહે છે તે નિઃશંક છે. જાણે અજાણે નામ-સેવા કાર્યમાં કંઈક ક્ષતિઓ, દોષો, અપરાધો અવશ્ય રહી ગયા હશે છતાં આપનો જ માની ક્ષમ્ય ગણશો તેમજ ભૂલો સુધારવા માર્ગદર્શક બનશો એટલી અપેક્ષા સાથે..

ભવદીય - જિતેન્દ્ર ર. પરીખના
સપ્રેમ જયશ્રીકૃષ્ણ

વિશેષ માહિતી માટે
જવાબીપત્ર વ્યવહાર કરવો તથા રકમ મનીઓર્ડર/બેંક ડ્રાફ્ટ થી
નીચેના નામે-સરનામે મોકલવા વિનંતી.

જિતેન્દ્ર રમણીકલાલ પરીખ
'શ્રીયમુના કુટિર', ૩૯, શિવકૃપા સોસાયટી, ટી.બી. હોસ્પીટલ ત્રણ રસ્તા,
ડીસા રોડ, આર.એમ. પેટ્રોલ પંપની બાજુમાં, પાટણ (PATAN) ૩૮૪૨૬૫ (ઉ.ગુ.)
ફોન નં.: (૦૨૭૬૬) ૨૨૦૮૪૩ (સવારે/સાંજે ૭ થી ૧૦)

# નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ

### શ્રીયમુનાજીના ૧૦૮ પદોનો ગુજરાતી ભાવાર્થ તથા સ્વરૂપ-માહાત્મ્ય સંબંધી વિવિધ લેખો સહિત



© પ્રકાશક : શ્રીવલ્લભ સેવા પ્રચાર કેન્દ્ર, પાટણ

॥ શ્રી યમુનાયૈ નમઃ ॥

# નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ

**(શ્રીયમુનાજીનાં ૧૦૮ પદો નો ગુજરાતી ભાવાર્થ
તથા સ્વરૂપ-માહાત્મ્ય સંબંધી વિવિધ લેખો સહિત)**

❖ પ્રકાશક ❖

**શ્રી વલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર - પાટણ**

**❖ દ્રવ્ય સહાયક ❖**

૧. **ગો.વા. ચીમનલાલ ગિરિધરલાલ સોનીના સ્મરણાર્થે**
ગં.સ્વ. પ્રભાબેનના જયશ્રીકૃષ્ણ (ડીસા)

૨. **ગો.વા. રામલાલ છગનલાલ પરીખના સ્મરણાર્થે**
ગં.સ્વ. સવિતાબેન રામલાલ પરીખ અને
પરીખ પરિવારના સદૈન્ય ભગવદ્ સ્મરણ (કડી)

૩. **પ.ભ. મંજુલાબેન વિનોદચંદ્ર શેઠનાં**
સર્વેને સપ્રેમ જયશ્રીકૃષ્ણ - (મુંબઈ)

૪. **ગં.સ્વ. શારદાબેન કેવળદાસ અમીનના**
સર્વેને સપ્રેમ જયશ્રીકૃષ્ણ - (પાટણ)

૫. **પ.ભ. દ્વારકાદાસ શામદાસ દલાલ તથા શ્રીમતી લક્ષ્મીબાઈ**
દ્વારકાદાસ દલાલના ભગવદ્ સ્મરણ-જયશ્રીકૃષ્ણ (પુના)

૬. **ગો.વા. જમનાદાસ અમૃતલાલ ચોકસીના સ્મરણાર્થે**
ગં.સ્વ. ચંપાબેન જમનાદાસ ચોકસીનાં જયશ્રીકૃષ્ણ (અમદાવાદ)

૭. **પ.ભ. કિશોર દામોદરદાસ વસંત તથા**
વસંત પરિવારના સર્વેને સપ્રેમ જયશ્રીકૃષ્ણ (મોર્શી-અમરાવતી)

૮. **ગો.વા. નર્મદાબેન વિઠ્ઠલદાસ શાહના સ્મરણાર્થે**
શાહ કનુભાઈ વિઠ્ઠલદાસ તથા ડૉ. વજુભાઈ વિઠ્ઠલદાસ શાહના
ભગવદ્ સ્મરણ જયશ્રીકૃષ્ણ. આકરુન્દ. (સાબરકાંઠા)

૯. **ગો.વા. અ.સૌ. વજીબેન શંભુભાઈ લાખાણીના**
સર્વે વૈષ્ણવોને સપ્રેમ જયશ્રીકૃષ્ણ (અમદાવાદ)

## નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ

**પ્રકાશક :** © શ્રી વલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર-પાટણ
(આ પુસ્તિકા અથવા તેનો કોઈપણ ભાગ પ્રકાશકની પૂર્વ સંમતિ સિવાય છાપવો નહિ)

**પ્રકાશન અવસર :** માગશર સુદ-૧ સં.૨૦૬૧ તા.૧૨/૧૨/૦૪

**અનુવાદક :** ગો.વા. બાબુભાઈ નાયક તથા
પ.ભ. કિરણબેન શાહ (કડી)

**પુનઃ સંકલન :** ભાઈલાલભાઈ શં. શેઠ. મોડાસા

**આવૃત્તિ :** છઠ્ઠી

**પ્રત સંખ્યા :** ૧૦૦૦

**પ્રકાશન સહાય :** રૂા. ૨૫-૦૦

**મુદ્રણ સ્થાન :** ગણેશ પ્રિન્ટર્સ,
દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ.

**પ્રકાશન / પત્ર વ્યવહાર/પ્રાપ્તિ સ્થાન**
**જિતેન્દ્રભાઈ ર. પરીખ**
૩૯, શિવકૃપા સોસાયટી, 'શ્રીયમુના કુટિર'
આર.એમ.પેટ્રોલ પંપની બાજુમાં, ટી.બી. હોસ્પીટલ ત્રણ રસ્તા,
પાટણ (ઉ.ગુ.) PATAN (N.G.) - 384265
ટેલિફોન સંપર્ક : (૦૨૭૬૬) ૨૨૦૮૪૩ (સવારે/સાંજે ૭ થી ૯)

**વિતરણ વ્યવસ્થા :**
પુષ્ટિ પ્રકાશન વિતરણ કેન્દ્ર
સંદિપ પરીખ C/o. જિતેન્દ્ર ર. પરીખ
૩૯, શિવકૃપા સોસાયટી, આર.એમ.પેટ્રોલ પંપની બાજુમાં,
ટી.બી. હોસ્પીટલ ત્રણ રસ્તા,
પાટણ (ઉ.ગુ.) PATAN (N.G.) - 384265



## આશીર્વચન

**પૂ.પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી**
**(પૂ.પા. ગો. શ્રી રાજેશબાવાશ્રી)**
**શુદ્ધાદ્વૈત શ્રીવલ્લભ ગૃહપીઠ**
**કડી - અમદાવાદ - કોટા તા. ૨-૫-૮૯**

રસેશ્વરી શ્રીયમુનાજીના સ્વરૂપ, ગુણ અને લીલાસહિત માહાત્મ્ય દર્શાવતા પરમ ભક્ત રત્નો, અષ્ટછાપ આદિના ૧૦૮ પદોનો સરળ ભાવાર્થ કરી વૈષ્ણવજન સમક્ષ ધરવાનો આ મધુર ઉત્સાહવર્ધક પ્રયાસ સ્તુત્ય છે. આપણા પુષ્ટિમાર્ગમાં કૃપા દ્વારા જ પુષ્ટિપ્રભુ ભક્તોને અનેક પ્રકારે સ્વસન્મુખ રાખતા રહે છે અને વિશેષતા એ કે શ્રીયમુનાજી જીવોના દોષોને સહજ રીતે દૂર કરી વિવિધ પ્રકારે પવિત્ર કરી પ્રભુ પ્રેમની પરસ્પર પ્રાપ્તિ કરાવે છે. માટે જ **'નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ'**

શ્રીયમુનાજીના આ ૧૦૮ પદોનું ભાવાર્થ સહિતનું પુષ્પ-પુસ્તક/ગ્રંથ સ્વરૂપે અનેક વૈષ્ણવજન/પ્રેમપ્રધાન ભગવદીયજનોને પોતાની ચિત્તાકર્ષક મહેંકથી હૃદયને ભક્તિરસથી આર્દ્ર કરશે. આમ છતાં આ અનુગ્રહ કોને, ક્યારે અને ક્યાં કરશે તે તો શ્રીયમુનાજી જ જાણે ! પણ આ પુસ્તકના ભાવાર્થનો ભાવ, પ્રેમ, સદ્‌વિચાર અને આચાર દ્વારા રજૂ કરતા શ્રીના કૃપાપાત્ર ઉભય ભગવદીયજનો જે અમારા પણ સ્નેહપાત્ર છે, તેઓ અવશ્ય સન્મુખ રહી આવે છે અને સાંપ્રત સમયમાં સાહિત્ય સેવા અને શ્રીસુબોધિનીજીનું અવગાહન, નિત્ય સત્સંગ અને પદ ગ્રંથાદિનું સમય પર ભાવાનુવાદ વગેરેની સેવા છેલ્લા કેટલાય સમયથી કરતા આવ્યાં છે. પ્રભુ તેઓ દ્વારા આ શુભકાર્ય વિવિધ પ્રેરણા દ્વારા કરાવતા રહેશે. આ શુભેચ્છા સાથે પદોના ભાવાર્થ વિચારી લખી સંકલન કરી આપનાર પરમ સ્નેહી ભગવદીય શ્રી કિરણબેન શાહ અને બાબુભાઈ નાયકને હાર્દિક અભિનંદન સહિત શુભાશીર્વાદ આપું છું.

**પ.ભ. શ્રી જિતેન્દ્રભાઈ પુષ્ટિ-સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે જે પરિશ્રમ લઈ રહ્યા છે, તે ધન્યવાદને પાત્ર છે.** આવાં પુસ્તકો પ્રકાશિત કરી સંપ્રદાયની અનન્ય સેવા કરવી તે શ્રીયમુનાજીની કૃપાબળનું જ કાર્ય છે. **તેમની આવી પ્રવૃત્તિ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામે તેવા તેમને મારા અંતઃકરણના આશિષ.**

**- ગો. શ્રી રાજેશબાવાશ્રી**

## ✦ અનુક્રમણિકા ✦


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧. | સંસ્થા વિષે માહિતી | ૫ |
| ૨. | સંસ્થાના પ્રકાશનોની યાદી | ૬ |
| ૩. | બે બોલ | ૭ |
| ૪. | શ્રીયમુનાજીના સ્વરૂપ માહાત્મ્ય વિષેના વિવિધ ભાવાત્મક લેખો | |
| ૧. | ધન્ય શ્રીયમુને નિધિ દેનહારી. | ૮ |
| | પૂ.પા. ગો. શ્રી રાજેશકુમાર મહારાજશ્રી | |
| ૨. | ભક્તિ સ્વરૂપા શ્રીયમુનાજી. | ૧૨ |
| | ગો.વા. બાબુભાઈ નાયક (કડી) | |
| ૩. | અષ્ટસખાઓની અને ભગવદીયોની દૃષ્ટિએ શ્રીયમુનાજી | ૧૪ |
| | કિરણબેન શાહ (કડી) | |
| ૪. | શ્રીયમુનાજી કી મહિમા મોપે વરણી ન જાઈ | ૧૬ |
| | કિરણબેન શાહ (કડી) | |
| ૫. | શ્રી યમુનાજીનું સ્વરૂપ | ૨૦ |
| | કિરણબેન શાહ (કડી) | |
| ૬. | ભક્ત પર હરિકૃપા શ્રીયમુને જુ એસી છાંડિ નિજધામ, વિશ્રામ ભૂતલ કિયો. | ૨૨ |
| | કિરણબેન શાહ (કડી) | |
| ૭. | ઋણ સ્વીકાર | ૨૬ |
| ૮. | શ્રીયમુનાષ્ટક પરની વિવિધ ટીકાઓમાંથી આચમન | ૨૭ |
| | સંકલન : ભાઈલાલભાઈ શં. શેઠ - મોડાસા. | |
| ૫. | શ્રીયમુનાજીનાં ૧૦૮ પદો - અર્થ સાથે | ૩૦ |
| ૬. | 'કાયમી જયશ્રીકૃષ્ણ' યોજનાનાં ભગવદીયોની યાદી | ૯૩ |




શ્રીવલ્લભ સેવા - પ્રચાર કેન્દ્ર - પાટણ

### આ સંસ્થાના પ્રેરક : શ્રીજીબાવા

પથ દર્શક : શ્રી વલ્લભ — કૃપા : શ્રી યમુનાજી

કાર્ય શક્તિ : પુષ્ટિ સેવા-પ્રચારની ભાવના — સહાય : વલ્લભીય વૈષ્ણવો દ્વારા

શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર પાટણ દ્વારા વિવિધ નામી-અનામી વૈષ્ણવોની તનુ-વિત્તજા સેવાથી સ્વમાર્ગીય સિધ્ધાંતોની સરળ સમજ આપતા નાના-મોટા ૨૪ પ્રકાશનો અત્યાર સુધી પ્રગટ થયા છે. આ પ્રકાશન-કાર્યને વૈષ્ણવોની ઈચ્છા અનુસાર નયનરમ્ય અને રસભોગ્ય બનાવી કાયમી ધોરણે ઉપલબ્ધ બની રહે એ શુભ આશય સાથે પુનઃપ્રકાશનની નામસેવાને ગતિશીલ રાખવા નીચે મુજબ આયોજન કર્યું છે.

રૂા.૧૨૫૦/- ભેટ (દ્રવ્ય સહાય) આપી આપના સ્વજનશ્રીના ભગવદ્ સ્મરણ - જયશ્રીકૃષ્ણ 'કાયમી જયશ્રીકૃષ્ણ' યોજનામાં લખાવો અને પુસ્તકોનો સેટ ભેટ મેળવો.
(૨૪ પ્રકાશનોમાંથી મોટા-૧૨ પ્રકાશનોમાં યાદી છપાય છે)

રૂા.૫૦૦/- 'શુભેચ્છક' રૂપે જે પુસ્તિકા પુનઃ છપાશે તેમાં જ આપના ભગવદ્-સ્મરણ છાપીશું (તે આવૃત્તિમાં જ પુનરાવૃત્તિમાં નહિ છપાય)
રૂા. ૧૦૦/- ન્યોછાવરના પસંદગીનાં પુસ્તકો ભેટ આપીશું.

રૂા.૨૦૦/- અથવા વધુ ભેટ આપનારના જયશ્રીકૃષ્ણ છાપીશું તથા તે પુસ્તિકા ભેટ પણ મોકલીશું.

### : શુભેચ્છક સભ્યો માટે વિશેષ લાભ :

આર્થિક પરિસ્થિતિ અનુકૂળતાએ, મધ્યમવર્ગના વલ્લભીયજનો દ્વારા જેતે પુસ્તિકામાં 'શુભેચ્છક' રૂપે રૂા. ૫૦૦/- સેવા મળેલ છે. તે જ પુસ્તિકા માટે - ફરી રૂા. ૫૦૦/- મોકલશે તો ભગવદ્સ્મરણ/જયશ્રીકૃષ્ણ તે પુસ્તિકામાં 'દ્રવ્યસહાયક' તરીકે છાપીશું જેથી કાયમી સંભારણું બની રહે.

આપની અનુકૂળતા હોય ત્યારે દ્રવ્ય સહાય મોકલશો. પુનઃપ્રકાશિત થતા પુસ્તકોમાં જયશ્રીકૃષ્ણ/ભગવદ્સ્મરણ રૂપે વૈષ્ણવ સૃષ્ટિમાં પહોંચાડીશું.

શ્રીવલ્લભ કૃપાથી પ્રાપ્ત થયેલ આપની શુભ લક્ષ્મીનો વિનિયોગ શ્રી વલ્લભની જ નામસેવામાં કરાવી-પુષ્ટિ સંસ્કાર સિંચન કરવાની અમારી પ્રવૃત્તિના પોષક બનશો એવી અપેક્ષા - નમ્ર વિનંતી સાથે સૌને સપ્રેમ જયશ્રી કૃષ્ણ.

વિશેષ માહિતી માટે જવાબી પત્રવ્યવહાર કરવો તથા રકમ મનીઓર્ડર/બેંકડ્રાફ્ટથી 'જિતેન્દ્ર રમણીકલાલ પરીખ' નામે-સરનામે મોકલવા વિનંતી છે.

## શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર-પાટણ ના પ્રકાશનોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | નેહકારન શ્રીયમુને પ્રથમ આઈ. (શ્રીયમુનાજીના સ્વરૂપ-માહાત્મ્ય-૧૦૮ પદ અર્થસહિત) | ૨૫-૦૦ |
| ૨. | શ્રીયમુના નિત્ય સ્મરણ (શ્રીયમુનાજીના ૧૦૮ પદ-નવાખ્યાન-ધોળ-આરતી) | ૧૫-૦૦ |
| ૩. | શ્રીયમુના રસદર્શન (શ્રીયમુના કવચ-પટલ-પધ્ધતિ-સ્તવન-અને સહસ્ત્રનામ) | ૫-૦૦ |
| ૪. | શ્રીયમુના સંપુટીપાઠ-૧૦૮ નામ તથા જપપાઠ-શ્રીયમુના કવચ અર્થ સહિત | ૫-૦૦ |
| ૫. | કીર્તન સુધા [મંગળાથી સેન સુધીના કીર્તનો અર્થ સાથે અને વર્ષોત્સવકે પદ-વધાઈઓ, નવવિલાસ હોરીકે રસિયા-બ્યાહ કે પદ વગેરે] | ૧૨-૦૦ |
| ૬. | બાળકોના શ્રીવલ્લભાચાર્યજી અને તેમના વંશજો Eng. Book | ૧૫-૦૦ |
| ૭. | નિત્યનિયમના સ્તોત્રપાઠ-૪૧ પદ-ધોળ-આરતી સહિત | ૧૨-૦૦ |
| ૮. | શ્રીસુબોધિનીજી ગ્રંથસાર | ૨૦-૦૦ |
| ૯. | શ્રીનાથજીની ભાવ ભાવના | ૧૨-૦૦ |
| ૧૦. | શ્રીવલ્લભ રસસુધા (ષોડ્શ ગ્રંથ સંક્ષિપ્ત સાર) | ૫-૦૦ |
| ૧૧. | કૃપાસિંધુ શ્રીમહાપ્રભુજીના ચરણ ચિહ્નોની ભાવના | ૫-૦૦ |
| ૧૨. | શ્રીગિરિરાજ ગાથા (શ્રીગિરિરાજજી-પ્રાગટ્ય, પરિક્રમા, નામાવલિ સહિત) | ૧૨-૦૦ |
| ૧૩. | નિત્ય નિયમના સ્તોત્ર પાઠ-૪૧ પદ (મૂલ) | ૫-૦૦ |
| ૧૪. | શ્રીવલ્લભ સાખી (સરળ અનુવાદ-ભાવાર્થ) | ૫-૦૦ |
| ૧૫. | શ્રીહરિરાયજી કૃત બડે **શિક્ષાપત્ર** આધારિત 'શિક્ષાપત્ર ગ્રંથસાર' | ૧૫-૦૦ |
| ૧૬. | શ્રીગોકુલેશ પ્રભુના ચોવીસ વચનામૃતો (સરળ ગુજરાતીમાં) | ૧૨-૦૦ |
| ૧૭. | ૨૫૨ વૈષ્ણવ વાર્તા ગ્રંથસાર | ૫-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ ભગવદ્ગીતા ગ્રંથસાર અંતર્ગત શ્રીકૃષ્ણ સુધા-રસાસ્વાદ | ૮-૦૦ |
| ૧૯. | શ્રીયમુના રસાસ્વાદ (શ્રીયમુના પંચાંગ-૧૦૦૦ નામ સહિત) | ૧૦-૦૦ |
| ૨૦. | પુષ્ટિ સ્વરૂપ વંદન (શ્રીમહાપ્રભુજી અને અલૌકિક અગ્નિકુળ) | ૧૨-૦૦ |
| ૨૧. | પુષ્ટિ જીવન દર્પણ (પુષ્ટિ સિધ્ધાંતો નો સરળ-સાર) | ૫-૦૦ |
| ૨૨. | આશૌચ દર્પણ (સૂતક નિર્ણય) | ૧૦-૦૦ |
| ૨૩. | પુષ્ટિ આચાર દર્શન (વૈષ્ણવ કર્તવ્યની સરળ સમજ) | ૮-૦૦ |
| ૨૪. | શ્રીનાથજી ગુણાનુવાદ (શ્રીનાથજી પ્રાચીન ધોળ-પદ-આરતી સહિત) | ૮-૦૦ |
| | શ્રીનારાયણ કવચ/સુદર્શન કવચ/યમુના કવચ (ત્રણે અર્થ સાથે) | ૬-૦૦ |

રૂા. ૧૨૫૦/- ભેટ આપી આપના સ્વજનશ્રીના જયશ્રીકૃષ્ણ/ભગવદ્ સ્મરણ 'કાયમી જયશ્રીકૃષ્ણ' યોજનામાં લખાવો અને પુસ્તકોનો સેટ ભેટ મેળવો.

રૂા. ૩૦/- નાં પુસ્તકો સાદી પોસ્ટથી મોકલીએ છીએ. વી.પી. કરતાં નથી.
રજી. પોસ્ટથી મંગાવવા રૂા. ૧૭-૦૦ વધુ મોકલવા. પૂછપરછ માટે જવાબી ટપાલ મોકલવી.
= રૂા. ૫૦૦/- ના ઓર્ડર ઉપર ૧૦% કમીશન (પોસ્ટેજ બચત) =
રકમ મનીઓર્ડરથી અથવા બેંક ડ્રાફ્ટથી 'જિતેન્દ્ર રમણીકલાલ પરીખ' ના નામે-સરનામે મોકલવા વિનંતી.
= સંસ્થાના પ્રકાશનોની નકલ કરવી નહીં. જરૂર પડે સંપર્ક કરવા વિનંતી.



## બે બોલ

ચતુર્થપ્રિયા શ્રીયમુના મહારાણીજીની અસીમ કૃપાના ફળસ્વરૂપ આ પુસ્તકની છઠ્ઠી આવૃત્તિ વૈષ્ણવજનોના કરકમલોમાં મૂકતાં અતિ આનંદ અનુભવું છું.

મુંબઈ સ્થિત પૂ.ગો. શ્રીનિકુંજલતાબેટીજીના માર્ગદર્શન હેઠળ ચાલતાં સત્સંગ-મંડળો તથા વલ્લભીય વૈષ્ણવ સૃષ્ટિમાં સૌના ઘેર આ પુસ્તક પધરાવવા આપ સવિશેષ આગ્રહ સેવે છે. **આપની નિશ્રામાં 'કાત્યાયની' વ્રત કરનાર વૈષ્ણવ બહેનો માટે પણ આ પુસ્તક અતિ અમૂલ્ય ફળદાતા પૂરવાર થયું છે. આમ આ પુસ્તકના પ્રચાર એવં પ્રસાર અર્થે પૂ. ગો. શ્રી નિકુંજલતાબેટીજી નો અથાગ પરિશ્રમ સદા ચિરસ્મરણીય જ છે.**

શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણ તત્ત્વતઃ એક જ સ્વરૂપ છે. જયારે જીવ શ્રીમહાપ્રભુજીના ચરણશરણમાં આવી બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરે છે ત્યારે શ્રીયમુનાજીની વામ ભુજા ફરકે છે અને આપ અતિ આનંદમાં શીઘ્ર દોડતાં જઈ પ્રિયતમને વધામણી આપે છે. (જુઓ પદ-૩) વળી શ્રીયમુનાજીના ગુણગાનથી જીવનો દુષ્ટ સ્વભાવ બદલાઈ જઈ ઉત્તમ સ્વભાવ બને છે, એટલું જ નહિ પરંતુ મોક્ષદાતા ભગવાનનો પણ સ્વભાવવિજય થઈ દુર્લભ એવી પ્રેમલક્ષણા ભક્તિનું દાન કરે છે. **શ્રીયમુનાજી આવા પરમકૃપાલુ અને સકલ સિધ્ધિદાતા છે.**

નામસેવાના આ અવિરત યજ્ઞમાં પરોક્ષ યા પ્રત્યક્ષરૂપે તન-મન અને ધનથી સહાયભૂત થનાર સૌનું ઋણસ્વીકાર કરું છું. આ પુસ્તિકાના અનુવાદક બાબુભાઈ પી. નાયક તથા કિરણબેન શાહમાંથી **પ.ભ. બાબુભાઈ નાયક નો ગોલોકવાસ થયો છે તેમને શ્રદ્ધાંજલિ રૂપે આ પુસ્તિકા સમર્પણ કરતાં ધન્યતા અનુભવુ છું.**

**વિશેષમાં વિવિધ પ્રકાશનો તેમજ પ્રુફ-વાચનકાર્યમાં નિષ્કામ સેવા આપનાર મોડાસાના મારા વૈષ્ણવબંધુ ભાઈલાલભાઈ શેઠનું પણ અહીં સ્મરણ કરું છું.**

શ્રીયમુનાજીના યુગલ ચરણારવિંદોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે આ પુસ્તકમાં રહી ગયેલા મુદ્રણદોષો - સૌ મારા છે અને તેને ક્ષમ્ય ગણી નિભાવી લેવા તથા ધ્યાન પર લાવવા સૌ વૈષ્ણવજનોને સદૈન્ય નમ્ર વિનંતિ કરું છું.

પાટણ. — દાસાનુદાસ
સં. ૨૦૬૧ માગશર સુદ - ૧. — જિતેન્દ્ર ર. પરીખ ના
તા. ૧૨-૧૨-૨૦૦૪. — સપ્રેમ જયશ્રીકૃષ્ણ.

## ધન્ય શ્રી યમુને નિધિ દેન હારી

**પૂ.પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી**
**શુદ્ધાદ્વૈત શ્રીવલ્લભ ગૃહપીઠ**

'શ્યામસુંદર શ્રીયમુને મહારાણીકી જય', નો મધુર ધ્વનિઘોષ આપણા કર્ણોમાં અવારનવાર પુષ્ટિમાર્ગીય જનસમૂહમાં, નિજજનવૃંદમાં સુધારસરૂપે શ્રવણગોચર થાય છે ત્યારે ક્ષણ માટે પણ હૃદય ભીંજાઈ જાય છે ખરું ને ! આ તો થઈ બહિરંગ વાત. પણ અરે ! આપણને કંઈ આટલાથી સંતોષ થાય ? શ્રી દયારામભાઈએ કહ્યું તેમ 'અમે તો રાજાના ખાસા-ખવાસ મુક્તિ મન ન આવે રે, રીઝે રાબડી થકી ગરીબ લોક, ભોગીને ન ભાવે રે.' તેથી આ રીતે જોતાં જે શ્રી વલ્લભપ્રભુના, શ્રીયમુનાજીના અને પુષ્ટિપ્રભુના અંતરંગજનો છે તેમને તો મૂળસ્વરૂપ, મૂળરસ, અને મૂળભાવની ભોગ-સામગ્રીના અધરામૃત પ્રસાદથી જ આસ્વાદ મળે. અન્ય રીતે અતૃપ્તિ જ રહે. તો હવે **શ્રી મહાપ્રભુજીના 'સહજ સુંદર' સ્વરૂપનું ધ્યાન કરી વિચારીએ....**

કે શ્રીશ્યામસુંદર શ્રીયમુને મહારાણીનું આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપ કેવું હશે ! સાચે જ શ્રી હરિરાયચરણ શ્રી યમુનાષ્ટક ગ્રંથ પરની પોતાની વિવેચન-ટીકામાં આજ્ઞા કરે છે કે 'ગમનાભાવેન નમનમેવ' જ્યાં ગમન એટલે પહોંચવું શક્ય ન હોય તો ત્યાં માત્ર નમન જ શ્રેષ્ઠ છે. તો આપણે શ્રીયમુનાજીને નમન સ્વીકારવાની પ્રાર્થના જ કરી શકીએ, પણ શ્રીવલ્લભને વહાલા નિજજનોનું નમન એટલે જેનું મન હવે એનું રહ્યું નથી, તેમાં તો વહાલા પ્રભુનો વાસ છે; અને આમ જોતાં ભાવભજનના ભોક્તા ભાવાત્મક પ્રભુનું પણ ન-મન સામે થયું ! જોયો ખેલ ! જ્યારે ભક્તના ન-મનમાં મનરૂપ થઈ પ્રભુ બિરાજે ત્યારે પ્રભુના પણ મન-આસને ભક્તે વાસ કર્યો, કારણકે 'નિજેચ્છાતઃ કરિષ્યતિ' પ્રભુને મન તો સ્વયં કંઈ પણ ઈચ્છા ન હોય ! તેઓશ્રી તો નિજજનોની ઈચ્છા-મનોરથ પૂર્તિની ઈચ્છાને જ સ્વયંની ઈચ્છા માને છે, પણ આ સર્વ ભક્તજનના અને ભગવાનના મનના ઊભયના મનોરથોને સફળ કરવા, રમ્યમાણ બનાવવા અને સાકાર કરવા કરૂણાવંતા શ્રીયમુનાજી જ મનસ્વરૂપે ઊભયમાં, રસભાવ પ્રેમસ્વરૂપે બિરાજી ભાવરસ અને કૃપારસનું આદાન-પ્રદાન કરાવે છે. તેથી કરીને જે આધિભૌતિકરૂપ જળસ્વરૂપે ભૌતિક દૃષ્ટિએ આપણને દર્શન થાય છે તે પણ મૂળ આધિભૌતિક શ્રીયમુનાજીના જ કૃપાસ્વરૂપનું આજના ભક્તજનોને 'પ્રવાહ ભેદબુદ્ધિનું' અનુસંધાન કરાવવા. તદ્ઉપરાંત શ્રી વ્રજમંડળનું પ્રકટિત બાહ્ય સૌંદર્ય વધારવા અને સાંપ્રત દૃષ્ટિએ 'કલિયુગ જીવ ઉદ્ધારન કારણ, કાટત અબ ધાર પેની' આ પ્રકારે જેવી રીતે પુષ્પની



ખિલાવટ પૂર્વે કલિકારૂપે તે હોય તેને યોગ્ય સમય પૂર્વે તેનું રક્ષણ, પોષણ અને સહસંવર્ધન થવા સુધીની જવાબદારી માળીની હોય છે, તે જ રીતે આજના કલિયુગના પુષ્પની કળીસમાન અબોધ નિઃસાધનસમા જીવની સાર-સંભારણાના હેતુ તેવા નાજુક ઉગતા ભાવવાળા ભક્તજીવને ચારેકોરથી રક્ષણ-પોષણ આપી યમુનાજી પોતાનું માહાત્મ્યજ્ઞાન આ રીતે પ્રગટાવે છે.

હવે પછી આધ્યાત્મિક તીર્થ સ્વરૂપે બિરાજતાં શ્રીયમુનાજી મથુરા આદિ તીર્થોમાં બિરાજી તીર્થોને પાવન કરી, તીર્થોની પવિત્રતા સ્વયંનું માહાત્મ્યજ્ઞાન ઉદય કરાવી, આજના જનોનું તીર્થસ્વરૂપે આકર્ષણ વધારે છે અને તેવા સ્થાનોમાં તેમનો (શ્રીયમુનાજીનો) આશ્રય કરીને રહેતા જનોનો યથા અધિકાર ત્રિવિધ પ્રકારે યોગ-ક્ષેમ સ્વયં આધ્યાત્મિક તીર્થ રૂપ ધારણ કરીને કરે છે.

અરે ! પણ હજુ તો આ વાત થાય છે શ્રીયમુનાજીનાં આધિભૌતિક અને આધ્યાત્મિક સ્વરૂપની. તેમ છતાં પૂર્વે જોયું તેમ આગળ શ્રી સૂરદાસજી પણ આપણા કૃપાપાત્ર એવા શ્રીવલ્લભીયજનોના ભક્તિરસ વ્યસનનાં આસ્વાદન વિશેષની પ્રશંસામય સ્તુતિ કરી જણાવે છે કે :

**'ખાટી છાછ રુચિ નહિ આવત, સૂર ખવૈયા ઘીકો,**
**મિલવો નયન કો હી નીકો'**

આમ પુષ્ટિભક્તને કે જેને શ્રી વલ્લભપ્રભુએ સ્વકીય તરીકે માન્યો હોય તે જનને તો શ્રીયમુનાજીનાં આધિદૈવિક સ્વરૂપ વિના કેમ આનંદ અને સંતોષ મળે ! અને તેવા રસભક્તના સંબંધ અને કૃપારસનું દાન કર્યા વિના શ્રી યમુનાજીને પણ કેમ ગમે ! કારણકે શ્રી નિકુંજનાયકને લીલામાં આવા ભક્તોને સન્મુખ કરી પ્રભુના સુખાર્થે યોજી તત્ સુખાત્મક સેવા જ કરાવવી છે ! પણ હા, જેમ લોકમાં પણ ખૂબ પ્રસિદ્ધ વ્યક્તિ હોય અને તેને સમાજ માત્ર તેના નામ અને કાર્ય દ્વારા ઓળખે, પણ તેના હૃદયની મૂળભાવનાને કે તેના પરિશ્રમને કે તેની મૂળ પરંપરાને ક્યાંથી ઓળખે ? તેને તો કામથી કામ. પણ તેવી વ્યક્તિથી કોઈ પણ પ્રકારે અંગત સંબંધ બાંધવો હોય કે સગપણ નક્કી કરવી વિચારવું હોય ત્યારે તેના સંબંધી સર્વ બાબત સુજ્ઞજનો જાતે જ જોતા હોય છે ને !

આમ આજ રીતે શ્રી યમુનાજીના પ્રાકટ્ય, રૂપ, પૂજન-સેવા વિશે સર્વ જાણે છે તે તેમનાં માહાત્મ્યજ્ઞાન એટલે બહિરંગ સ્વરૂપની વાત થઈ, પણ શ્રીવલ્લભપ્રભુ પોતાના નિજંજનોને શ્રી યમુનાષ્ટક દ્વારા એ સ્વરૂપ, એ ભાવ બતાવે છે કે જે માત્ર પુષ્ટિભક્તોને જે આસ્વાદિત બને છે. ટૂંકમાં પ્રચલિત સૂર્યપુત્રી શ્રીયમુનાજીની ઉત્પત્તિ અને કલિંદપર્વતથી નિસરણ આદિ વર્ણન પરમ પવિત્ર કરનારું હોવા ઉપરાંત પુષ્ટિ

ભક્તો જેમ જેમ પ્રભુનું સ્વરૂપ ગમે તેવું સુંદર અને આકર્ષક હોય તો પણ શ્રીવલ્લભ સેવા કરે તો જ પુષ્ટિભક્ત તેને સ્વીકારે છે. જેમ માતાજ આપણા પિતાની જાણ આપી શકે કે આ આપણા પિતા છે તેમ શ્રી વલ્લભપ્રભુ નિજજનોના ભાવ, અધિકાર, રસાત્મકતા અને અનન્યતાને ધ્યાનમાં લઈ શ્રીયમુનાજીનું સ્વરૂપ પ્રકટિત દર્શાવે છે. આધિદૈવિક સૂર્યમાંથી પ્રકટિત શ્રીયમુનાજી છે. આ આધિદૈવિક સૂર્ય તો મૂળ ભાવ પ્રમાણે સાક્ષાત્ શ્રીવલ્લભપ્રભુ જ એટલે વલ્લભાગ્નિ છે. તેમની હૃદયકંદરામાંથી જ આ રસયમુનાનું પ્રાકટ્ય થયું જે તીર્થરૂપે બિરાજે છે. તેનું પૂજન, પ્રણામ, તીર્થમર્યાદા પ્રમાણે માહાત્મ્ય જ્ઞાની જીવો માટે શક્ય છે અને તે દ્વારા તેઓ ભક્તિભાવ અને દઢતા કેળવવામાં સહાયક થાય છે તે નિર્વિવાદ છે, પણ આ શ્રીયમુનાજીનું મૂળ આધિદૈવિક સ્વરૂપ જે શ્રીવલ્લભપ્રભુ શ્રીયમુનાષ્ટક દ્વારા સંકેતાત્મક રીતે પ્રદર્શિત કરે છે તે તો 'मम मनः सुखं भावय' મારા મનને સુખ થાય એવું કરો, કારણકે શ્રીયમુનાજી પ્રભુની ઈચ્છા, મનોરથોને સંપાદન કરવામાં, સફળ કરવામાં, સાહિત્ય સામગ્રી એકત્રિત કરી પ્રભુને સુખ પહોંચાડવામાં કુશળતમ છે. માટે તેવા સ્વરૂપે મારા મનને સુખ થાય તો સકલ કાર્ય જેવાં કે પ્રભુના મૂળ ધર્મસ્વરૂપે, ભાવસ્વરૂપે અંતરનું પરમફલ અનુભવાય અને તદ્ઉપરાંત 'मनसि मे सदा स्थीयताम्' શ્રીમહાપ્રભુજી આ મૂળ સ્વરૂપે એટલે કે આધિદૈવિક દિવ્યસ્વરૂપે શ્રીયમુનાજીને વિનંતી કરે છે કે, મારા હૃદયમાં સુખ થાય તેમ બિરાજી સદા સ્થિતિ કરો. એટલે કે તે સ્નેહનું સ્વરૂપ છે જે પ્રેમ દ્વારા જ સેવાય, બાહ્યક્રિયા દ્વારા નહીં, બાહ્યક્રિયા ધર્મમાં સાધન બની શકે છે પણ ધર્મીમાં તો માત્ર વિરહભાવાત્મક સ્નેહ જ તીર્થ સ્વરૂપે પૂજન, શૃંગાર, આરતી, ભોગ થઈ શકે તે આધ્યાત્મિક તીર્થરૂપે શ્રીયમુના છે, પણ જે શ્રીયમુના આપણા શ્યામ સહિત સુંદર છે અથવા શ્યામના રંગે રંગાયેલી સુંદરતા પ્રાપ્ત કરે છે અથવા શ્યામનું સૌંદર્ય શ્રીયમુના છે. જેમ વૃંદાવન આદિ તીર્થોમાં રાધેશ્યામનું ઉચ્ચારણ સાંભળવા મળે છે તેમ આપણે ત્યાં પુષ્ટિભક્તો સ્વામિનીજીનું પ્રકટ ગુણગાન નામ જાહેરમાં ઉચ્ચારણ ન કરતાં હૃદયમાં ગુપ્તતયા અનુભવે છે, પણ શ્રીયમુનાજીની છટા તો કંઈ ઓર જ નિરાલી છે. તે તો માત્ર શ્રીપ્રભુને સુખાર્થે જ ગતિ, રતિ અને મતિ કરે ને કરાવે તે માટે શ્યામસુંદર શ્રીયમુનેમહારાણી પ્રભુને ખૂબ વહાલાં છે.

'श्रीयमुनाष्टक' માં 'कमलजा सपत्नीवयत्' કહીને ગૂઢભાવ દર્શાવાયો છે કે કમલથી ઉત્પન્ન થયેલ શ્રીલક્ષ્મી જો કે તેમની સમાનતા પોતે પ્રાપ્ત કરી શકે, કારણકે શ્રીયમુના પ્રભુની પત્નીની જેમ હોય તેમ જણાય છે પરંતુ તેનાથી વિશેષ તે 'हरि-प्रिय कलिंदया' એટલે કે પ્રભુની પ્રિયા છે. અને ભગવાનના પ્રિય ભક્તોના દોષોને



નષ્ટ કરવાવાળાં તત્ સુખાત્મા સંપન્ન અને નિર્ગુણભાવવાળા છે. આ સર્વભાવો અને સ્વરૂપ સિધ્ધાંતો માત્ર શ્રીયમુના વલ્લભની કૃપાથી જ પ્રકટિત થાય છે. આપણે શ્રીવલ્લભીયજનોએ શ્રીયમુનાજીના પ્રકટિત આધિભૌતિક, આધ્યાત્મિક સ્વરૂપનું આદર અને સદ્ભાવ સહિત સદ્સેવન કરવું, પણ જ્યારે મૂળસ્વરૂપે શ્રીયમુનાજીનું રસાવલોકન, ચિંતન અનુભવગમ્ય કરવું હોય તો શ્રી આચાર્યજીના મૂળ અર્થ ને ભાવ સહિત વિચારી હૃદયમાં અવધારણ કરવાથી હૃદયમાં પ્રેમ પ્રાપ્ત થઈ પ્રભુ વશ અને પ્રસન્ન થશે, રસરૂપ મૂળ શ્રીયમુનાજીનું માહાત્મ્યજ્ઞાન વધારવામાં અને કલિના સ્વરૂપ વિસ્મૃતજનોને ધર્મ સંસ્કાર પૂરા પાડવામાં જરૂર સહાયક બને. આમ આ શ્રી યમુનાજીના ત્રણે સ્વરૂપો જે તે અધિકારી ભક્તને અવશ્ય યથાધિકાર ફળદાન નિરંતર કરે છે.

આમ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રકટિત શ્રીયમુના સ્વરૂપનું વિશેષ સ્પષ્ટીકરણ કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે સકલ સિદ્ધિ અને અષ્ટઐશ્વર્યનું દાન શ્રીયમુનાજી તો લીલાસૃષ્ટિના અધિકારીઓને લીલા પરત્વે જ કરે છે. તે પણ તેમના અધિકાર અનુસાર. ત્યારે આજના જીવોનું શું ? તેનો ખુલાસો આપતા આપશ્રી આજ્ઞા કરે છે કે, સર્વનું દાન હવે શ્રી પ્રભુના મુખારવિંદ વિરહાગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા જ ભૂતલ પર થશે અને તનુનવત્વનું દાન ભૂતલ પર ભક્તના વિરહ પ્રેમ ભાવે થઈ શકે. જેમ માટીનો કાચો ઘડો અગ્નિમાં પકવ થવાથી મૂજબૂત, દઢ અને સુસજ્જ બની નૂતન સ્વરૂપ ધારણ કરે છે તેમ કૃપા વિશેષ આ ભક્તો પણ ભગવદ્સેવા અનુભવ માટે તે રીતે તનનું નૂતનત્વપણું પ્રાપ્ત કરી શકે છે.

આમ જોતાં આપણા માટે શ્રીયમુનાજીના ત્રણે સ્વરૂપ જુદી જુદી રીતે કૃપા કરવા જ પધાર્યા છે. તેથી યથાધિકાર તેઓ પોતાના સ્વરૂપ વડે કૃપા કરે છે. **આધિભૌતિક** સ્વરૂપ વડે પરંપરાની વાસ્તવિકતાનો ખ્યાલ, જળસ્વરૂપ, દર્શન કરી આપે છે. **આધ્યાત્મિક** તીર્થ સ્વરૂપે જીવને માહાત્મ્યજ્ઞાનનો ઉદય, ભક્તિભાવ અને સંસ્કાર પ્રેરણા આદિ આપે છે અને મૂળ **આધિદૈવિક** શ્રીયમુનાસ્વરૂપ દ્વારા પ્રભુને પ્રિય થવાપણું અને શ્રીવલ્લભ પ્રભુનું નિજ દાસત્વ સિદ્ધ થાય છે. આમ આ ફલભાવો વિચાર્યા પછી 'શ્યામસુંદર શ્રીયમુને મહારાણીકી જય' નો મધુર ધ્વનિ ઘોષ આપણને 'सघोष गति दन्तुरा' ની જેમ પ્રેમ પ્રવાહમાં ગતિ, રતિ અને મતિ સહજ કરાવે છે.

----------

## ભક્તિસ્વરૂપા શ્રીયમુનાજી

ભક્તિ એ રસ છે જ્ઞાન નથી. આનંદમાત્ર કર-પાદ મુખોદરાદિ ભગવાનમાં મનસહિત સર્વેન્દ્રિયો જ્યાં એકરૂપ બની જાય છે, એવાં રસદાતા શ્રીયમુનાજી છે, ત્યાં જ ભક્તિરસ છે. સૂરદાસજી કહે છે કે :

**ગૂઢ બાત સોઈ શ્રી યમુને અબ જાન ઈ,**
**જાકે મોહન નેન તારો.**

શ્રીઠાકોરજી શ્રીયમુનાજીની આંખની કીકી છે. શ્રીઠાકોરજીની અનંત આનંદ રસરૂપ શક્તિ એ જ શ્રીયમુનાજી. વિશ્વમાં આનંદ સ્વરૂપે ચેતન જાગ્રત કરનારાં શ્રીયમુનાજી વિશ્વના જડ-ચેતન સર્વમાં વ્યાપ્ત છે. એટલે ભગવાનની રસરૂપ કોઈપણ લીલા શ્રીયમુનાજી વિના શક્ય નથી. રસરૂપ શ્રીઠાકોરજી મહારસરૂપ શ્રીયમુનાજી સાથે સદૈવ લીલા કરી રહ્યા છે. શ્રીયમુનાજીની રૂપસુધા માધુરીના પાન પછી જ શ્રીઠાકોરજીએ વેણુનાદથી સમગ્ર સૃષ્ટિને રસ-તરબોળ કરી. ગોપીજનો પણ વેણુનાદથી ભીંજાયાં ત્યારે જ વિશુદ્ધ અંતઃકરણવાળા બનતાં શ્રીઠાકોરજી સાથે રાસ કરવા અધિકારી બન્યાં ને ! માટે જ શ્રીયમુનાજી રાસરાસેશ્વરીનું બિરૂદ પામ્યાં. ચતુર્ભુજદાસ કહે છે કે :

**'કરત ગુંજાર મુરલી જુ લે સાંવરો,**
**સૂનત બ્રજબધૂ તન સુધ જુ ભૂલે'**

ભક્તિરસમાં ડૂબેલાની આ વ્યસન અવસ્થા શ્રીયમુનાજીની કૃપાથી જ શક્ય છે. આ પ્રેમભક્તિની અવર્ણનીય ગાથા છે. ભક્તના હૃદયમાં રસોદ્રેક કરાવવો એજ શ્રીયમુનાજીનો મુખ્ય ઉદ્દેશ છે.એક કવિ કહે છે કે :

'આનંદ અનુભવ હોત નહિ, બિના પ્રેમ જગ જાન'' જગતમાં પ્રેમ વિના જીવને કદાપિ આનંદરસની અનુભૂતિ થતી જ નથી.

**'અકથ કહાની પ્રેમકી જાનન પ્રેમી ખૂબ**
**દો તન હું જહાં એકમેં મન મિલાઈ મહબૂબ'**

પ્રેમની અવર્ણનીય કથા પ્રેમી હોય તે જ જાણી શકે, કારણકે તેમાં બંનેના તન ભલે જુદાં હોય પણ મન તો એક જ બનેલાં હોય છે. તનુનવત્વનું દાન થાય ત્યારે જ ભક્તહૃદયમાં સુધારસની હેલી ચડે છે, મતલબ કે શ્યામસલુણાની આર્તિ ભક્તમાં જાગે છે. ત્યારે જ નંદદાસજીના શબ્દોમાં :

**'ભક્ત પર કરી કૃપા શ્રીયમુને જુ એસી**
**છાંડી નિજધામ વિશ્રામ ભૂતલ કિયો**
**પ્રકટ લીલા દિખાઈ જુ તેસી.'**

ભક્ત હૃદયમાં આર્તિ જાગતાં જ શ્રીયમુનાજી તેના પર એવી કૃપા કરે છે કે



પોતાનું નિજધામ ગોલોક છોડીને ભૂતલ પર પધારી ગોલોકની ગૂઢ લીલાઓનું દર્શન કરાવે છે.

રાસલીલા કરતાં શ્રીઠાકોરજીને જે શ્રમ થયો તે શ્રમથી ઉત્પન્ન થયેલાં પ્રસ્વેદ બિંદુ એટલે 'સ્મરશ્રમજલ.' જે અમૂલ્ય જળ છે તે શ્રીયમુનાજીએ રસરૂપે નિજસ્વરૂપમાં જાળવી રાખ્યું છે. તે સ્મરશ્રમજલનું દાન નિજજનને શ્રીયમુનાજી જ કરાવી શકે છે.

પુષ્ટિભક્તિ એટલે આંતર દૃષ્ટિએ કેવળ રસમાર્ગ. શ્રી ગોકુલેશ તો કહે છે કે : 'ભક્તિમાર્ગ તો બહોત હૈ લેકિન યહ પુષ્ટિભક્તિ માર્ગ તો કેવલ રસ હી હૈ.' 'ભક્તિ એટલે દિવ્ય આત્માઓનો શ્રીઠાકોરજી સાથે અનવધિ વિલાસ' એટલે જ પુષ્ટિભક્તિનું બીજું નામ પ્રેમલક્ષણા ભક્તિ. પ્રેમ એ જ પ્રભુ. પ્રેમ પ્રભુના સ્વાદ રૂપ હોવાથી ભક્તોને પ્રેમની અનુભૂતિ કરાવવા જાતે જ પ્રભુ ભક્તો સાથે રમણ કરી ભક્તોને પોતાની રમણલીલા દ્વારા પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે. પછી તો ભક્તને 'જિત દેખો તીત દેખીએ પ્રભુ રસિયા નંદકુમાર' નાં દર્શન થાય છે. આનું મૂળ શ્રીયમુનાજીની ભક્ત પર કૃપા છે.

શ્રીયમુનાજી નિર્ગુણ ભાવવાળાં હોઈ લીલા, ગુણ અને સ્વરૂપમાં સમાન છે. 'રસો વૈ સઃ' રસસ્વરૂપ પ્રભુનો રસ-ચૈતન્ય તે જ શ્રી રાસેશ્વરી શ્રીયમુનાજી. એજ સ્વરૂપે આપ અંતરંગ ભક્તોમાં બિરાજી ભક્ત અને ભગવાન ઉભયને સમરસ બનાવી અદ્વૈત બનાવી ભક્તને દિવ્ય બનાવે છે. એટલે ભક્તનું રોમરોમ આપના દિવ્ય પ્રેમરસમાં તરબોળ બની જતાં અને પ્રભુમાં આસક્ત બની જતાં પ્રેમરસમાં ડૂબી જાય છે. (વ્યસન અવસ્થા) લૌકિકમાં પણ જીવની જેમાં આસક્તિ થાય તે જ તેને (જીવને) સર્વત્ર દેખાય છે. તો પછી જીવને દૈવી આસક્તિ થતાં તો શું ન થાય ? જીવ દૈવી બનતાં અલૌકિક પ્રેમરસ સાગરનો ભોક્તા બને છે એટલે લૌકિક જગત તો તેને ખારું લૂણ જેવું કે ઝેર જેવું લાગે છે.

રસ પુંજ-કુજેશ્વરી શ્રીયમુનાજીના આ ૧૦૮ પદોમાં શ્રીયમુનાજીની અનંત શક્તિની રસગાથા ગૂઢ-સૂક્ષ્મરૂપે સમાયેલી છે. તેનું નિત્ય પઠન, મનન અને ચિંતન જીવને નિદિધ્યાસન અવસ્થાએ પહોંચાડી મહાકારુણિક શ્રીયમુનાજી ભક્તનેરસ સાગરમાં ભીંજવતાં ભીંજવતાં, પ્રેમરસનું આસ્વાદન કરાવતાં કરાવતાં, ભગવદીયને સંસાર સાગરમાંથી ગોલોક પહોંચાડી તેના આધિદૈવિક સ્વરૂપને પ્રાપ્ત કરાવે છે. માટે જ સ્નેહપર્ણ સ્વરૂપા, કૃપારસદાતા શ્રીયમુનાજીનાં ગુણગાન અનન્ય બની અહર્નિશ ગાયા કરવાથી નંદદાસજી કહે છે તેમ

**નંદદાસકી આસ પૂરણ કરી શ્રીયમુને**
**તા તેં ધરી ધરી ચિત્ત લાઓ.**

**દાસાનુદાસ - બાબુભાઈ નાયક**

## અષ્ટસખાઓની અને ભગવદીયોની દૃષ્ટિએ શ્રીયમુનાજી

અષ્ટસખાઓ નિકુંજના અંતરંગ દૈવી જીવો છે. શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઈજીના સંબંધમાં આવતાં તેમને સ્વસ્વરૂપની સ્મૃતિ થઈ. તેથી રસપુંજ કુંજેશ્વરી શ્રીયમુનાજીના સ્વરૂપને તેઓ ઓળખી શક્યા. તેના ફલસ્વરૂપે તેઓને શ્રીયમુનાજીનું માહાત્મ્યજ્ઞાન સ્ફૂર્યું. દૈવી જીવો તેનું ગાન કરે તે રીતે તેમણે શ્રી યમુનાજીના ગુણાનુવાદ ગાયા. **તેમણે શ્રીઠાકોરજીની જે જે રસલીલાઓનું પ્રત્યક્ષ દર્શન કર્યું તે તે તેમણે ચિત્તમાં ચિંતવી ગુણાનુવાદ સ્વરૂપે કીર્તનમાં ગાઈને તે લીલાઓને અક્ષરદેહ આપ્યો.**

શ્રીમદ્ આચાર્યચરણ અને શ્રીગુસાંઈજીની નિગૂઢ ભાવાત્મક વાણીનો સ્વપદો દ્વારા સરલ રીતે સુબોધ કરાવનારા સૂરદાસજી, નંદદાસજી, કુંભનદાસજી આદિ અષ્ટસખાઓએ અને તાદશી ભગવદીયોએ પણ શ્રીયમુનાજીના અનેક મધુર પદો રચ્યાં છે. તે પદો દ્વારા આપણે તેમની વાણીનું ગાન કરતાં કરતાં શ્રીયમુનાજીના નિગૂઢ સ્વરૂપને સમજીએ.

શ્રીયમુનાજીનું જલ એ સ્મર-શ્રમજલરૂપ છે. જે ભક્તને આ શ્રમજલરસનો અનુભવ થાય તેને શ્રીઠાકોરજી રસનું દાન કરી લીલાનાં દર્શન કરાવે છે, તેનામાં દીનતા આણે છે અને પરિણામે ભક્તના હૃદયમાં પ્રભુના સ્વરૂપ દર્શનની આર્તિ જાગે છે. આર્તિ જાગતાં પ્રભુ સ્વરૂપમાં આસક્તિ થાય છે. ભક્તની સ્વરૂપમાં આસક્તિ થતાં ભક્તની સેવા આધિદૈવિક બને છે. એટલે સેવામાં આવતા પ્રતિબંધો દૂર થાય છે પરિણામે ભક્ત વિશુદ્ધ થતાં તેને તનુનવત્વ પ્રાપ્ત થાય છે. એટલે શ્રીયમુનાજીની કૃપાથી ભક્તને ગૃહમાં જ સંયોગરસનું દાન મળે છે. અષ્ટસખાઓના પદમાં તેઓ કહે છે કે શ્રીયમુનાજી એવાં કૃપાળુ છે કે ભક્તોને લીલારસનું પ્રત્યક્ષ દાન કરવા અને તે લીલાઓનો અનુભવ કરાવવા તેઓ પોતાના ધામ-ગોલોકમાંથી ભૂતલ પર પધાર્યાં છે. જ્યારે ભક્ત લીલાઓની અનુભૂતિ કરે છે ત્યારે જ તેના હૃદયમાં તાપભાવ પ્રગટે છે. ભક્તના આ તાપભાવને શાંતશીતલ કરવા શ્રી યમુનાજી ભક્તને સ્વસુધારસનું પાન કરાવી તેની વ્યસન દશા સિદ્ધ કરે છે માટે જ સૂરદાસજી ગાય છે. :

**"ગૂઢ શ્રીયમુને બાત સોઈ અબ જાન હી"** ભગવદીયના હૃદયની ગૂઢ વાતો (સ્વરૂપ દર્શનની આર્તિ) શ્રીયમુનાજી જાણી જતાં ભક્તની વ્યસન દશા સિદ્ધ કરે છે.

અષ્ટસખાઓ કહે છે કે શ્રીયમુનાજીના નામ-સ્મરણ માત્રથી જીવને સેવામાં નડતા પ્રતિબંધો શીઘ્ર નષ્ટ થાય છે અને તેને અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે.



કુંભનદાસજી કહે છે કે :

**ઐસી મહિમા જાન ભક્તકો સુખદાન,**
**જોઈ માગો સોઈ જુ પાઉં'**

શ્રીયમુનાજી કામધેનુરૂપ હોઈ ભક્ત જેવું સુખ માગે તેવું સુખ આપવા તૈયાર છે આવો તેમનો મહિમા જણાવો. ભક્ત જ્યાં જ્યાં શ્રીયમુનાજીનું નામ-સ્મરણ કરે ત્યાં ત્યાં શ્યામસુંદરનું સુખધામ છે. શ્રીયમુનાજીનું નામ-સ્મરણ પુષ્ટિજીવોને પુષ્ટિમાર્ગમાં દઢતા કરાવે છે અને શ્રીઠાકોરજીમાં પ્રેમ જગાડે છે. શ્રીયમુના સ્નાન કે પાનથી ભક્તના હૃદયમાં પ્રભુ માટે પ્રેમ ન જાગે તો સૂરદાસજી કહે છે :

**'પ્રેમ કે સિંધુકો મરમ જાન્યો નહીં,**
**'સૂર' કહે કહા ભયો દેહ બોરે**

પ્રેમસ્વરૂપા શ્રીયમુનાજીમાં સ્નાન કર્યા છતાં પ્રેમનો મર્મ ન સમજાય તો શ્રીયમુનાજીમાં સ્નાનનો શું અર્થ ?

શ્રીયમુનાજીના ગુણોનો તો પાર નથી. છીતસ્વામી કહે છે : 'ગુણ અપાર મુખ એક કહાં લો કહિયે' કેવી રીતે એક મુખથી ગુણોનું વર્ણન કરી શકાય ? શ્રીયમુનાજી 'મુકુંદરતિવર્ધિની' છે. જે ભક્ત શ્રીયમુનાજીનાં ગુણગાન કરે છે તેને શ્રીયમુનાજી પરિપૂર્ણ રસાનુભવનું દાન કરે છે, તે જીવોના સર્વ પાપ દૂર કરે છે, તેમના વિવિધ તાપ હરે છે અને તેમને વિશુદ્ધ કરી નિજધામમાં લઈ જાય છે. માટે જ તેમને 'વૈકુંઠ-પદકી સિઢી' કહ્યાં છે.

**જેવી રીતે ૧૦૮ મણકાની માળા હાથમાં લઈ ફેરવતાં જીવનાં જીભ અને હાથ બંને ઈંદ્રિયો કામ કરે છે તેમ શ્રીયમુનાજીનાં ૧૦૮ પદનું ગાન કરવાથી, શ્રવણ કરવાથી, ચિંતન કરવાથી ચિત્તની એકાગ્રતા થતાં અંતઃકરણ શુદ્ધ થાય છે.** માટે ભક્તે શાંત ચિત્તે પ્રત્યેક પદ પર ઊંડુ ચિંતન કરી તેનું અવગાહન કરવું જેથી તેના સ્વભાવનો વિજય થાય, તેને અલૌકિક દેહની પ્રાપ્તિ થાય, અનેક સિદ્ધિઓની ઉપલબ્ધિ થાય અને ત્યારે જ તે જીવ કૃતાર્થ થયેલો ગણાય.

**વૈષ્ણવચરણરજ અભિલાષી**
**કિરણબેન શાહના ભગવદ્ સ્મરણ**

---------

## શ્રીયમુનાજી કી મહિમા મોપે વરણી ન જાઈ

'પ્રગટે પુષ્ટિ મહારસ દેન' શ્રીવલ્લભનું પ્રાગટ્ય નિજજનોનો ઉદ્ધાર કરવા તથા દૈવીજીવોને મહારસનું દાન કરવા થયું તેમ શ્રીયમુનાજીનું પ્રાગટ્ય પણ નિઃસાધન જીવોને ભગવદ્ સંબંધ કરાવવા સારૂં જ થયું છે, પરંતુ જીવો તો સ્વભાવથી અલ્પજ્ઞ અને દોષવાળા હોવાથી તેમના દોષો નાશ થયા વિના તેમને ભગવદ્સંબંધ થતો નથી. આવા જીવોને અનાયાસે ભગવદ્સંબંધ કરાવી શકે તેવાં તો એકલાં શ્રી યમુનાજી જ છે. આવાં શ્રીયમુનાજીમાં શ્રીઠાકોરજીએ પોતાનાં સર્વ ઐશ્વર્યો સંસ્થાપિત કર્યાં છે.

પ્રભુના સમાન ઐશ્વર્યવાળાં શ્રીયમુનાજીનું પ્રાગટ્ય પણ અલૌકિક છે.

**દ્રવીભૂતરસાત્મૈષા સર્વાંગીગણશ્વમામ્બુભિઃ ।**
**નારાયણસ્ય હૃદયાચ્છુધ્ધસત્ત્વ સ્વરૂપત : ।**
**પ્રાદુરાસિન્મૂલરૂપ પુષ્ટિ લીલા પ્રસિધ્ધયે ॥**

**(શ્રીહરિરાયજી)**

સૂર્યમંડળમાં શ્રીનારાયણના આનંદમય શુદ્ધ સત્ત્વરૂપ હૃદયમાંથી દ્રવીભૂત રસરૂપ શ્રમજલસરિતા શ્રીયમુનાજીનો પ્રાદુર્ભાવ થયો. તાપાત્મક રવિમંડલમાંથી કલિંદપર્વત પર પધાર્યા અને ત્યાંથી પુષ્ટિલીલાની પ્રસિદ્ધિ માટે ભૂતલ પર પ્રગટ્યાં છે. શ્રીયમુનાજી મૂળ સૂક્ષ્મ સ્વરૂપે સૂર્યમંડળમાંથી શ્રીનારાયણના આનંદાત્મક હૃદયમાં આનંદરસરૂપે બિરાજતાં હતાં. જેમ માણસના હૃદયમાં રૂધિર રસરૂપે રહી તેના આખા શરીરને પોષણ આપે છે તેમ વિશ્વમાં આનંદ રસરૂપે શ્રીનારાયણના હૃદયકમળમાં બિરાજી શ્રીયમુનાજી સર્વ વિશ્વને ચેતન આપતાં હતાં. (એકોડહં બહુસ્યામ) હું એકનો અનેક થાઉં એવી ભગવાનની ઈચ્છા થતાં આનંદસ્વરૂપ શ્રીયમુનાજી દ્રવીભૂત થઈ જળરૂપી સ્થૂલાત્મક સ્વરૂપ ધારણ કરી કલિંદગિરિ પર થઈ ભૂતલ પર પ્રગટ્યાં.

રવિમંડલ તાપાત્મક છે. તેમાં આપ રસાત્મક સ્વરૂપે વસતાં હતા. પદ્મપુરાણમાં આપનું માહાત્મ્ય જણાવ્યું છે કે વિવસ્વાન આદિત્ય આપના પિતા છે, આદિત્યનો શબ્દાર્થ સૂર્ય. આપની માતાનું નામ સંજ્ઞા. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ આદિત્ય કહેવામાં આવે છે. તેમાં જણાવેલા સર્વ કર્મોનું (યજ્ઞોનું) જે જ્ઞાન તે જ સંજ્ઞા. વેદમાં સૂચવેલા કર્મોથી જે ધર્મ ઉત્પન્ન થયો તે ધર્મરાજ કે યમરાજ અને તેમાંથી જે બ્રહ્મરસ ઉત્પન્ન થયો, પ્રગટ્યો તે જ શ્રીયમુનાજી. આમ આદિત્ય પિતા, સંજ્ઞા માતા અને ધર્મરાજ બંધુના અનુગામી તે શ્રીયમુનાજી. સૂર્યમંડલમાંથી રસસ્વરૂપા શ્રી યમુનાજીનું પ્રાગટ્ય તે તેમનું આધિદૈવિક સ્વરૂપ.

આ સ્વરૂપે જ્યારે આપ ભૂતલ પર પધારતાં હતાં ત્યારે કલિંદપર્વતે વિનંતી



કરી, 'હે સૂર્યપુત્રી ! આપ મારા ઉદરમાં પ્રવેશ કરી પછી આપ ભૂતલ પર વહો. કલિંદના ઉદરમાં પ્રવેશી આપ ભૂતલ પર પધાર્યા એટલે કલિંદ શ્રીયમુનાજીના ભૌતિક પિતા બન્યા, અને આપનું નામ કાલિંદી પ્રસિદ્ધ થયું છે. કાલિંદી ભૌતિક સ્વરૂપે ભૂતલ પર રહ્યાં છે. આ યમુનાજીનું ભૌતિક સ્વરૂપ છે.

શ્રીમદ્ ભાગવતના ૧૦-૫૮ ના ૨૦ થી ૨૨ શ્લોકમાં અર્જુન સાથેના સંવાદમાં શ્રીકાલિંદી કહે છે : 'હું સૂર્ય પિતાની પુત્રી પતિની ઈચ્છાથી તપ કરું છું, પણ પતિ તરીકે વિષ્ણુની જ ઈચ્છા કરું છું, કારણકે વિષ્ણુ ભગવાન ષડ્ગુણ સંપન્ન છે. તેમને હું 'વર' તરીકે ઈચ્છું છું. હું મન લગાવીને તપ એટલા માટે કરું છું કે મારો મનોરથ શીઘ્ર પૂર્ણ થાય'. ભગવાન જેના પતિ થાય તેની કઈ અભિલાષા અપૂર્ણ રહે ? સમર્થ પતિ હોય તો પત્નીની ઈચ્છાઓ તો પરિપૂર્ણ કરી શકે, પણ શ્રીકાલિંદી લૌકિક ભોગને નથી ઈચ્છતાં, ભક્તિ આપવાવાળા ષડ્ગુણ સંપન્ન એવા સ્વામીને વરવા ઈચ્છે છે.

**કાલિંદીતિ સમાખ્યાતા વસામિ યમુનાજલે !**
**નિર્મિતે ભવને પિત્રા યાવદચ્યુત દર્શનમ્**

(ભા. ૧-૫૮-૨૨)

જે કોઈ કિલ્લામાં રહે તેમ હું યમુનાજલમાં રહું છું. આ કાલિંદી અધિદૈવિક છે. સૂર્યનારાયણનું આધિદૈવિક રૂપ કલિંદ પર્વત છે. સૂર્યનારાયણે પ્રથમ યમરાજાને ઉત્પન્ન કર્યા. તેને લીધે તેમને જ દોષ લાગ્યો તે દૂર કરવા શ્રીયમુનાજીને ઉત્પન્ન કર્યાં. આમ બંને કાલિંદી અને શ્રીયમુનાજી પરસ્પર ઐક્ય રૂપે આધિદૈવિક, આધિભૌતિક એક સરખાં હોવાથી લૌકિકમાં બંને એક રૂપથી પ્રસિદ્ધ છે. 'મારા પિતા સૂર્યદેવે યમુના-જલમાં મારા માટે મહેલ તૈયાર કરાવ્યો છે. તેમાં ભગવાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી હું રહીશ. જ્યારે મને અચ્યુત ભગવાનના દર્શન થશે ત્યારે હું મહેલનો ત્યાગ કરી ભગવાનના ભવનમાં જઈને રહીશ, 'શ્રીકાલિંદી ભગવાનને જ વર તરીકે શા માટે સ્વીકારવા તપ કરતાં હતાં તે આપણે ઉપર જોયું કે ભગવાન ભક્તિનું દાન કરનારા ષડ્ગુણ સંપન્ન છે. પ્રભુના સંબંધથી શ્રીયમુનાજી ભક્તિ સ્વરૂપા બન્યાં.

જેમ ગંગા જ્ઞાનરૂપા છે તેમ શ્રીયમુનાજી ભક્તિરૂપા છે અને ભક્તિને પોષણ આપનારાં છે. જ્ઞાન જ્યાં સુધી ભક્તિપોષક હોય ત્યાં સુધી જ તે જ્ઞાન ઉપયોગી છે. ભક્તિ રહિત જ્ઞાન સૂકું છે. શુષ્ક જ્ઞાન વ્યર્થ છે. જ્ઞાન ભક્તિના રંગે રંગાયેલું હોય તો તે સકલ સિદ્ધિ આપનારું બને.

આવાં ભક્તિસ્વરૂપા શ્રીયમુનાજીની સ્તુતિ શ્રીમહાપ્રભુજીએ કરી. એ સમયે શ્રીમહાપ્રભુજી શ્રીગોકુલ પધાર્યા. ક્યાં બિરાજવું તે વિચારમાં આપશ્રી ખોવાઈ ગયા. વિચારમગ્ન શ્રીવલ્લભ શ્રીયમુનાજીના તટ પર શ્રીયમુનાજીના તરફ દૃષ્ટિ

કરી ઊભા રહ્યા. શ્રીયમુનાજી શ્રીવલ્લભના મનની વાત જાણી ગયાં અને તરત જ પ્રકટ થઈ શ્રીવલ્લભને શ્રીગોવિંદઘાટ ઉપર બિરાજવા આદેશ આપ્યો. આ સમયે આપશ્રીએ 'નમામિ યમુનામહમ્' કહીને શ્રીયમુનાજીની ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી. આ સ્થાને જ શ્રીવલ્લભને દૈવી જીવોના ઉદ્ધારની ચિંતા થઈ હતી તે દૂર થઈ. આમ શ્રીયમુનાજી જગતમાં પરમકૃપાળુ છે તેમ કહી શકીએ. **શ્રીહરિરાયજી કહે છે કે 'શ્રીયમુનાજી તુમ સમ ઓર ન કોઈ' ખરેખર સાર્થક છે.**

પુષ્ટિજીવોએ પણ શ્રીયમુનાજીને જ નમન કરવાનું છે અને આશ્રય પણ તેમનો જ લેવાનો છે. **ગોપિકાઓએ પ્રથમ કાત્યાયનીજીની પૂજા કરી તેમને પ્રસન્ન કર્યાં ત્યારે જ પ્રભુએ સ્વયં પધારી તેમનાં વસ્ત્રોનું હરણ કરી તેમને સર્વાત્મભાવનો અધિકાર આપ્યો.**

વસ્ત્રાહરણ એટલે માયાના આવરણને દૂર કરવું અને આત્મભાવ જગાડવો આવી કૃપાનું દાન શ્રીયમુનાજી કરે છે. હૃદયમાંથી અહંકાર અને મમત્વની નિવૃત્તિ થાય તો જ ભક્તિભાવનો ઉદય થાય અને અંતઃકરણ શુદ્ધ થાય. આ કાર્ય નિર્ગુણ ભક્તિ સ્વરૂપા શ્રીયમુનાજી કરે છે. ભક્તિ એક ફળ ચાખવાનો બગીચો છે. જેમ બગીચામાં જઈએ તો ત્યાં જુદાં જદાં ફળોનો આસ્વાદ મળે તેમ શ્રીયમુનાજીના સાંનિધ્યમાં આપણને ભક્તિરસનો આસ્વાદ મળે.

શ્રીયમુનાજીના નામ-સ્મરણનો પ્રભાવ આપણે કિશોરી બાઈની વાર્તાનું સ્મરણ કરીને જોઈશું. કિશોરીબાઈ વૈષ્ણવની પુત્રી હતાં. શ્રીગુસાંઈજીની સેવકિની હતાં. તેમને શીતળા નીકળ્યાં તેથી તેમના હાથ-પગ લૂલા થયા. **'વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપગોપીવૃત્તે, કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય'** આ શ્લોકનો પાઠ કિશોરીબાઈ અષ્ટ પ્રહર કરતાં. કિશોરીબાઈની બેન તેમને રોજ ખવડાવવા આવે પણ કલેશ ઘણો કરે. શ્રીયમુનાજીએ કિશોરીબાઈ પર કૃપા કરી જાતે રસોઈ કરી તેને મહાપ્રસાદ લેવડાવ્યો. તેનો રોગ મટી ગયો. કિશોરીબાઈને યુગલ સ્વરૂપના લીલાસહિત દર્શન થયાં. ગંગાબાઈ કહે છે.

**'ભકત પ્રતિપાલ, જંજાલ ટારે,**
**અપને રસ-રંગમેં, સંગ રાખત સદા,**
**સર્વદા જોઈ શ્રીયમુને નામ ઉચ્ચારે'**

નંદદાસજી કહે છે, **'તાર્તે શ્રીયમુને યમુને જુ ગાઓ'**

સૂરદાસજી કહે છે, **'નામ મહિમા એસી જુ જાનો'**

ખરેખર, કિશોરીબાઈની વાર્તામાં આપણે ઉપરોક્ત અષ્ટસખાઓની વાણી સાર્થક થયેલી જોઈ શકીએ છીએ.

ગુર્જરના બેટાની વહુને પણ વ્રજલીલાનાં દર્શનની ઈચ્છા થતાં તેણે



શ્રીયમુનાજીનું ભજન કર્યું હતું. કૃષ્ણદાસ ભટ્ટ પણ શ્રીયમુનાજીનું સ્વરૂપ સમજતા હતા તેથી શૌચાદિ શ્રીયમુનાપાર નૌરંગાબાદ જઈને કરતાં. **ગોવિંદસ્વામી** પણ શ્રીયમુનાજીને સાક્ષાત્ શ્રી સ્વામિનીજીના અષ્ટસિધ્ધિના દાતા જાણતાં. તેથી કદી પણ શ્રીયમુનાજીમાં પગ મૂકતા નહીં. માત્ર દર્શન કરીને દંડવત્ કરતા અને પાન કરતા.

'ભકિતવર્ધિની ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'સેવાયાં વા કથાયાં વા યસ્યાસકિત દૃઢા ભવેત્.' સૌથી પ્રથમ સેવા એ જ પરમતત્ત્વ સ્વીકારાયું છે. તેથી ભગવદ્ સેવામાં ઉપયોગી થાય એવો અલૌકિક દેહ શ્રીયમુનાજી જ આપે છે. રસિકદાસ કહે છે, 'શ્રી યમુના કરત કૃપાકો દાન' તેથી જ કહેવામાં આવ્યું છે કે

**'શ્રીયમુના, યમુના નામ ભજો.**
**'હરખત કરો આરાધન ઈનકો, ઓરકો પંથ તજો.'**

લીલાત્મક સર્વ ભક્તોના હૃદયમાં પ્રેમ સ્વરૂપે અનંત સ્વરૂપ ધારણ કરી શ્રીયમુનાજી જ બિરાજે છે. લીલાત્મક દૈવી જીવોનો પ્રભુ સાથેનો સંબંધ કરવાનું કાર્ય શ્રીયમુનાજીનું જ છે.

**ઉષ્ણકાલમાં સર્વત્ર શ્રીયમુનાજીની ટહેલ નજરે પડે છે. ફૂવારા, જલનો છિરકાવ, ખસના તેમજ સુખડના બંગલા, નૌકાવિહાર, જલવિહાર વગેરે શ્રીના સુખની ટહેલના મુખ્ય અધિષ્ઠાત્રી શ્રીયમુનાજી જ છે. સ્નાનયાત્રાના શુભદિને શ્રીયમુનાજી જ મુખ્ય મનોરથી છે. યુગલ સ્વરૂપના મનનું સ્વરૂપ શ્રીયમુનાજી છે.**

રાસ-રસ સાગર શ્રીયમુનાજીના મહિમાનું વર્ણન જીવ કરી શકવા સમર્થ નથી. શ્રીયમુનાજીનાં દર્શન કરવાં હોય, તેમની કૃપા મેળવવી હોય તો શ્રીયમુનાજીનું નામ સ્મરણ જીવે કરવું જોઈએ. શ્રીયમુનાજીના સ્વરૂપનું ચિંતન કરી તેમના જ સ્વરૂપમાં એવા તન્મય બનવું કે શ્રીયમુનાજી વિના જીવને ક્ષણ પણ ન ચાલે. આવી લેહ લાગવાથી જ શ્રીયમુનાજીની ભક્ત પર કૃપા ઉતરે છે. ગંગાબાઈ કહે છે કે 'ભક્ત હેત અવતાર ધરની' તેથી જ ભક્ત પર કૃપા કરી તનુનવત્વનું દાન કરશે જ.

પુષ્ટિજીવોનું કર્તવ્ય ચતુર્ભુજદાસજી કહે છે તે જ હોઈ શકે, **'ચિત્તમેં શ્રીયમુનાજી નિસદિન જુ રાખો.**

કિરણબેન અન. શાહ (કડી)

---------

## શ્રીયમુનાજીનું - સ્વરૂપ

દૈવી જીવોના ઉદ્ધારાર્થે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું છે. શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીના યુગલસ્વરૂપના તાપ ભાવમાંથી શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું છે. શ્રીમહાપ્રભુજીની યાદ સાથે જ શ્રીયમુનાજીની યાદ આવ્યા વિના રહેતી નથી, શ્રીયમુનાજીએ શ્રીમહાપ્રભુજીને પ્રત્યક્ષ દર્શન આપી તેમની ચિંતા દૂર કરેલી. આવાં મહારાણી શ્રીયમુનાજી શ્રીઠાકોરજીના તુર્ય પ્રિયા હોવાં છતાં આપે શ્રીકૃષ્ણનો જ રસોદ્દીપક મુકુટ-કાછનીનો શૃંગાર શા માટે ધર્યો હશે ! આપના ચિત્રજીમાં સર્વત્ર એ જ શૃંગારના દર્શન થાય છે. પુષ્ટિ સંપ્રદાયની ભાવનાની દૃષ્ટિએ આ વિષે વિસ્તારપૂર્વક વિચારીએ.

શ્રીયમુનાજીને મુકુટ-કાછનીનો શૃંગાર શ્રીસ્વામિનીજીએ જ આપેલો છે. એક વખત આનંદરસમગ્ન પ્રિયા-પ્રિયતમને વિપરીત રસ માણવાની ભાવના થતાં શ્રીઠાકોરજીએ પ્રિયાજીનો વસ્ત્ર શૃંગાર ધારણ કર્યો અને પ્રિયતમાએ શ્રીઠાકોરજીનો મુકુટ-કાછનીનો શૃંગાર ધારણ કર્યો પછી યુગલ સ્વરૂપે રમણ શરૂ કર્યું. રમણનો આનંદ માનલીલામાં ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચે છે. શ્રીસ્વામિનીજી સ્વરૂપા શ્રીઠાકોરજીએ પ્રિયતમ શ્રીસ્વામિનીજીથી માન લીધું. રિસામણાં-મનામણાંની લીલા શરું થઈ. પ્રિયતમે (શ્રીસ્વામિનીજીએ) પોતાનાં પ્રિયતમા (શ્રીઠાકોરજી) ને મનાવવા ભાતભાતની અને જાતજાતની રમણલીલા શરૂ કરી. કેલીનો આનંદ લેવા વિનવ્યાં. પણ પ્રિયતમા (શ્રી ઠાકોરજી) ન માન્યાં. પ્રિયતમાને (શ્રી ઠાકોરજીને) મનાવતાં મનાવતાં પ્રિયતમ (શ્રીસ્વામિનીજી) થાકી ગયાં. શ્રીસ્વામિનીજી પ્રિયતમા તરીકે જ્યારે માન કરતાં ત્યારે શ્રીઠાકોરજી યુક્તિથી એવો રતિભાવ બતાવતા કે શ્રીસ્વામિનીજી મનાઈ જતાં માટે જ શ્રીઠાકોરજી માટે ''પ્રેમ પર્યંક'' કીર્તનમાં ગવાયું છે કે શ્રીઠાકોરજી તો ''માનિની માન હરણ'' છે. ભલભલી માનિનીઓનાં માનને પણ ક્ષણમાં દૂર કરવાની પ્રિયતમામાં કુશાગ્ર બુદ્ધિ છે. માનિનીને મનાવવાની શક્તિ શ્રીસ્વામિનીજીમાં ન રહી ત્યારે હારી-થાકી તેમણે શ્રીયમુનાજીને પધારવા વિનંતી કરી. શ્રીયમુનાજી પધાર્યા ત્યારે શ્રીસ્વામિનીજીએ તેમને કહ્યું કે, આપણા ઠાકોરજીએ માન કર્યું છે. મેં માન છોડાવવા અનેક પ્રયત્ન કર્યા પણ બધા નિષ્ફળ ગયા છે. તેથી મેં આપને બોલાવ્યાં છે. આપ મારો (શ્રીઠાકોરજીનો) શૃંગાર ધારણ કરી આપણા પ્રિયતમને મનાવો. એમ કહી પોતે ધારણ કરેલો શ્રીઠાકોરજીનો મકુટકાછનીનો શૃંગાર શ્રીયમુનાજીને ધરવા આપ્યો. મુકુટ કાછનીનો વસ્ત્ર-શૃંગાર ધારણ કરી શ્રીયમુનાજી શ્રીઠાકોરજી બન્યા. પછી પ્રિયતમા (શ્રીઠાકોરજી) ને મનાવવા શ્રી ઠાકોરજી (શ્રીયમુનાજી) પ્રિયતમા પાસે ગયા. શ્રીયમુનાજીને જોઈ શ્રીઠાકોરજી



મલકાઈ ઊઠ્યાં. પછી શ્રીસ્વામિનીજી પાસે જઈ કહ્યું, મેં તમારી સાથે માન નથી કર્યું.' યુગલ સ્વરૂપ હસી પડ્યાં. એક મેક ને આલિંગન આપી રસમગ્ન બન્યા ત્યાં આમ પ્રિયા-પ્રિયતમે વિપરીત શૃંગાર ધારણ કર્યો.

**પ્રિયતમા (શ્રીઠાકોરજી) મનાઈ ગયા. અને ઉભય સ્વરૂપે શ્રીયમુનાજીને આજ્ઞા કરી કે, 'આપ આ મુકુટ-કાછનીનો શૃંગાર કાયમ ધરો.' ત્યારથી શ્રીયમુનાજી મુકુટ કાછનીનો શૃંગાર કાયમ માટે ધારણ કરે છે.**

શ્રી યમુનાજી મુકુટ-કાછનીનો શૃંગાર ધારણ કરે છે તેનો એક બીજો ભાવ પણ વિચારીએ.

અંતરંગ ભક્તો શ્રીકૃષ્ણ સ્વરૂપની ઝાંખી માટે ખૂબ આર્તિ કરે છે. આર્તિના ભાવમાં ભક્તોમાં સ્વરૂપ દર્શનની એવી તીવ્ર લાગણી પ્રગટે છે કે તેમને પ્રભુ સ્વરૂપ દર્શનની ઝાંખી નહીં થાય તો હમણાં જ તેમના પ્રાણ છૂટી જશે. આવે વખતે ભક્તવશ શ્રીયમુનાજી તેમને મુકુટ-કાછનીના શૃંગારમાં 'હું ઠાકોરજી છું' તેવું દર્શન કરાવી આશ્વાસન આપવા અને વિરહી ભક્તોની દશમી અવસ્થા (મૂળ અવસ્થા) પ્રાપ્ત ન થાય તે માટે કૃષ્ણના વેશનું પરિધાન કરી તેમને શાંતિ આપે છે. શ્રીકૃષ્ણ ઘનશ્યામ છે તેમ શ્રીયમુનાજી પણ ઘનશ્યામ છે.

શ્રીયમુનાજીનાં ભિન્ન-ભિન્ન નામ પરિધાન છે. કૃષ્ણ, કૃષ્ણરૂપા, કૃષ્ણસમા, કૃષ્ણરસાત્મિકા વગેરે. આથી મુકુટ-કાછનીના વેશમાં તેઓ શ્રીકૃષ્ણની રૂપતાને સિદ્ધ કરે છે. આથી શ્રીકૃષ્ણના શૃંગારને ધારણ કરવાની ભાવના પુષ્ટ થાય છે. ''શ્રીયમુનાષ્ટક''માં શ્રીમહાપ્રભુજી એટલા માટે 'સ્મરપિતુઃ શ્રિયંબિભ્રતીમ્' લખે છે એટલે શ્રીયમુનાજી તો 'કામદેવના' પિતાની શોભાને ધારણ કરવા વાળાં છે. શ્રીકૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન એ 'કામદેવનો અવતાર છે. એટલે શ્રીયમુનાજી પ્રદ્યુમ્નના પિતા શ્રીકૃષ્ણની શોભા વધારનારાં છે આથી સાક્ષાત્ મન્મથના મન્મથ શ્રીકૃષ્ણ રસોદ્દીપન શૃંગારરૂપ શોભાની પુષ્ટિ થાય છે.

- કિરણબેન એન. શાહ (કડી)

----------

## ભક્ત પર કરિ કૃપા શ્રીયમુને જુ એસી
## છાંડિ નિજધામ, વિશ્રામ ભૂતલ કિયો

અંતરંગ ભક્તો માટે શ્રીયમુનાજીનો ગાઢ સ્નેહ કેવો છે તે તો જુઓ ! એક સમયે શ્રીયમુનાજી અને અન્ય સખીજનો શ્રીયમુના નિકુંજમાં શ્રીઠાકોરજીની વિવિધ પ્રકારે સેવા કરી રહ્યાં હતાં. સેવાથી પ્રસન્નચિત્ત શ્રીઠાકોરજીને શ્રીયમુનાજીએ સ્વભક્તોનો મનોરથ પરિપૂર્ણ કરવા રાસ-રમણ માટે વિનંતિ કરી. શ્રીઠાકોરજીએ તરત જ તેનો સ્વીકાર કર્યો. રાસ-રમણ શરૂ થતાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો હતો.

શ્રીસ્વામિનીજીને આ રાસ-રમણની જાણ થતાં મારા વિના શ્રીઠાકોરજી શ્રીયમુના નિકુંજમાં રાસ-રમણ કોની સાથે કરી રહ્યાં છે એ જોવા તત્કાળ ક્રોધાવેશમાં શ્રીસ્વામિનીજી શ્રીયમુના નિકુંજમાં પધારવા તૈયાર થયાં. અંતર્યામી શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીના ભાવને જાણી રાસ-રમણ કરી રહેલા સર્વભક્તોને શ્રીસ્વામિનીજીના ક્રોધથી બચાવવા માલારૂપે આપના શ્રીકંઠમાં ધારણ કરી લીધા. અને શ્રીયમુનાજી જલ પ્રવાહે વહેવા લાગ્યાં. કોપાયમાન શ્રીસ્વામીનીજીએ શ્રીયમુના નિકુંજમાં પધારી શ્રીઠાકોરજીને સીધો જ પ્રશ્ન કર્યો 'પ્રાણનાથ ! આપે મારા વિના આ નિકુંજમાં કોની સાથે રાસ કર્યો ?' શ્રીઠાકોરજીએ વિવેકપૂર્વક જવાબ આપ્યો, 'વહાલાં સ્વામિનીજી ! આ નિકુંજમાં આપને કોઈ દેખાય છે કે હું રાસ કરું ? આ તો આપનો એક ભ્રમ છે. આપના વિના મારાથી રાસ થાય ખરો ? ક્રોધિત શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીના કંઠમાં નૂતન માલા જોઈ. શંકા જતાં તે ખેંચી એટલે માળા તૂટી. તેમાં રહેલા પુષ્પોરૂપી ભક્તો ભૂતલ પર પડવા લાગ્યા. પડતી વખતે વિહ્વરતા ભક્તોની ચિત્તવૃત્તિ તો શ્રીયમુનાજીમાં જ હતી. આ ભક્તોના વિરહ દુઃખથી આર્ત બની શ્રીયમુનાજી આ ભક્તોના ઉધ્ધાર માટે તેમની પાછળજ જલપ્રવાહ રૂપે ભૂતલ પર પધાર્યા. શ્રીયમુનાજીની આ લીલાથી શ્રી ઠાકોરજી અને શ્રીસ્વામિનીજી બંને મૂર્છિત બન્યાં. આ સમયે શ્રીયમુનાજી ગોલોકમાં રોકાયા વગર અંતરંગ ભક્તોનાં ઉદ્વાર માટે ભૂતલ પર પધાર્યાં. ભક્તોને તેમના ઉધ્ધારની ખાત્રી કરાવવા પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ભક્તો માટે શ્રીયમુનાજીનો કેવો અગાધ પુનિત પ્રેમ !

**આ પ્રેમની પ્રતીક્ષા ભક્તોએ કેવી રીતે કરી તે અને શ્રીયમુનાજીએ તે ભક્તોમાં વ્યસનાત્મક સ્નેહ પ્રગટાવી, તેમને સુધા રસનું દાન કરી ભૂતલ પર જ મૂળલીલાનો સાક્ષાત અનુભવ કેવી રીતે કરાવ્યો તે આપણે વાર્તા પ્રસંગો પરથી જોઈશું.**



(૧) શ્રીગુસાંઈજીના સેવક એક સનાઢ્ય બ્રાહ્મણે આપશ્રીને વિનંતી કરી 'કૃપાનાથ ! કૃપા કરી મને શ્રીયમુનાજીનું સ્વરૂપ સમજાવો.' ત્યારે આપશ્રીએ તેની દીનતા જોઈ તે જ સમયે 'યમુનાષ્ટપદી' રચી અને તેને આપી અને આજ્ઞા કરી કે, : 'તું આનો પાઠ રોજ કરજે.શ્રીગુસાંઈજીએ 'યમુનાષ્ટપદી' નો ભાવ પ્રગટ કરીને સવિસ્તાર કહ્યો. પછી તો આ બ્રાહ્મણ શ્રીયમુનાજીના સ્વરૂપમાં મગ્ન થઈ ગયો.

શ્રીગુસાંઈજીએ બ્રાહ્મણને શ્રીયમુનાજીની રેણુકા એક થેલીમાં આપીને કહ્યું ''તું આની સારી રીતે સેવા કરજે.'' તે દિવસથી એ બ્રાહ્મણ શ્રીયમુનાજીને સ્વરૂપાત્મક જાણવા લાગ્યો.

આ બ્રાહ્મણ શ્રીયમુનાજીને અપરસમાં સ્પર્શ કરતો. પાન પણ અપરસમાં કરે. શ્રીયમુનાજીમાં પગ પણ ન મૂકતો. બધું કાર્ય કૂવાના જળથી કરતો. મથુરાના વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીના બાળકોને તેની પરીક્ષા લેવા કહ્યું. શ્રી ગિરિધરજીએ ના પાડી પણ, બીજા બાળકો ભેગાં થઈને તે બ્રાહ્મણને નાવમાં બેસાડી વચમાં બેટ હતો ત્યાં જઈ બિરાજ્યા. બાળકોએ નાવવાળાને કહ્યું, કે 'અમે તને સામે પાર બોલાવીએ ત્યારે આવજે.'

આમ કરતાં પહોર દિવસ રહ્યો ત્યારે બ્રાહ્મણે વિનંતી કરી કે, 'મહારાજ ! મારો નાહવાનો સમય થઈ ગયો છે, નાવ મંગાવો.' પછી નાવ મંગાવી બધાં બાળકો નાવમાં બેઠાં. પેલાં બ્રાહ્મણને કહ્યું કે, તું બેટમાં બેસ. અમે કહીએ ત્યારે તું નાવમાં આવજે.' એટલે એ તો બેટમાં બેસી રહ્યો. આ બધા તો નાવ હંકારી પાર આવ્યા. ત્યારે ખૂબ જ ચિંતા અને આર્તિથી તે બ્રાહ્મણ આકુળવ્યાકુળ થવા લાગ્યો. એટલામાં ત્યાં કમળો પ્રગટ થયાં. શ્રીયમુનાજીએ એને દર્શન આપી કહ્યું, 'તું આ કમળો પર બેસી સામે પાર જા' ત્યારે એ રીતે તે સામે પાર આવ્યો. બધાં બાળકો આ જોઈને તેની સરાહના કરવા લાગ્યાં. શ્રીગિરિધરજીએ કહ્યું કે, આ બ્રાહ્મણને 'શ્રીયમુનાષ્ટપદી' ફલિત થઈ.'

**(૨) શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક પરમાનંદદાસજીના** કીર્તન સાંભળવા (ક્ષત્રીકપુર જલધરીયા) શ્રીયમુનાજીના જલમાં તરીને આવતા. પરમાનંદસ્વામીના કીર્તન જલધરીયાની ગોદમાં શ્રીનવનીત પ્રિયજી બિરાજીને સાંભળી રહ્યાં છે. આવાં દર્શન પરમાનંદદાસને થયાં. તેમને હવે શ્રીમહાપ્રભુજીના સેવક થવાની લગની લાગી, શ્રીવલ્લભે કહ્યું. 'પરમાનંદદાસ ! બાલલીલાનાં પદ ગાઓ.' પરમાનંદદાસે કહ્યું, 'કૃપાનાથ ! હું તો બાલલીલામાં કંઈ સમજતો નથી.' શ્રીવલ્લભે તેમને આજ્ઞા કરી, 'તમે શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો અમે તમને સમજાવી દઈશું.' આપશ્રીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું પછી બાલલીલાનાં પદ તેમણે ગાયાં.

ગોકુલમાં છોંકરવૃક્ષની નીચે શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને 'શ્રીયમુનાષ્ટક' નો પાઠ શીખવ્યો ત્યારે પરમાનંદદાસના હૃદયમાં શ્રીયમુનાજીનું સ્વરૂપ સ્ફૂર્યું એટલે તેમણે શ્રીયમુનાજીનાં યશનું વર્ણન કર્યું.

❒ **શ્રીયમુનાજી યહ પ્રસાદ હોં પાઉં.**

❒ **શ્રીયમુનાજી દીન જાનિ મોહિ દીજે.**

❒ **કાલિંદી કલ્મષ હરની.**

આવાં અનેક પદ પરમાનંદદાસે શ્રીવલ્લભ આગળ શ્રીયમુનાજી તટ ઉપર ગાયાં. ત્યારે શ્રીવલ્લભે પ્રસન્ન થઈ તેમને બાલલીલાનાં દર્શન કરાવ્યાં. તેથી બાલલીલા વિશિષ્ટ પરમાનંદદાસને એવાં દર્શન થયાં કે 'વ્રજભક્ત જાણે શ્રીયમુનાજલ ભરે છે.' પછીથી પરમાનંદદાસે લીલાનાં એવાં જ પદ શ્રીવલ્લભ આગળ ગાયાં. તે પદ જોઈએ.

'શ્રીયમુનાજલ ઘટ ભરી લે ચલી ચંદ્રાવલિ નારિ.'

આમ પરમાનંદદાસ ઉપર શ્રીયમુનાજીની કૃપા ઉતરી. પુષ્ટિમાર્ગના સાગર તરીકે આપણે પરમાનંદદાસને નવાજીએ છીએ.

(૩) **શ્રીમહાપ્રભુજીના સેવક જીવણદાસ ક્ષત્રી**ને વેપારીએ કેદખાનામાં પૂર્યા, જળ વિના તેમનો કંઠ સૂકાવા લાગ્યો. તેમણે કહ્યું, 'મને શ્રીયમુનાસ્નાન કરાવો. કારણ મેં વૈષ્ણવો પાસેથી સાંભળ્યું છે કે શ્રીયમુનામાં સ્નાન, પાન કરવાથી બધું દુઃખ જાય છે.' શ્રીવલ્લભની આજ્ઞાથી વૈષ્ણવે તેમને કેદખાનામાંથી છોડાવ્યા તેમણે કહ્યું, હમણાં મેં શ્રીયમુનાજીમાં સ્નાન કર્યું અને મારું લૌકિક દુઃખ ગયું અને નૂતન શરીર પ્રાપ્ત થયું.'

(૪) **શ્રીમહાપ્રભુજીના સેવક નારાયણદાસ બ્રહ્મચારી** શ્રીયમુનાજીના કાંઠે બેસી રહે, ખાવાનું કપડાનું ભાન નહીં. તેમના મોટાભાઈ તેમને હાથ પકડી ઘેર લઈ આવે. પાછા ફરી તેઓ યમુના તીરે ચાલ્યા જાય. નારાયણદાસ તો મસ્ત બનીને શ્રીયમુનાજીના સ્વરૂપનું ધ્યાન કર્યા કરે. એક રાતે નારાયણદાસને શ્રીયમુનાજીની આજ્ઞા થઈ. 'નારાયણદાસ, નિરાવરણ ન બેસો. મને લજ્જા આવે છે. વસ્ત્ર પહેરો.'

આ આજ્ઞા મુજબ નારાયણદાસ ઘેર ગયા. ભાઈ પાસે વસ્ત્ર માગ્યું. પછી તેઓ શ્રીવલ્લભના શરણે ગયા. આપશ્રીએ તેમને નામ નિવેદન કરાવ્યું. પછી તેમણે આપશ્રીને પૂછયું : મારું શું કર્તવ્ય છે ?'' ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી : ''શ્રીયમુનાજીનું સેવન કરો તેથી તમારું કાર્ય સિધ્ધ થશે.''

ખરેખર ! તેમના પર શ્રીયમુનાજીની કૃપા ઉતરી. શ્રીઠાકોરજીના સ્વરૂપનું તેમને જ્ઞાન થયું. દ્રવ્યને તેઓ વિષ્ટાવત્ ગણતા. તેમણે મરણપર્યંત પ્રભુના સુખનો જ વિચાર કર્યો હતો.



(૫) **ગુર્જર જાતિના એક વ્રજવાસીની પુત્રવધૂ પર પણ શ્રીયમુનાજીની કેવી કૃપા ઉતરી હતી. તે જોઈએ.**

આ વ્રજવાસીની ભેંસ ખોવાઈ ગઈ.આ વ્રજવાસીની પત્નીએ વિચાર્યું કે, 'વહુના પગલાં સારાં નથી તેથી ભેંસ ખોવાઈ ગઈ.' વહુએ આ સાંભળ્યું. વહુએ દેવદમનને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ ! મારા પર કૃપા કરો. ભેંસ જડશે તો આપને હું માખણ આરોગાવીશ.' શ્રીગોવર્ધનનાથજીએ તેની પ્રાર્થના સાંભળી. ભેંસ જડી ગઈ. શ્રી હરિરાયજી ભાવ પ્રકાશમાં આ પ્રસંગ સમજાવે છે કે આ વહુ પર કેમ કૃપા થઈ ?

સારસ્વતકલ્પમાં તે દ્વારકા-લીલામાં શ્રીરૂકિમણીજીની સેવામાં હતી. રૂકિમણીજીની અંતરંગ સખી વિમલાની એ સખી હતી. નામ હતું પરમેસુરી. એક દિવસ શ્રીદ્વારકાધીશ પ્રભુ રૂકિમણીજી સાથે વ્રજલીલાની વાતો કરતા હતા ત્યાં એ જઈ ચઢી. વ્રજલીલાનું સુખ લેવાની તેને ઈચ્છા થઈ. તે દિવસથી તે ઉદાસ રહેવા લાગી. ખાવાપીવાનું ભાવે નહીં. શ્રીદ્વારકાધીશે તેને કહ્યું, 'તું શ્રીયમુનાજીનુ ભજન કર, સ્મરણ કર, શ્રીયમુનાજી વ્રજ લીલાના અધિષ્ઠાત્રી છે એમની કૃપાથી જ સૌને વ્રજલીલાનું સુખ મળે છે એમની તારા પર કૃપા થશે.'

કેટલોક સમય એણે શ્રી યમુનાજીનું ભજન, સ્મરણ કર્યું. શ્રીયમુનાજી પ્રસન્ન થયાં. એણે માંગ્યું, 'મને વ્રજલીલાનું સુખ આપો' શ્રીયમુનાજીએ આજ્ઞા આપી, 'તથાસ્તુ'. શ્રીયમુનાજીની કૃપાથી શ્રીગોવર્ધનનાથજી તેને નિત્ય સુખ આપવા લાગ્યા.

(૬) **શ્રીમહાપ્રભુજીનાં સેવક ગજ્જનધાવન અને જીયદાસસૂરી** બંને શ્રીયમુનાજીના કિનારે મળતા અને પ્રભુસ્મરણ કરતા.

(૭) **પરમકૃપાપાત્ર ગોવિંદસ્વામી**ને શ્રીયમુનાજીના પુષ્ટિ આધિદૈવિક સ્વરૂપનો સાક્ષાત્કાર થતો હતો. તેથી તેમણે એવો આગ્રહ રાખેલો કે હું શ્રીયમુનાજીમાં કદી સ્નાન નહીં કરું તથા પગ પણ નહીં મૂકું.

એક દિવસ શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજીએ એમના ટેકની કસોટી કરવા માટે યુક્તિ રચી. આપશ્રીએ આજ્ઞા કરી. 'ગોવિંદદાસ, અમારી સાથે ચાલો.'

ગોવિંદસ્વામી આપશ્રીની સાથે ચાલ્યા. રસ્તામાં ભગવદ્ વાર્તાના પ્રસંગોનું સ્મરણ કરતા શ્રીયમુનાજી પાસે આવી પહોંચ્યા. જ્યાં હાથ પકડીને જલમાં લઈ જવા માંડ્યા, ત્યાં જ ગોવિંદસ્વામી સાવધાન થઈ ગયા. પાછા ફરી ગયા અને બોલ્યા.

'કૃપાનાથ ! આપ તો જાણો જ છો કે આ તો સાક્ષાત પ્રિયાજી છે. મારા આ લૌકિક દેહનો પગ, હીન અંગોનો સ્પર્શ એમને કેમ થાય ! આપ કૃપાદૃષ્ટિ રાખો.

મને છોડો.'

તેથી જ સૂરદાસજી કહે છે.

**'પ્રેમ કે સિંધુકો મરમ જાન્યો નહીં.**

**'સૂર' કહે કહા ભયો દેહ બોરે'**

(૮) **શ્રીગુસાંઈજીની સેવકિની કિશોરબાઈને** શીતળા નીકળ્યા. તેમના હાથપગ લુલા થઈ ગયા. આવી સ્થિતિમાં પણ શ્રી યમુનાજીનું સ્મરણ કર્યા જ કરે, 'વિશુદ્ધ મથુરા તટે સકલગોપ ગોપીવૃત્તે, કૃપાજલધિ સંશ્રિતે મમ મનઃ સુખં ભાવય.' આ શ્લોકનો પાઠ અષ્ટપ્રહર કર્યા કરે. શ્રીયમુનાજીની કૃપા ઉતરી. શ્રીયમુનાજીએ જાતે જ રસોઈ કરી તેને મહાપ્રસાદ લેવડાવ્યો. તેનો રોગ મટી ગયો. કિશોરબાઈને યુગલ સ્વરૂપનાં દર્શન લીલા સહિત થયાં.

ઉપરનાં વાર્તા પ્રસંગો શ્રીયમુનાજીની ભક્તો પરની અસીમ કૃપા બતાવે છે અને ભક્તોનો શ્રી યમુનાજી પરનો અસીમ પ્રેમ બતાવે છે.

જેમ દીપક તેલ વગર બળે નહીં તેમ આ ભક્તો શ્રીયમુનાજી વિના રહી શકતા નથી. હોકાયંત્રની સોય ઉત્તરધ્રુવ તરફ રહે તો વહાણને ભૂલા પડવાનો સંભવ રહે જ નહી, તેમ ભક્ત પણ જો પોતાનું ચિત્ત અષ્ટપ્રહર શ્રીયમુનાજીમાં રાખે તો તેને સંસારમાં પડવાનો ભય ન રહે. જેમ બાર વાગે કલાકના કાંટાનું અને મિનીટના કાંટાનું ઐક્ય થાય છે. તેમ જો ભક્તનું ચિત્ત અહર્નિશ શ્રીયમુનાજીમાં જ રહે તો ભક્તનું ઐકય શ્રીયમુનાજી સાથે સંધાશે.

## ઋણ સ્વીકાર

શ્રીબાબુભાઈ નાયક તથા કિરણબેન શાહ - પુષ્ટિમાર્ગીય લેખકોના નામથી કોણ અજાણ હોઈ શકે !

સંપ્રદાયના વિવિધ માસિકોમાં લેખ-લેખતા, બંને લેખકોના સંયુક્ત પ્રથમ પ્રયાસ રૂપે 'નેહકારણ શ્રીયમુને પ્રથમ આઈ' પુસ્તિકા તૈયાર થયેલ. ત્યાર પછી નિત્ય કે પદ (કીર્તનસુધા) અને શ્રીમહાપ્રભુજી અને તેમનાં વંશજો (અંગ્રેજીમાં) પ્રગટ કરેલ.

આજે પૂ. બાબુભાઈ નાયક આપણા વચ્ચે નથી પણ તેમની ખોટ તેમના અનુગામી-સહલેખિકા પ.ભ. કિરણબેન શાહ સંપ્રદાયને પૂરી કરી રહ્યા છે.

આ પુસ્તિકાની દ્દ્વી આવૃત્તિએ બંને ભગવદીઓનું નતમસ્તકે ઋણ સ્વીકાર કરુ છું.

શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર — જિતેન્દ્ર ર. પરીખ ના

૧૨-૧૨-૨૦૦૪ — સદૈન્ય જયશ્રીકૃષ્ણ



## શ્રીયમુનાષ્ટક પરની વિવિધ ટીકાઓમાંથી આચમન

**(શ્રીગુસાંઈજી કૃત વિવૃત્તિ, શ્રીહરિરાયચરણકૃત ટિપ્પણ, શ્રી પુરુષોત્તમજીકૃત વિવૃત્તિ, શ્રી દ્વારકેશજી કૃત અન્વયબોધિની તથા શ્રી શ્યામમનમોહરજી કૃત હિન્દી ભાવાર્થ - માંથી)**

સંકલન : ભાઈલાલભાઈ શં. શેઠ. (મોડાસા)

શ્રીયમુનાજીના શ્યામજલના દર્શનમાત્રથી શ્યામસુંદર શ્રીઠાકોરજીનું સ્મરણ થાય છે.

શ્રીયમુનાજીની કૃપા થવાથી જ ભગવત્કૃપા થાય છે.

શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી તત્વતઃ એક જ છે.

શ્રીયમુનાજીના સ્વરૂપ એવં માહાત્મ્યથી અનભિજ્ઞ, સાધનરહિત તેમજ ભાવરહિત જીવ પણ જો કેવળ પિપાસાશાંતિના અર્થે શ્રીયમુનાજળનું પાન કરે તો પણ યમ-યાતનામાંથી મુક્તિ મળે છે.

ભગવાન શ્રીહરિ (મુકુન્દ) સાધારણતઃ પોતાના ભક્તોને મોક્ષ આપે છે, પરંતુ શ્રીયમુનાષ્ટકના આ સ્તોત્રરૂપી પાઠથી પ્રસન્ન થઈ ભક્તોને ભક્તિનું દાન કરે છે, આ સ્તોત્રથી, પાઠથી શ્રીઠાકોરજીનો સ્વભાવ પણ બદલાઈ જાય છે અને પોતાની પરમ દુર્લભ સ્નેહાત્મિકા ભક્તિનું દાન કરે છે.

શ્રીયમુનાષ્ટકના પાઠથી જીવની વાસનાઓ નિવૃત્ત થઈ દુષ્ટ સ્વભાવ પણ ઉત્તમ સ્વભાવમાં પરિવર્તિત થઈ જાય છે. જીવની કર્મવાસનાઓથી પુનઃ ઉત્પત્તિ પણ સ્થગિત થઈ જાય છે.

શ્રીયમુનાષ્ટકના પાઠથી શ્રીહરિ સંતુષ્ટ થઈ ભગવદ્લીલા મધ્યપાતી જીવ પર શ્રીસ્વામિનીજી પણ પ્રસન્ન થાય છે.

## ❊ શ્રીયમુનાજીનું સ્વરૂપ, ષડ્ગુણ અને અષ્ટવિધ ઐશ્વર્ય ❊

## વ્રજમાં ચાર પ્રકારના શ્રીસ્વામિનીજીઓ છે.

(૧) મુખ્ય શ્રીસ્વામિનીજી શ્રી વૃષભાનુજા (૨) સર્વાત્મભાવવાળા પ્રૌઢા - વિવાહિત શ્રુતિરૂપા જેમને અન્યપૂર્વા કહેવામાં આવે છે. (૩) કુમારિકાઓ - અવિવાહિતા ઋષિરૂપા જે અનન્યપૂર્વા કહેવાય છે તથા (૪) શ્રીયમુનાજી.

મુખ્ય શ્રી સ્વામિનીજીના યૂથના ગોપીજનો તામસી, શ્રીચંદ્રાવલીજીના યૂથના રાજસી, કુમારિકાના યૂથના સાત્વિકી અને શ્રીયમુનાજીના યૂથના નિર્ગુણ અથવા ગુણાતીત છે. આ પ્રમાણે ચાર યૂથાધિપતિઓ પૈકીના શ્રીયમુનાજી એક હોવાથી ચતુર્થપ્રિયા કહેવામાં આવે છે.

શ્રીયમુનાજી વ્રજલીલામાં ચતુર્થપ્રિયા છે અને કાલિંદીજી દ્વારકાલીલામાં ભગવાનની ચતુર્થ પટરાણી છે. શ્રીયમુનાજી અને કાલિંદીજી જુદા છે. (જુઓ શ્રીમદ્ ભાગવત : ૧૦-૫૮-૨૦)

શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીના તત્ત્વતઃ બંને એક જ છે. રૂપ ગુણ અને ધર્મમાં ઉભય સમાનતા છે. આ છ ગુણો - ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - નું વર્ણન શ્રીમહાપ્રભુજી ''શ્રીયમુનાષ્ટક'' ના ચોથા શ્લોકમાં નીચે પ્રમાણે દર્શાવે છે.

(૧) **ઐશ્વર્ય :** ભગવાનની જેમ શ્રીયમુનાજી પણ અનંતગુણભૂષિત છે. ભગવદ્ગુણોની ગણના જેમ અશક્ય છે તેમ શ્રીયમુનાજીના ગુણોની ગણના પણ અશક્ય છે. **''અનંતગુણભૂષિતે''** આ વિશેષણ દ્વારા શ્રીયમુનાજીનું ઐશ્વર્ય દર્શાવે છે.

(૨) **વીર્ય :** ભગવાનના વીર્ય ગુણની, જેમ મહાદેવજી, બ્રહ્માજી આદિ દેવો સ્તુતિ કરે છે તેમ આ દેવો શ્રીયમુનાજીની પણ સ્તુતિ કરે છે. **''શિવવિરંચિ દેવસ્તુતે''** દ્વારા શ્રીયમુનાજીના વીર્ય ગુણને શ્રીમહાપ્રભુજી દર્શાવે છે.

(૩) **યશ :** ધ્રુવ પરાશર જેવા તપસ્વિઓની અભિલાષા શ્રીયમુનાજીના તટ પર પૂર્ણ થઈ છે. તેઓને ફલદાન કરવાનો યશ શ્રીયમુનાજીને મળે છે. **''ધ્રુવપરાશરાભીષ્ટદે''** આ વિશેષણ દ્વારા શ્રીયમુનાજીનો યશ ધર્મ શ્રી મહાપ્રભુજી દર્શાવે છે.

(૪) **શ્રી :** શ્રી યમુનાજીના તટ પર ગોપીવૃંદથી આવૃત્ત શ્રીઠાકોરજીની શોભા - શ્રીનું વર્ણન શ્રીમદ્ ભાગવતમાં છે. આમ ગોપિકાઓથી આવૃત્ત શ્રીયમુનાજીની શોભા પણ ભગવાનના શ્રીગુણ સમાન છે. આથી **''સકલગોપગોપીવૃતે''** વિશેષણ દ્વારા શ્રીયમુનાજીના શ્રીગુણનું વર્ણન શ્રીમહાપ્રભુજી કરે છે.

(૫) **જ્ઞાન :** ભગવદ્ સાનિધ્યથી શ્રીયમુનાજીના તટ પર સ્થિત મથુરાનગરી વિશુદ્ધ છે. મથુરાનગરીની વિશુદ્ધતા ભગવાન તથા શ્રીયમુનાજીના જ્ઞાનરૂપ ગુણના પ્રભાવથી છે. આથી **''વિશુદ્ધમથુરાતટે''** વિશેષણથી શ્રીયમુનાજીના જ્ઞાનગુણનું સૂચન અભિપ્રેત છે.

(૬) **વૈરાગ્ય :** શ્રીયમુનાજી ભક્તોના માનાદિ દોષોને દૂર કરી, ભક્ત અને ભગવાનના પરસ્પર સ્નેહની વૃદ્ધિ કરે છે તથા વિરહતાપ દૂર કરે છે. **''કૃપાજલધિસંશ્રિતે''** વિશેષણથી શ્રીયમુનાજીની કૃપાશીલતા તથા વૈરાગ્ય ગુણનું સૂચન અભિપ્રેત છે.



**શ્રીયમુનાજીમાં અષ્ટવિધ આધિદૈવિક ઐશ્વર્યો નીચે પ્રમાણે છે.**

(૧) સાક્ષાત ભગવદ્ સેવાઉપયોગી દેહ, ભગવદ્લીલાનું અવલોકન રસાનુભવ, સર્વાત્મભાવ વગેરે પુષ્ટિમાર્ગીય સકલ સિધ્ધિઓનું શ્રીયમુનાજી દાન કરનારા છે.

(૨) શ્રીયમુનાજી ભગવાનમાં ભક્તનો પ્રેમ વધારનારાં છે.

(૩) ભગવદ્ પ્રાપ્તિમાં આવતા પ્રતિબંધોને શ્રીયમુનાજી દૂર કરી પુષ્ટિજીવને પુષ્ટિ પુરુષોત્તમની પ્રાપ્તિને યોગ્ય બનાવે છે.

(૪) શ્રીયમુનાજી અને ભગવાન શ્રીકૃષ્ણના ગુણધર્મ સમાન છે. આથી શ્રીયમુનાજી સહજમાં જ જીવને ભગવદ્ સંબંધ સ્થાપિત કરી આપે છે.

(૫) જે જીવો ભગવાનને પ્રિય છે, તેના કલિદોષોનું શ્રીયમુનાજી નિવારણ કરે છે.

(૬) શ્રીયમુનાજીના સેવનથી જેમ ગોપીજનો ભગવાનના ઉત્કૃષ્ટ પ્રેમપાત્ર બની શક્યા તેમ પુષ્ટિજીવ ભગવાનનો પ્રેમ પાત્ર બની શકે છે.

(૭) શ્રીયમુનાજી તનુનવત્વનું દાન કરે છે.

(૮) શ્રીયમુનાજીમાં ઠાકોરજી વ્રજભક્તો સાથે અનેકવિધ લીલાવિહાર કરે છે. તેથી શ્રીયમુનાજલમાં શ્રીઠાકોરજીના સ્મરશ્રમજલકણ સંમલિત છે. આથી શ્રીયમુનાજલનો સંપર્ક પ્રભુના સાક્ષાત અંગસંસર્ગ તુલ્ય છે.

આ બધા ઐશ્વર્યો લીલાસૃષ્ટિના જીવો માટે શ્રીયમુનાજી પ્રગટ કરે છે. શ્રી યમુનાજી આવા પરમકૃપાળુ અને સકલસિધ્ધિના દાતા છે.

---

**: વૈષ્ણવોની જાણ સારૂ ★ પુષ્ટિમાર્ગી-વૈષ્ણવ વ્રતો :**

સમય સમય પર પ્રાપ્ત થનારા પ્રત્યેક (પુષ્ટિમાર્ગીય સ્વીકાર્ય) એવાં વૈષ્ણવ વ્રતો કરવા. **વૈષ્ણવ વ્રત :** દરેક માસની સુદ-વદની એકાદશીઓ. **શ્રીરામનવમી** વ્રત (ચૈત્ર સુદ-૯) **નૃસિંહ જયંતી વ્રત** (વૈશાખ સુદ-૧૪) **શ્રીજન્માષ્ટમી વ્રત** (શ્રાવણ વદ-૮) **શ્રીવામન જયંતી વ્રત** (ભાદરવા સુદ-૧૨ અથવા ૧૧).

આ સિવાયના કોઈપણ વ્રત વૈષ્ણવ વ્રત તરીકે સ્વીકાર્ય નથી

**: નિયમો :**

૧. દશમી વેધથી રહિત એવી વૈષ્ણવ એકાદશીએ વ્રત કરવું (પંચાગ/ટિપ્પણી જોવી)
૨. સવારે સૂર્યોદયથી ૧॥ કલાક વહેલા ઉઠી જવું.
૩. સવારે ઊઠી સ્નાનાદિથી પરવારી ભગવદ્ સેવા નામ સ્મરણ કરવું.
૪. વ્રતના દિવસે ચા-કોફી વગેરે કોઈ વ્યસન વાળી વસ્તુઓ લેવી નહિ.
૫. ભગવત્સેવા માટે જરૂરી અથવા ભગવદ્ નામ સિવાય ઈતર બાબતોમાં મૌન રાખવું. બ્રહ્મચર્યનું પાલન કરવું. ટી.વી. વીડીયો સિનેમા જોવા નહિ.
૬. **સાભાર**- વૈષ્ણવ પંચાગ (૨૦૬૧-૬૨) - શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ, વડોદરા.

# = શ્રીયમુનાજીનાં ૧૦૮ પદ અર્થ સહિત =

(પ્રારંભમાં શ્રીયમુનાજીના ૪૧ પદ છે.)

પદ-૧ (રામકલી)

પિય સંગ રંગ ભરિ કરિ કલોલેં
સબનકોં સુખ દેન, પિય સંગ કરત સેન,
ચિત્તમેં તબ પરત ચેન, જબહી બોલેં. ૧
અતિહિ વિખ્યાત સબ બાત ઈનકે હાથ,
નામ લેત હી કૃપા કરિ અતોલેં;
દરસ કર પરસ કર, ધ્યાન હિયમેં ધરે,
સદા બ્રજનાથ ઈન સંગ ડોલે. ૨
અતિહિ સુખ કરન, દુઃખ સબનકે હરન,
યેહી લીનો પરન, દે જુ કોલે;
એેસી શ્રી યમુને જાન, તુમ કરો ગુનગાન,
'રસિક' પ્રીતમ પાયે, નગ અમોલેં. ૩

શબ્દાર્થ : કલોલેં-આનંદ, અતોલેં-તુલના ન થી શકે તેવું, હિય-હૃદય, પરન-પ્રતિજ્ઞા, કોલે-વચન, નગ-હીરો.

ભાવાર્થ : શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની સાથે વિવિધ રસભર્યા વિહાર કરે છે. સર્વ ભક્તોને સુખ આપવા માટે જ આપ શ્રીઠાકોરજી સાથે રમણ કરે છે. (પોતાના સુખ માટે નહીં) જ્યારે શ્રીઠાકોરજી આપના ભક્તોને લીલા વિહારનું સુખ આપવાની સંમતિ દર્શાવે છે ત્યારે જ આપના ચિત્તને ચેન પડે છે. (૧)

વેદ,પુરાણ આદિમાં એ પ્રસિધ્ધ છે કે પુષ્ટિ-ફલનું દાન કરવું એ શ્રીયમુનાજીના અધિકારમાં છે. નામ-સ્મરણ માત્રથી જ આપ ભક્ત પર અતુલ કૃપા કરો છો. જે ભક્ત આપનું દર્શન કરે છે, આપનો સ્પર્શ કરે છે અને હૃદયમાં આપનું ધ્યાન ધરે છે તેની સાથે જ શ્રીઠાકોરજી સદા આનંદથી વિહરે છે. (૨)

બિછુરેલા જીવોના ત્રિવિધ દુઃખ દૂર કરી અલૌકિક સુખનું દાન કરવાની આપની પ્રતિજ્ઞા છે અને ત્યાં સુધી ભૂતલ પર બિરાજવાનો આપે શ્રીઠાકોરજી સાથે કરાર કર્યો છે. આવાં શ્રીયમુનાજીના કૃપાળુ સ્વરૂપને જાણીને તમે તેમના ખૂબ ગુણગાન કરો તો 'શ્રીહરિરાયજી' આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજી રૂપી અમૂલ્ય હીરાની તમને પ્રાપ્તિ થશે. (૩)



પદ-૨ (રામકલી)

શ્યામ સુખધામ જહાં નામ ઈનકે,
નિસદિના પ્રાણપતિ, આય હિયમેં બસે;
જોઈ ગાવે સુજસ ભાગ્ય તિનકે. ૧
યહી જગમેં સાર, કહત વારંવાર,
સબન કે આધાર, ધન નિર્ધનનકે;
લેત શ્રી યમુને નામ, દેત અભયપદ દાન,
'રસિક'-પ્રીતમ - પિયા, બસ જુ ઈનકે. ૨

શબ્દાર્થ : નિસ-દિના-રાત્રિ-દિવસ.

ભાવાર્થ : જ્યાં શ્રીયમુનાજીનું નામ-સ્મરણ થતું હોય તે સ્થળ શ્યામસુંદરના સુખનું ધામ બની જાય છે. જે ભક્ત શ્રીયમુનાજીના દિવ્ય યશના ગુણગાન કરે છે. તે ખૂબ ભાગ્યશાળી છે કારણકે શ્રી ઠાકોરજી હંમેશાં તેના હૃદયમાં પધારીને બિરાજે છે. (૧)

'શ્રીહરિરાયજી' વારંવાર આજ્ઞા કરે છે કે શ્રીયમુનાજી જગતમાં સર્વ સારરૂપ છે, બધા જીવોના આધારરૂપ છે અને નિર્ધનનું ધન છે. જે ભક્ત શ્રી યમુનાજીનું નામ-સ્મરણ કરે છે તેને આપ અભયપદનું દાન આપો છો અને આવા ભક્તોને જ યુગલ-સ્વરૂપ વશ થઈને રહે છે. (૨)

પદ-૩ (રામકલી)

કહત શ્રુતિ સાર, નિરધાર કરકેં.
ઈન બિના કોન એસી કરે હે સખિ !
હરત દુઃખ-દ્વંદ્વ, સુખકંદ બરખે. ૧
'બ્રહ્મસંબંધ'જબ, હોત યા જીવકો,
તબહી ઈનકી, ભુજા વામ ફરકે;
દોરકર સોરકર, જાય પિયસોં કહે,
અતિહી આનંદ મનમેં જુ હરખે. ૨
નામ નિરમોલ નગ, લે કોઉ ના સકે,
ભક્ત રાખત હિયે હાર કરકેં;
'રસિક'-પ્રીતમ જુકી, હોત જા પર કૃપા,
સોઈ શ્રી યમુનાજીકો રૂપ પરખેં. ૩

શબ્દાર્થ : નિરધાર-નિશ્ચય, સુખકંદ-સુખનો સમૂહ, ભુજા-હાથ, વામ-ડાબી, સોર-ઊંચો અવાજ, નિરમોલ-અમૂલ્ય, નગ-રત્ન, પરખેં-ઓળખે.

ભાવાર્થ : બધી શ્રુતિઓ નિશ્ચયપૂર્વક કહે છે કે વેદોના સારરૂપ શ્રીયમુનાજી છે. હે સખી ! શ્રીયમુનાજી બધા જ પ્રકારના દુઃખ દૂર કરે છે અને અનંત સુખની વૃષ્ટિ કરે છે. એમના વિના આવી કૃપા કરવા કોણ સમર્થ છે ? (૧)

જ્યારે જીવ બ્રહ્મસંબંધ લે છે ત્યારે આપની ડાબી ભુજા ફરકે છે અને આપના મનમાં એટલો બધો આનંદ થાય છે કે આપ હરખી દોડતાં પ્રિયતમની પાસે જઈને મોટા અવાજે ભક્તના બ્રહ્મસંબંધને દ્રઢ કરવાનું તેમને કહો છો (૨)

આપનું આવું અમૂલ્ય રત્નરૂપ નામ-સ્મરણ બધા જીવો કરી શકતા નથી. ફક્ત ભક્ત જ આપના નામરૂપી અમૂલ્ય રત્નનો હાર હૃદયમાં રાખી શકે છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જેના ઉપર શ્રી ઠાકોરજીની કૃપા થાય તે જ જીવ શ્રીયમુનાજીના રસ-સ્વરૂપને પારખી શકે છે. (૩)

પદ-૪ (રામકલી)

નેનભર દેખ અબ ભાનુ તનયા.<br>
કેલિ પિયસોં કરે, ભ્રમર તબહી પરે;<br>
શ્રમ-જલ ભરત આનંદ મનયા. ૧<br>
ચલત ટેઢિ હોય, લેત પિયકો મોહિ,<br>
ઈન બિના રહત નહીં એક છિનયા;<br>
'રસિક'-પ્રીતમ રાસ, કરત શ્રીયમુના પાસ,<br>
માનો નિર્ધનનકી, હે જુ ધનયા. ૨

શબ્દાર્થ : નેન-નેત્ર, ભાનુ-સૂર્ય, કેલિ-લીલા, ભ્રમર-વમળ

ભાવાર્થ : હે ભક્ત ! સૂર્યપુત્રી શ્રી યમુનાજીનાં નયન ભરીને દર્શન કર. જ્યારે આપ પ્રિયતમની સાથે વિહાર કરો છો ત્યારે આપના જળમાં વમળો પ્રગટે છે અને વિહાર સમયે જે શ્રમ-જલ પ્રગટ થાય છે તે અમારા મનને આનંદથી ભરી દે છે (૧)

આપ મલપતા ટેઢી ચાલથી એવાં ચાલો છો કે પ્રિયતમના મનને મોહી લો છો. જેથી આપના વિના એક ક્ષણ પણ પ્રીતમ અળગા રહી શકતા નથી. 'શ્રી હરિરાયજી' આજ્ઞા કરે છે કે આપના તટ પર પ્રીતમ સદા રાસ કરે જાય છે. હે શ્રીયમુનાજી ! આપ પરમ ઉદાર હોઈ નિર્ધનનું ધન છો. (૨)

પદ-૫ (રામકલી)

શ્યામ સંગ શ્યામ, વ્હે રહી શ્રી યમુને,<br>
સુરત શ્રમબિંદુ તે, સિંધુસી બહી ચલી,<br>
માનો આતુર અલી, રહી ન ભવને. ૧<br>
કોટિ કામહિ વારોં, રૂપ નેનન નિહારોં,<br>
લાલ ગિરિધરન, સંગ કરત રમને,<br>
હરખી 'ગોવિંદ' પ્રભુ નિરખી ઈનકી ઓર,<br>
માનો નવ દુલહની, આઈ ગવને. ૨



શબ્દાર્થ : આતુર અલી-આતુર સખી (અભિસારિકા), ભવન-ઘર, દુલહની-નવવધૂ, ગવને-સાસરે (આણે).

ભાવાર્થ : શ્યામ શ્રીઠાકોરજી સાથે શ્રીયમુનાજી પણ શ્યામ-સ્વરૂપા બની ગયાં છે. રાસ વિલાસમાં સુરત સમાગમ થવાથી પડેલાં શ્રમબિંદુઓમાંથી પ્રગટ થઈને સિંધુ સમાન બનીને વહી રહ્યાં છો અને આપ એવાં શોભો છો કે જેમ આતુર થયેલ સખી (અભિસારિકા) ઘરમાં ન રહે તેમ આપ પ્રિયતમને મળવા ગોલોકમાંથી ભૂતળ ઉપર પધાર્યા છો. (૧)

આપ શ્રી ગિરિધરની સાથે એવું સુંદર રમણ કરો છો કે એના ઉપર કરોડો કામદેવ પણ ન્યોછાવર થઈ જાય. આવાં શ્રીયમુનાજીના સૌન્દર્યને નેત્રો ભરીને નિરખ્યા જ કરીએ. ગોવિંદસ્વામી કહે છે કે જાણે કોઈ નવવધૂ પ્રથમ આણે ન આવી હોય ! એમ પ્રભુ આપની તરફ હરખથી જોઈ રહ્યા છે. (૨)

પદ-૬ (રામકલી)

શ્રીયમુનાસી નાહીં કોઊ ઓર દાતા,<br>
જો ઈનકી શરણ જાતહેં દોરકે;<br>
તાહિકોં તિહિ છિનુ કર સનાથા. ૧<br>
યેહી ગુનગાન રસખાન રસના એક,<br>
સહસ્ર રસના ક્યોં ન દઈ વિધાતા;<br>
'ગોવિંદ' પ્રભુ તન, મન, ધન, વારને,<br>
સબહિંકો જીવન ઈનકે જુ હાથા. ૨

શબ્દાર્થ : છિનુ-ક્ષણે, રસખાન-રસની ખાણ, રસના-જીભ

ભાવાર્થ : શ્રીયમુનાજી સમાન સ્વરૂપાનંદનું દાન આપનાર કોઈ નથી. જે જીવ આપને શરણે દોડતો જાય છે તે જીવને તે ક્ષણે આપ સનાથ કરો છો. (૧)

આપનાં ગુણગાનનો પાર નથી. તે રસની ખાણ સમાન છે. એક જીભ તેનું કેટલું વર્ણન કરી શકે ! હે વિધાતા ! શ્રીયમુનાજીનાં ગુણ ગાવાં તે સહસ્ત્ર જીભો કેમ ન આપી ? 'ગોવિંદસ્વામી' કહે છે કે મારાં તન, મન, ધન, આપના પર ન્યોછાવર કરું છું. સર્વ ભક્તોનું જીવન રસમય બનાવવું તે આપના હાથમાં છે. (૨)

પદ-૭ (રામકલી)

શ્રયમુના-જશ જગતમેં જોઈ ગાવે,<br>
તાકે આધીન વ્હે રહત હેં પ્રાણપતિ;<br>
નેન અરૂ બેનમેં રસ જુ છાવે. ૧<br>
વેદ પુરાનતેં બાત યહ અગમ હે,<br>
પ્રેમકો ભેદ કોઊ ન પાવે;<br>
કહત, 'ગોવિંદ' શ્રીયમુનેકી જા પર કૃપા,<br>
સોઈ 'શ્રીવલ્લભકુલ' શરન આવે. ૨

**શબ્દાર્થ :** અરૂ-અને, બેનમેં-વાણીમાં, અગમ-ન સમજાય તેવી.

**ભાવાર્થ :** આ જગતમાં જે ભક્ત શ્રીયમુનાજીના યશના ગુણ-ગાન ગાય છે તેને વશ થઈને શ્રીઠાકોરજી રહે છે. તે ભક્તની દૃષ્ટિમાં અને વાણીમાં અલૌકિક રસ છવાયેલો રહે છે. (૧)

વેદ અને પુરાણ પણ આ વાતને સમજી શકતાં નથી, કારણ કે પ્રેમનું (લીલાનું) રહસ્ય કોઈ સમજી શકતું નથી. 'ગોવિંદસ્વામી' કહે છે કે **જેના ઉપર શ્રીયમુનાજીની કૃપા થાય છે તે જ જીવ શ્રીવલ્લભકુલને શરણે આવે છે.** (૨)

### પદ-૮ (રામકલી)

ચરણ-પંકજ-રેણુ શ્રીયમુને જુ દેની,
કલિયુગ જીવ ઉદ્ધારન કારન;
કાટત પાપ અબ ધાર પેની. ૧
પ્રાણપતિ, પ્રાણ-સુત આયે ભક્તન હિત,
સકલ સુખકી તુમહો જી શ્રેની;
'ગોવિંદ' પ્રભુ બિના રહત નહીં એક છિનું,
અતિહી આતુર ચંચલ જુ નેની. ૨

**શબ્દાર્થ :** પંકજ-કમળ, રેણુ-રજ, પેની-તીક્ષ્ણ, શ્રેની-પરંપરા.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી આપના ચરણ કમલની રજ અમને આપો. આપની ચરણરજ કલિયુગના જીવોના પાપ તીક્ષ્ણ ધારથી કાપીને ઉદ્ધાર કરવાવાળી છે. (૧)

પ્રાણપતિ એવા શ્રીઠાકોરજી તથા શ્રીમહાપ્રભુજી અને પ્રાણસુત એવા શ્રીગુસાંઈજી ભક્તોના સુખ માટે ભૂતલ ઉપર પધાર્યા છે. તેમ આપ પણ ભૂતલ ઉપર સકલ સુખોની પરંપરારૂપ છો. ગોવિંદસ્વામી કહે છે કે આપ આતુર અને ચંચળ નેત્રોવાળાં છો કે પ્રભુ વિના એક ક્ષણ પણ રહી શક્તાં નથી. (૨)

### પદ-૯ (રામકલી)

ધાયકે જાય જો શ્રીયમુના તીરે,
તાકી મહિમા અબ કહાં-લગ બરનિયેં;
જાય પરસત અંગ પ્રેમ નીરે. ૧
નિસદિના કેલિ કરત મનમોહન,
પિયા સંગ ભકતનકી હે જુ ભીરે;
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
ઈન બિના નેક નહીં ધરત ધીરે. ૨



**શબ્દાર્થ :** ધાયકે-દોડીને, ભીરે-ભીડમાં

**ભાવાર્થ :** જે ભક્તો શ્રીયમુનાજીના તીરે દોડતાં જાય છે અને આપનાં પ્રેમરસરૂપી જળનો પોતાના અંગને સ્પર્શકરાવે છે તેઓના મહાભાગ્યનું તો શું વર્ણન થાય ? (૧)

પ્રિયા (શ્રીસ્વામિનીજી) યુક્ત અનેક ભક્તોની ભીડ સહિત રાત્રિ દિવસ મનને મોદ કરાવવા (શ્રીજી) સદા આપના તટ ઉપર વિહાર કરે છે. 'છીતસ્વામી' કહે છે કે શ્રીયમુનાજી ઠાકોરજી વિના એક ક્ષણ પણ ધીરજ રાખી શકતાં નથી. (૨)

### પદ-૧૦ (રામકલી)

જા મુખતેં શ્રીયમુને યહ નામ આવે,
તાપર કૃપા કરે શ્રીવલ્લભ પ્રભુ;
સોઈ શ્રીયમુનાજીકો ભેદ પાવે. ૧
તન, મન, ધન સબ, લાલ ગિરિધરનકોં,
દેકેં ચરણ જબ ચિત્ત લાવે;
"છીતસ્વામી" ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
નેનન પ્રગટ લીલા દિખાવે. ૨

**શબ્દાર્થ :** નેનન-પ્રત્યક્ષ, ભેદ-રહસ્ય

**ભાવાર્થ :** જે ભક્તના **મુખથી શ્રીયમુનાજીનું નામ-સ્મરણ થાય છે તેના ઉપર શ્રીવલ્લભપ્રભુ કૃપા કરે છે. તે જ જીવ શ્રીયમુનાજીના ગૂઢ રહસ્યને પામી શકે છે.** (૧)

"છીતસ્વામી" કહે છે કે જે ભક્ત પોતાનું તન, મન અને ધન બધું જ શ્રી ગોવર્ધનનાથજીને સોંપીને, તેમના ચરણાવિંદમાં ચિત્ત સ્થિર કરે છે તેનેજ શ્રીજી ભગવદ્ લીલાનાં પ્રત્યક્ષ દર્શન કરાવે છે. (૨)

### પદ-૧૧ (રામકલી)

ધન્ય શ્રીયમુને નિધિ દેનહારી,
કરત ગુણગાન, અજ્ઞાન-અઘ દૂર કરિ,
જાય મિલવત પિય પ્રાણ પ્યારી. ૧
જિન કોઉ સંદેહ કરો, બાત ચિત્તમેં ધરો,
પુષ્ટિપથ અનુસરો, સુખ જુ કારી;
પ્રેમકે પુંજમેં, રાસ-રસ કુંજમેં,
તાહી રાખત, રસ-રંગ ભારી, ૨
શ્રીયમુને અરુ પ્રાણપતિ, પ્રાણ અરુ પ્રાણસુત,

ચહું જન જીવ પર દયા વિચારી;
"છીતસ્વામી" ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
પ્રીતકે લિયે અબ સંગ ધારી. ૩

**શબ્દાર્થ :** દેનહારી-દાન આપવાવાળી, અઘ-પાપ, પુંજ-સમૂહ.

**અર્થ :** નિધિ-સ્વરૂપ શ્રી ઠાકોરજીનું દાન કરવાવાળાં હે શ્રીયમુનાજી! આપને ધન્ય હો ! જે ભક્ત આપના ગુણગાન ગાય છે એનાં અજ્ઞાન અને પાપને દૂર કરીને આપ તે ભક્તને યુગલ સ્વરૂપનું મિલન કરાવો છો. (૧)

નિઃસંદેહ બનીને શ્રીયમુનાજીનું ચિત્તમાં ધ્યાન ધરો અને સુખકારી એવા પુષ્ટિમાર્ગને (સ્નેહમાર્ગને) અનુસરો. જેથી શ્રીયમુનાજી દિવ્યપ્રેમની નિકુંજમાં રસ-રાસ કુંજમાં પ્રવેશ કરાવી દિવ્ય રસનો આનંદ કરાવશે. (૨)

શ્રીયમુનાજી, શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી એ ચારેય સ્વરૂપો જીવ ઉપર દયા વિચારીને ભૂતલ પર પ્રગટયાં છે. "છીતસ્વામી" કહે છે કે શ્રીગોવર્ધનનાથજીએ સ્નેહના કારણે શ્રીયમુનાજીને પણ સાથે પધરાવ્યાં છે. (૩)

### પદ-૧૨ (રામકલી)

ગુણ અપાર, મુખ એક, કહાંલૌં કહિયે,
તજો સાધન ભજો, નામ શ્રીયમુનાજીકો :
લાલ ગિરિધરન વર તબહિં પૈયે. ૧
પરમ પુનિત પ્રીતકી, રીત સબ જાનકે,
દઢ કરિ ચરન - કમલ જુ ગ્રહિયે;
"છીતસ્વામી" ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
એસી નિધિ છાંડિ સબ કહાં જુ જૈયે. ૨

**શબ્દાર્થ :** પુનિત-પવિત્ર, પૈયે-પ્રાપ્ત કરીએ.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી, આપના અનંત ગુણોનું વર્ણન એક મુખથી કેવી રીતે કરી શકાય ? બધા સાધનો ત્યજી દઈને શ્રીયમુનાજીનું નામ-સ્મરણ કરો તો શ્રીગિરિધરનલાલ તરત પ્રાપ્ત થાય. (૧)

પરમ પવિત્ર તેવા પ્રેમમાર્ગની બધી રીત જાણીને દઢતાપૂર્વક શ્રીયમુનાજીનાં ચરણારવિંદને (હૃદયમાં)ધારણ કરવાં. છીતસ્વામી કહે છે કે શ્રીવિઠ્ઠલ, શ્રીગોવર્ધનનાથજી, શ્રીયમુનાજી આદિ મહાન નિધિ આપણને પ્રાપ્ત થયાં છે તો આવાં અલૌકિક નિધિ છોડીને બીજે જવાની શી જરૂર છે ? (૨)



### પદ-૧૩ (રામકલી)

ચિત્તમેં શ્રીયમુના નિસદિન જુ રાખો,
ભકત કે વસ કૃપા કરત હે સર્વદા;
એસો શ્રીયમુનાજીકો હે જુ સાખો. ૧
જા મુખતેં શ્રીયમુને યહ નામ આવે.
સંગ કીજે અબ જાય તાકોં;
"ચતુર્ભુજદાસ" અબ કહતહેં સબનસોં,
તાતેં શ્રીયમુને - યમુને જુ ભાખો. ૨

**શબ્દાર્થ :** સાખ-બિરુદ, ભાખો-ઉચ્ચારો, બોલો.

**ભાવાર્થ :** ચિત્તમાં રાત્રિ-દિવસ શ્રીયમુનાજીના સ્વરૂપનું ચિંતન કરવું. આપ ભક્તને વશ હોઈ હમેશાં ભક્તો ઉપર કૃપા કરો છો એવું આપનું બિરુદ (શાખ) છે. (૧)

જેના મુખથી શ્રીયમુનાજીનું નામ-સ્મરણ થતું હોય તેવા ભક્તનો સંગ કરવો. "ચતુર્ભુજદાસજી" સર્વને કહે છે કે, તેથી જ શ્રીયમુના-યમુના નામનું રટણ કર્યા કરો.

### પદ-૧૪ (રામકલી)

પ્રાણપતિ વિહરત શ્રીયમુના કૂલેં,
લુબ્ધ મકરંદ કે, ભ્રમર જ્યોં બસ ભયે;
દેખ રવિ ઉદય, માનો કમલ ફૂલેં. ૧
કરત ગુંજાર મુરલી જુ લે સાંવરોં.
સુનત વ્રજવધૂ તન સુધ જુ ભૂલેં ;
"ચતુર્ભુજદાસ" શ્રીયમુને પ્રેમ-સિંધુમેં,
લાલ ગિરિધરનવર અબ હરખિ ઝૂલેં. ૨

**શબ્દાર્થ :** કૂલ-કિનારો, લુબ્ધ-લોભાઈને, મકરંદ-સુગંધ, સુધ-ભાન

**ભાવાર્થ :** શ્રીયમુનાજીના કિનારે શ્રીનિકુંજનાયક વિહાર કરે છે. જેમ સૂર્ય ઉદય થતાં કમળ ખીલે છે અને ભમરાઓ તેની સુગંધથી લોભાઈને ત્યાં આવે છે, તેમ શ્રી ઠાકોરજીને નિરખીને શ્રીયમુનાજી પ્રફુલ્લિત બને છે. (૧)

સાંવરો (શૃંગાર રસાત્મક પ્રભુ) મુરલી ધારણ કરી ગુંજારવ કરે છે ત્યારે શ્રી ગોપીજન તે રવ (અવાજ) સાંભળતાં શરીરનું ભાન ભૂલી જાય છે. "ચતુર્ભુજદાસજી" કહે છે કે, આ રીતે આપના પ્રેમ સમુદ્રમાં શ્રી ગિરિધરનલાલ હર્ષથી ઝૂલી રહ્યા છે. (૨)

પદ-૧૫ (રામકલી)

વારંવાર શ્રીયમુને ગુણગાન કીજેં,
યેહી રસનાતેં જો નામ-રસ-અમૃત;
ભાગ્ય જાકે હેં સોઈ જુ પીજેં. ૧
ભાનુ-તનયા દયા, અતિહી કરૂણામયા,
ઈનકી કર આસ, અબ સદાહી જિજે;
"ચતુર્ભુજદાસ" કહે, સોઈ પ્રિય પાસ રહે,
જોઈ શ્રીયમુનાજીકે રસ જુ ભીજેં. ૨

શબ્દાર્થ : જિજેં-જીવવાનું છે, રસના-જીભ, ભાનુતનયા-શ્રીયમુનાજી.

ભાવાર્થ : હે ભક્તો ! તમે વારંવાર શ્રી યમુનાજીના ગુણગાન કરો અને આ જીભ વડે નામ રસ અમૃતનું પાન કરો. જે ભાગ્યશાળી દૈવી જીવ હશે તે જ આ રસનું પાન કરી શકશે. (૧)

શ્રીયમુનાજી અતિ દયાળુ અને કરુણાવાળાં છે. તેમની જ આશા રાખીને જીવે સદા જીવવું જોઈએ. "ચતુર્ભુજદાસ" કહે છે કે જે ભક્ત શ્રીયમુનાજીના પ્રેમરસમાં ભીંજાયેલો રહે છે, તે જ શ્રીઠાકોરજીની પાસે રહી શકે છે.

પદ-૧૬ (રામકલી)

હેત કરિ દેત શ્રીયમુને વાસ કુંજે,
જહાં નિસવાસર રાસમેં રસિકવર;
કહાંલગ બરનિયેં પ્રેમ-પુંજે. ૧
થક્તિ સરિતા-નીર, થક્તિ વ્રજવધૂ ભીર,
કોઊ ન ધરત ધીર, મુરલી સુનિજે;
"ચતુર્ભુજદાસ" યમુને પંકજ જાનિ,
મધુપકી નાંઈ ચિત્ત લાય ગુંજે. ૨

શબ્દાર્થ : બરનિયે-વર્ણન કરીએ, પંકજ-કમળ, થક્તિ-સ્થિર, ભીર-ભીડ.

ભાવાર્થ : શ્રીયમુનાજી પોતાના ભક્તો પર કૃપા કરી, તેમને પોતાની કુંજોમાં વાસ આપે છે, આ કુંજોમાં રાસ કરવામાં રસિક એવા શ્રીઠાકોરજી રાત-દિવસ રાસ-વિહાર કરે છે. આ રસના પુંજોનું તો કેટલું વર્ણન કરીએ ? (૧)

શ્યામસુંદરનો વેણુનાદ સાંભળીને યમુનાજળ, વ્રજાંગનાઓનાં વૃંદ સૌ થંભી જાય છે અને એક ક્ષણની પણ તેઓ ધીરજ રાખી શકતાં નથી. "ચતુર્ભુજદાસ" કહે છે કે શ્રીયમુનાજીને કમળરૂપ માનીને મારા મનરૂપી ભ્રમરો પણ (મારું ચિત્ત) તેમાં લોભાઈને તેમનાં ગુણગાન ગાયા કરે છે. (૨)



પદ-૧૭ (રામકલી)

ભક્તપર કરિ કૃપા શ્રીયમુને જુ એસી,
છાંડિ નિજ ધામ, વિશ્રામ ભૂતલ કિયો;
પ્રકટ લીલા દિખાઈ જુ તેસી. ૧
પરમ પરમારથ કરતે હેં સબનકોં,
દેત અદ્‌ભુત રૂપ આપ જેસી;
"નંદદાસ" યોં જાનિ દૃઢ કરિ ચરણ ગહે.
એક રસના કહા કહોં વિસેસી. ૨

શબ્દાર્થ : પરમારથ-સેવા ઉપયોગી દેહ, વિસેસી-વિશેષ

ભાવાર્થ : શ્રીયમુનાજી એવાં કૃપાળુ છે કે ભક્ત પર કૃપા કરવાને માટે પોતાનું નિજધામ ગોલોક છોડીને ભૂતલ પર પધાર્યાં અને ભક્તોને ગોલોકની લીલાનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં (૧)

પોતાના ભક્તોને તનુનવત્વ આપીને પોતાના સમાન અદ્‌ભુત સ્વરૂપવાળા બનાવે છે. નંદદાસજી કહે છે કે આ પ્રમાણે જાણીને મેં તો આપના ચરણ કમળનો દૃઢ આશ્રય કર્યો છે. એક જીભથી આપની અસીમ કૃપાનું શું વિશેષ વર્ણન કરું ? (૨)

પદ-૧૮ (રામકલી)

નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ.
ભક્તકે ચિત્તકી વૃત્તિ સબ જાનકે;
તહાંતે અતિહિ આતુર જુ ધાઈ. ૧
જાકે મન જેસી, ઈચ્છા હતી તાહીકી,
તેસીહી આય સાધ જુ પૂજાઈ;
"નંદદાસ" પ્રભુ તા પર રિઝિ રહે,
જોઈ શ્રીયમુનાજીકો જસ જુ ગાઈ. ૨

શબ્દાર્થ : નેહ-પ્રેમ, વૃત્તિ-મનોરથ, જસ-યશ, સાધ-સિદ્ધિ.

ભાવાર્થ : શ્રીયમુનાજી નિજ ભક્તો સાથેના સ્નેહના કારણે શ્રીઠાકોરજીથી પહેલાં ભૂતલ પર પધાર્યાં. ભક્તોના ચિત્તની વૃત્તિ (મનોરથો) જાણી પોતાના નિજધામથી બહુ આતુરતા પૂર્વક ભૂતલ પર દોડી આવ્યાં. (૧)

જેના હૃદયમાં જેવી ઈચ્છાઓ હતી તે પ્રમાણે તેમની ઈચ્છાઓ ભૂતલ પર આવીને શ્રીયમુનાજીએ પૂરી કરી. "નંદદાસજી" કહે છે કે આવા શ્રીયમુનાજીના યશ ગાનાર ભક્ત પર પ્રભુ સદા પ્રસન્ન રહે છે. (૨)

પદ-૧૯ (રામકલી)

તા તેં શ્રીયમુને-યમુનેજુ ગાઓ,
શેષ સહસ્ત્રમુખ નિસદિન ગાવત;
પાર નહીં પાવત તાહી પાઓ. ૧
સકલ સુખ દેનહાર, તાતેં કરો ઉચ્ચાર,
કહતહોં વારંવાર જિન ભુલાઓ;
"નંદદાસજી" કી આસ શ્રીયમુને પૂરણ કરી,
તાતેં ધરી ધરી ચિત્ત લાઓ. ૨

શબ્દાર્થ : તાતેં-તેથી, દેનહાર-આપવાવાળાં

ભાવાર્થ : હે ભક્તો ! તમે શ્રીયમુનાજીના ગુણગાન ગાયા કરો. હજારો મુખથી શેષભગવાન રાત્રિ-દિવસ ગુણગાન કરવા છતાં આપની લીલાનો પાર પામી શક્યા નથી. (૧)

શ્રીયમુનાજી સર્વ સુખોને આપનાર હોઈ તેમના નામનું રટણ હે ભક્ત ! તમે કર્યા કરો. હું વારંવાર કહું છું કે આ વાત કદી ભૂલશો નહિ. "નંદદાસજી" કહે છે કે મારી આશાઓ શ્રીયમુનાજીએ પૂર્ણ કરી છે. માટે વારંવાર શ્રીયમુનાજી ને ચિત્તમાં લાવો. (૨)

પદ-૨૦ (રામકલી)

ભાગ્ય સૌભાગ્ય શ્રીયમુને જુ દેઈ,
બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો;
લાલા ગિરિધરનવર તબ મિલેઈ. ૧
ભગવદીય સંગ કર, બાત ઈનકી લહે,
સદા સાનિધ્ય રહે કેલિમેંઈ;
"નંદદાસજી" જા પર કૃપા શ્રીવલ્લભ કરે,
તાકે શ્રીયમુને સર્વસ જુ દેઈ. ૨

શબ્દાર્થ : સાનિધ્ય-સંગ, કેલિ-લીલા.

ભાવાર્થ : ભાગ્ય એટલે શ્રીઠાકોરજીનું પ્રાપ્ત થવું અને સૌભાગ્ય એટલે શ્રીઠાકોરજીનું ભક્તને વશ થવું. આ બંને પ્રકારનાં દાન શ્રીયમુનાજી જ કરી શકે છે. માટે તમે લૌકિક ત્યજી દઈને, પુષ્ટિ સ્વરૂપ શ્રીયમુનાજીનો આશ્રય લો. તો જ શ્રીઠાકોરજી તમને મળશે. (૧)

ભગવદીયના સંગમાં રહીને શ્રીયમુનાજીના ગુણગાન કરે તો તે ભક્તને સદા લીલા વિહારના સાનિધ્યમાં રહેવાનું મળે. "નંદદાસજી" કહે છે કે જેના ઉપર શ્રીવલ્લભ કૃપા કરે છે તેને શ્રીયમુનાજી સર્વસ્વનું દાન કરે છે. (૨)

નોંધ : બહેનોઓ આ પદનું નિત્ય સ્મરણ વારંવાર કરવું જોઈએ.



પદ-૨૧ (રામકલી)

નામ મહિમા એસી જુ જાનો,
મર્યાદાદિક કહે, લૌકિક સુખ લહે;
પુષ્ટિકો પુષ્ટિ-પથ નિશ્ચે જુ માનો. ૧
સ્વાતિ જલ-બુંદ જબ, પરત હે જાહિમેં,
તાહિમેં હોત તેઓ જુ વાનો;
શ્રીયમુનેકૃપાસિંધુજાનિ, સ્વાતિજલબહુમાનિ,
'સૂર' ગુણપુર, કહાંલોં બખાનો ૨

શબ્દાર્થ : મહિમા-માહાત્મ્ય, જાહિમેં-જેમાં, સિંધુ-સમુદ્ર, ગુણ-પુર-ગુણોનો સમૂહ.

ભાવાર્થ : શ્રીયમુનાજીના નામનો એવો મહિમા છે કે મર્યાદા રીતે ભજે તો તેને તેવું જ ફળ (મોક્ષાદિક) મળે. લૌકિક પ્રવાહી જીવ રાજ્યાદિકની ઈચ્છાથી ભજે તો તેને તેવું સુખ મળે અને પુષ્ટિ રીતે ભજે તો તેને પૂર્ણ પુરુષોત્તમ સાથેના આનંદનું સુખ મળે એમ નક્કી માનજો. (૧)

જેમ સ્વાતિ નક્ષત્રમાં વર્ષાજળનું બિંદુ જે જગાએ પડે તેવું રૂપ ધારણ કરે છે. (કેળમાં પડે તો કપૂર, છીપમાં પડે તો મોતી અને સાપના મુખમાં પડે તો ઝેર) તેમ શ્રીયમુનાજી સ્વાતિ જળ સમાન કૃપાસિંધુ છે. "સૂરદાસજી" કહે છે કે આવા શ્રીયમુનાજીના ગુણોના હું કેટલાં વખાણ કરું ? (૨)

પદ-૨૨ (રામકલી)

ભક્તકોં સુગમ, શ્રીયમુને અગમ ઓરેં,
પ્રાતહીં નહાત, અઘ જાત તાકે સકલ;
યમહૂઁ રહત તાહિ હાથ જોરેં. ૧
અનુભવી બિના અનુભવ કહા જાનહિ,
જાકો પિયા નહીં ચિત્ત ચોરે;
પ્રેમકે સિંધુકો મરમ જાન્યો નહીં,
"સૂર" કહે, કહા ભયો દેહ બોરે. ૨

શબ્દાર્થ : સુગમ-સરળતાથી સમજાય તેવું, અગમ-નસમજાય તેવું, અઘ-પાપ, મરમ-રહસ્ય, બોરે-બોળવું.

ભાવાર્થ : શ્રીયમુનાજીનું સ્વરૂપ ભક્તોને જ સમજાય છે. બીજાઓને સમજાતું નથી. પ્રાતઃકાળે આપના જળમાં જે સ્નાન કરે છે તેના બધાં પાપ દૂર થાય છે અને યમરાજ તેની સામે હાથ જોડીને ઊભા રહે છે. (જીવની યમયાતના દૂર થાય છે.) (૧)

જેનું ચિત્ત શ્રીઠાકોરજીએ ચોર્યું નથી એવાં બિનઅનુભવીજીવના સંગથી આપના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ કેવી રીતે જાણી શકાય ? "સૂરદાસજી" કહે છે કે પ્રેમસમુદ્રસ્વરૂપા શ્રીયમુનાજીના સૂક્ષ્મ રહસ્યને જાણ્યા વિના એકલો દેહ તેમના જળમાં બોળવાથી શો લાભ ? (૨)

પદ-૨૩ (રામકલી)

ફલ ફલિત હોય ફલરૂપ જાને,
દેખીહું ના સુની, તાહીકી આપુની;
તાકી બાત કોઈ કેસેં જુ માને. ૧
તાહિકે હાથ નિરમોલ નગ દીજિયે,
જોઈ નીકે કરિ પરખિ જાને;
"સૂર" કહે કૂરતેં દૂર બસિયે સદા,
શ્રીયમુનાજીકો નામ લીજેં જુ છાને. ૨

**શબ્દાર્થ :** નિરમોલ-અમૂલ્ય, નગ-રત્ન, નીકેકરિ-સારી રીતે.

**ભાવાર્થ :** જે શ્રીયમુનાજીના સ્વરૂપને ફળરૂપ જાણે છે તેમને જ આપની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. જેણે આપને દેખ્યા નથી અને સાંભળ્યા પણ નથી તેવા બિનઅનુભવીની વાત કોણ માને ? (૧)

જે સારી રીતે આપના સ્વરૂપને પારખી શકે તેના જ હાથમાં શ્રીયમુના નામ રૂપી અમૂલ્ય રત્ન આપવું. "સૂરદાસજી" કહે છે કે આપના સ્વરૂપને જે ન ઓળખી શકે તેવા આસુરી જીવથી દૂર રહી હંમેશાં આપનું નામ સ્મરણ ગુપ્ત રીતે જ કરવું. (૨)

પદ-૨૪ (રામકલી)

શ્રીયમુને-પતિ-દાસકે ચિન્હ ન્યારે,
ભગવદીકોં ભગવત્સંગ મિલિ રહે;
જાકે હિયે બસત પ્રાણ પ્યારે. ૧
ગૂઢ શ્રીયમુને બાત, સોઈ અબ જાનહીં
જાકે મનમોહન નેન તારે;
"સૂર" સુખસાર, નિરધાર વે પાવ હીં,
જા પર હોય શ્રીવલ્લભ કૃપા રે. ૨

**શબ્દાર્થ :** શ્રીયમુને પતિ-શ્રીઠાકોરજી, હિયે-હૃદયમાં, નેન-આંખ, નિરધાર-નક્કી.

**ભાવાર્થ :** શ્રીઠાકોરજીના દાસના ચિહ્નોનો જુદાં જ હોય છે. જેના હૃદયમાં પ્રાણપ્રિય પ્રભુ હમેશાં બિરાજતા હોય એવા ભગવદીયને ભગવદીયનો સંગ મળી રહે છે. (૧)

મનમોહન પ્રભુ જેના નેત્રના તારા સમાન છે, તે જીવ શ્રીયમુનાજીના ગૂઢ રહસ્યને જાણી શકે છે. "સૂરદાસજી" કહે છે કે જેના ઉપર શ્રીવલ્લભ કૃપા કરે તેને જ સુખના સારરૂપ પ્રભુની નિશ્ચય પ્રાપ્તિ થાય. (૨)



પદ-૨૫ (રામકલી)

શ્રીયમુને રસખાનકોં શિષ નાઊં.
એસી મહિમા જાન, ભક્તકોં સુખદાન;
જોઈ માંગો સોઈ જુ પાઊં; ૧
પતિત પાવન કરન, નામ લીનો તરન,
દૃઢ કર ગહિ ચરન, કહું ન જાઊં;
"કુંભનદાસ" લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી ચાહત, નહીં પલક લાઊં. ૨

**શબ્દાર્થ :** તરન-તરવું, ગહિ-પકડી, પલક-ક્ષણ

**ભાવાર્થ :** રસની ખાણ સ્વરૂપ શ્રીયમુનાજીને હું વંદન કરું છું. આપ ભક્તોને સુખનું દાન કરે છે અને તે જે માગે તે તેને આપે છે. આવો આપનો મહિમા છે. તે હું જાણું છું. (૧)

આપ પતિતને પાવન કરવાવાળાં છો અને નામસ્મરણ કરનારને તારવાવાળાં છો. તેથી દૃઢતાયુક્ત આપનાં ચરણને ગ્રહણ કરી અન્ય સ્થાને નહીં જાઉં. "કુંભનદાસજી" કહે છે કે પ્રભુનું મુખ નિરખીને એવી ઈચ્છા થાય છે કે હું પ્રભુને એક ક્ષણ પણ નેત્રથી દૂર ન કરું. (૨)

પદ-૨૬ (રામકલી)

શ્રીયમુને અગનિત ગુન ગિને ન જાઈ,
યમુને તટ-રેણુ તેં હોત હે નવીન તનુ;
ઈનકે સુખ દેનકી, કહાં કરોં બડાઈ. ૧
ભક્ત માંગત જોઈ, દેત હે તિહીં છિનુ,
સો એસી કો, કરે પ્રણ નિવાઈ;
"કુંભનદાસજી" લાલ ગિરિધરન મુખ નિરખત,
કહો કેસેં કરિ મન અઘાઈ. ૨

**શબ્દાર્થ :** પ્રણ-પ્રતિજ્ઞા, નિવાઈ-નિભાવવું, અઘાઈ-તૃપ્ત થવું.

**ભાવાર્થ :** શ્રીયમુનાજીના ગુણો ગણ્યા ન જાય એટલા અગણિત છે. આપના તટની રેણુના સંગથી નૂતન દેહ પ્રાપ્ત થાય છે. આપ એવાં સુખો આપો છો કે તેની હું કેટલી પ્રશંસા કરું ? (૧)

ભક્ત જે વખતે જે વસ્તુ માંગે છે તેને તે ક્ષણે તે વસ્તુ આપ આપો છો. આવી આપની પ્રતિજ્ઞા આપના સિવાય બીજું કોણ નિભાવી શકે? "કુંભનદાસજી" કહે છે કે ઠાકોરજીનું રસરૂપ મુખ નિરખતાં મનને કેમ તૃપ્તિ થાય ? (૨)

पद-२७ (રામકલી)

શ્રીયમુને પર તન, મન, ધન, પ્રાણ વારોં,
જાકી કિરતિ વિસદ, કોન અબ કહિ સકે;
તાહિ નેનનતેં ન નેક ટારોં. ૧
ચરન-કમલ ઈનકે જુ ચિંતિત રહો,
નિસદિના નામ મુખતેં ઉચ્ચારોં,
'કુંભનદાસ' કહે,લાલ ગિરિધરન મુખ,
ઈનકી કૃપા ભઈ તબ નિહારોં. ૨

**શબ્દાર્થ :** વિસદ-મહાન, પ્રાણ વારોં-ન્યોછાવર કરો, નેક-જરા પણ, ટારોં-ટાળવું, નિહારોં-નિરખવું, નિસદિના-રાત દિવસ.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી પર તન, મન, ધન અને પ્રાણ ન્યોછાવર કરો. આપની કીર્તિ એટલી મહાન છે કે એનું વર્ણન કોઈ કરી શકે નહીં. તેથી આપને હું મારા નેત્રથી જરા પણ દૂર ન કરું. (૧)

હું સદાયે આપના ચરણકમળનું ચિંતન કરું અને મુખથી રાતદિવસ નામસ્મરણ કર્યા કરું. "કુંભનદાસજી" કહે છે કે આપની કૃપાથી જ મને શ્રીઠાકોરજીનું મુખ નિહાળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે.

પદ-૨૮ (રામકલી)

ભક્ત ઈચ્છા પૂરન શ્રીયમુને જુ કરતા,
બીના માંગેહુ દેત, કહાંલોં કહોં હેત,
જેસેં કાહુકો કોઊ હોય ધરતા. ૧
શ્રીયમુના પુલિન રાસ, બ્રજ-બધૂ લિયે પાસ,
મંદ-મંદ હાસ કર મન જુ હરતા,
"કુંભનદાસ" લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી જિય દેખત શ્રીયમુને જુ ભરતા. ૨

**શબ્દાર્થ :** હેત-પ્રીતિ, પુલિન-કિનારો, બ્રજ-બધૂ-ગોપીઓ, ભરતા-અનુભવ કરાવનારો.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી ભક્તની ઈચ્છા પૂર્ણ કરવાવાળાં છે. જેમ કોઈ સમર્થ કોઈના ઉપર ઉપકાર કરે તેમ આપ પણ વગર માગે બધું આપો છો. આપના હેતનું હું શું વર્ણન કરું ? (૧)

આપના તટ પર અનેક વ્રજાંગનાઓ સહિત શ્રીઠાકોરજી રાસાદિક લીલા કરી મંદ મંદ હાસ્ય કરતાં સહુના મનને હરી લે છે. "કુંભનદાસજી" કહે છે કે શ્રીઠાકોરજીનું મુખ નિરખીને આ જીવને એવો અનુભવ થાય છે કે શ્રીયમુનાજી જ સર્વ લીલાઓનો અનુભવ કરાવનાર છે. (૨)



પદ-૨૯ (રામકલી)

રાસ-રસ-સાગર શ્રીયમુને જુ જાની,
બહત ધારા તન પ્રિત છિન નૌતન,
રાખત અપને ઉરમેં જુ ઠાની. ૧
ભક્તકો સહે ભાર, દે જુ પ્રાણ-આધાર,
અતિહીં બોલત મધુર-મધુર બાની,
"શ્રીવિઠ્ઠલ ગિરિધરન" વર બસ કિયે,
કોનપેં જાત મહિમા બખાની. ૨

**શબ્દાર્થ :** પ્રતિ છિન-દરેક ક્ષણે, નૌતન-નવી નવી, ઉરમેં-હૃદયમાં.

**ભાવાર્થ :** શ્રીયમુનાજીને રાસ-રસના સાગર સમાન જાણો. રાસ સમયે જે રસની નવીન ધારાઓ પ્રતિક્ષણે વહે છે, તેને આપ આપના હૃદયમાં સ્થિર કરીને રાખો છો. (૧)

આપ ભક્તની ચિંતાઓનો ભાર સહન કરીને તેને આપના પ્રાણાધાર પ્રભુનું મિલન કરાવો છો. પછી તો શ્રીઠાકોરજી ભક્તની સાથે મધુર વાણીમાં બોલે છે. જેથી ભક્તનું દુઃખ દૂર થાય છે. શ્રીયમુનાજીએ શ્યામસુંદરને વશ કર્યા છે. આપના મહિમાના કોણ વખાણ કરી શકે ? મતલબકે આપનો મહિમા કોઈ વર્ણવી શકે તેમ નથી. (૨)

પદ-૩૦ (રામકલી)

ભક્ત પ્રિતપાલ, જંજાલ ટારે,
અપને રસ-રંગમે, સંગ રાખત સદા;
સર્વદા જો શ્રીયમુને નામ ઉચ્ચારે. ૧
ઈનકી કૃપા અબ કહાં લગ બરનિયે,
જેસેં રાખત જનની પુત્ર બારેં,
"શ્રીવિઠ્ઠલ ગિરિધરન" સંગ વિહરત,
ભક્તકોં એક છિનુ ના બિસારે. ૨

**શબ્દાર્થ :** પ્રતિપાલ-પાલનપોષણ કરનારો, જંજાળ-સંસાર, વિસારે-ભૂલે.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી ભક્તનું પાલનપોષણ કરનારા છે અને તેનાં લૌકિક સંસારનો નાશ કરવાવાળાં છે. જે ભક્ત શ્રીયમુનાજીનાં નામનું સર્વદા સ્મરણ કરે છે તેને રસરંગમાં આપ સાથે રાખે છે. (૧)

જેમ માતા પુત્રનું જતન કરે તેમ આપ ભક્તો પ્રત્યે વાત્સલ્ય રાખો છો. આપની કૃપાનું અમે કેટલું વર્ણન કરીએ ? આપ શ્રીઠાકોરજી સાથે વિહાર કરતી વેળા ભક્તને એક ક્ષણ પણ વિસારતાં નથી. (૨)

પદ-૩૧ (રામકલી)

કોનપેં જાત શ્રીયમુને જુ બરની,
સબહીકો મન મોહત મોહન,
સો પિયાકો મન હે જુ હરની. ૧
ઈન બિના એક છિન, રહત નહિ જીવન ધન,
બ્રજચંદ મન આનંદ કરની,
"શ્રીવિઠ્ઠલ ગિરિધરન" સહિત આય,
ભકતકે હેત અવતાર ધરની. ૨

શબ્દાર્થ : કોનપેં-કોનાથી, જીવનધન-શ્રીઠાકોરજી.

ભાવાર્થ : શ્રીયમુનાજીનું કોનાથી વર્ણન થઈ શકે ? સર્વ ભક્તોના મનને મોહ પમાડનાર મનમોહન શ્રીઠાકોરજીના મનને પણ શ્રીયમુનાજી મોહી લે છે ! (૧)

આપના વિના એક ક્ષણ પણ પ્રભુ રહી શકતા નથી. વ્રજના ચંદ્ર એવા શ્રીઠાકોરજીના મનને આપ આનંદ આપનારાં છો. ભક્તોનું હિતકરવા માટે શ્રીઠાકોરજી સાથે આપ ભૂતલ પર પધાર્યાં છો. (૨)

પદ-૩૨ (રામકલી)

શ્રીયમુનાજીકો નામ લે સોઈ સુહાગી,
ઈનકે સ્વરૂપકો સદા ચિંતન કરત,
કલ ન પરત, જાય લેહ લાગી. ૧
પુષ્ટિ મારગ મરમ, અતિહી દુર્લભ,
કરમ છાંડ સગરે, પરમ પ્રેમ પાગી,
"શ્રીવિઠ્ઠલ ગિરિધરન" એસી નિધિ,
ભકતકોં દેત હેં બિના માગી. ૨

શબ્દાર્થ : સુહાગી-ભાગ્યવાન, કલ-ચેન, લેહ લાગવી-ધૂન લાગવી, પ્રેમ પાગી-પ્રેમમાં ઓતપ્રોત બનવું.

ભાવાર્થ : શ્રીયમુનાજીનું નામ-સ્મરણ કરે છે તે ભાગ્યશાળી છે. જેને આપની લગન લાગી જાય છે, તેને આપના સ્વરૂપનું સતત ચિંતન કર્યા સિવાય સહેજ પણ ચેન પડતું નથી. (૧)

પુષ્ટિમાર્ગનુ રહસ્ય અતિ દુર્લભ છે. "ગંગાબાઈ" કહે છે કે બધાં લૌકિક કર્મો છોડીને જે ભક્ત શ્રીયમુનાજીના રસમાં ઓતપ્રોત થઈ જાય છે, તેને આપ વગર માગે શ્રીઠાકોરજી પ્રાપ્ત કરાવે છે. (૨)



પદ-૩૩ (રામકલી)

શ્રીયમુનાકે નામ અઘ દૂર ભાજે,
જિનકે ગુણ સુનનકોં, લાલ ગિરિધરન પિય,
આય સન્મુખ તાકે બિરાજે. ૧
તિહિં છિનું કાજ, તાકે સગરે સરે,
જાય કે મિલત બ્રજવધૂ સમાજે,
"કૃષ્ણદાસનિ" કહે તાહિ સબ કોન ડર,
જાકે ઉપર શ્રીયમુનેસી ગાજે. ૨

શબ્દાર્થ : અઘ-પાપ, સરે-પરિપૂર્ણ થાય, બ્રજવધૂ-વ્રજભક્તો

ભાવાર્થ : શ્રીયમુનાજીનું નામ માત્ર લેવાથી પાપનો નાશ થાય છે. શ્રીઠાકોરજીને આપનાં ગુણગાન પ્રિય લાગે છે. તેથી જે ભક્ત આપનાં ગુણગાન ગાય છે તે સાંભળવા શ્રીઠાકોરજી તે ભક્તની સન્મુખ આવીને બિરાજે છે. (૧)

તે જ ક્ષણે તેનાં (ભક્તનાં) બધાં કાર્યો સિદ્ધ થઈ જાય છે અને વ્રજભક્તોના યૂથમાં તેનો નિવાસ થાય છે. "કૃષ્ણદાસજી" કહે છે કે જેના મસ્તક પર શ્રીયમુનાજી બિરાજતાં હોય તેને હવે શાનો ડર ? (૨)

પદ-૩૪ (રામકલી)

શ્રીયમુનાજીકો નામ તેઈ જુ લેહેં,
જાકી લગન લગી નંદલાલ સોં,
સર્વસ્વ દેકેં નિકટ રહે હે. ૧
જિનહીં સુગમ જાનિ, બાત મનમેં જુ માનિ,
બિના પહેચાની કૈસે જુ પૈયે,
"કૃષ્ણદાસનિ" કહે, શ્રીયમુને નામ-નૌકા,
ભકત ભવ-સિંધુતેં યોંહિ તરિયેં. ૨

શબ્દાર્થ : લગન-લગની, પૈયે-પ્રાપ્ત કરીએ, ભવસિંધુ-સંસાર સાગર.

ભાવાર્થ : જેને શ્યામસુંદરની લગની લાગી હોય અને જે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરીને તેમની નિકટ રહેતો હોય તે જ ભક્ત શ્રીયમુનાજીનું નામ સ્મરણ કરી શકે છે. (૧)

એક વાત મનમાં સમજી લેવી કે આપનાથી જ જીવનો ઉદ્ધાર કરવાનું કાર્ય સુગમ છે, કારણ કે વગર સમજે આપના સ્વરૂપને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? "કૃષ્ણદાસજી" કહે છે કે શ્રીયમુનાજીની નામરૂપી નૌકાથી ભક્તો ભવસાગરને સહેલાઈથી તરી જાય છે. (૨)

પદ-૩૫ (રામકલી)

શ્રીયમુને તુમસી એક હો જુ તુમહીં,
કરિ કૃપા દરસ નિસવાસર દીજિયે,
તિહારે ગુણગાનકોં રહે ઉદ્યમહીં. ૧
તિહારે પાયે તેં, સકલ નિધિ પાવહીં,
ચરણ-કમલ, ચિત્ત ભ્રમર ભ્રમહીં,
"કૃષ્ણદાસનિ" કહે કોન યહ તપ કિયો,
તિહારે ઢિંગ રહત હેં લતા-દ્રુમહીં. ૨

**શબ્દાર્થ :** નિસવાસર-રાતદિવસ, ઉદ્યમ-કાર્ય, ઢિંગ-પાસે, દ્રુમ-વૃક્ષ, ભ્રમર-ભમરો.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! આપના સમાન કૃપાળુ તો આપ એક જ છો. આપ એવી કૃપા કરો કે આપના રસનિધિ સ્વરૂપનાં દર્શન નિત્ય થાય અને અમે આપના રહસ્યમય ગુણગાનમાં તત્પર રહીએ. (૧)

આપની પ્રાપ્તિ કર્યા પછી સર્વ નિધિરૂપ પ્રભુનું મિલન થાય છે. તેથી આપના ચરણારવિંદમાં મારો મનરૂપી ભમરો ભ્રમણ કર્યા જ કરે છે. "કૃષ્ણદાસજી" કહે છે કે લતા અને વૃક્ષોએ એવાં કેવા તપ કર્યા હશે કે તે આપની નિકટ સદા રહે છે. ? (૨)

પદ-૩૬ (રામકલી)

એસી કૃપા કીજિયેં લીજિયેં નામ,
શ્રીયમુને જગવંદની, ગુણ ન જાત કાહુ ગિની,
જિનકે એસે ધની, સુંદર શ્યામ. ૧
દેત સંયોગ રસ, એસે પિયુ હે જુ બસ,
સુનત તિહારો સુજસ, પૂરે સબ કામ,
"કૃષ્ણદાસનિ" કહે, ભકત હિત કારને.
શ્રીયમુને એક છિન નહિ કરે વિશ્રામ. ૨

**શબ્દાર્થ :** જગવંદની-જગતને વંદન કરવા યોગ્ય, સુજશ-સારી કીર્તિનાં ગાન.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી આપ મારા પર એવી કૃપા કરો કે હું આપનું નામ સ્મરણ સતત કર્યા જ કરું. જેમના પતિ શ્યામ સુંદર છે, જેમના ગુણ ગાઈ શકાય



નહીં તેવા છે, એવાં હે શ્રીયમુનાજી ! આપ જગતમાં વંદન કરવા લાયક છો. (૧)

આપે પ્રિયને એવા વશ કર્યા છે કે આપના સુયશ શ્રવણ માત્રથી ભક્તને શ્રીઠાકોરજી સંયોગ રસનું દાન કરે છે અને તેની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે. "કૃષ્ણદાસજી" કહે છે કે, ભક્તોના હિતને માટે શ્રીયમુનાજી એક ક્ષણ પણ વિશ્રામ કરતાં નથી. (૨)

પદ-૩૭ (રામકલી)

શ્રીયમુનેકે સાથ અબ ફિરતહેં નાથ,
ભક્તકે મનકે મનોરથ પૂરન કરત,
કહાંલો કહિયે ઈનકી જુ ગાથ. ૧
વિવિધ શૃંગાર આભૂષણ પહેરેં,
અંગ-અંગ શોભા, બરની ન જાત,
"દાસ-પરમાનંદ" પાયે અબ બ્રજચંદ,
રાખે અપને શરણ, બહે જુ જાત. ૨

**શબ્દાર્થ :** ગાથ-ચરિત્ર, પાયે-પ્રાપ્ત કર્યા, બહે જુ જાત-વહી જાત.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી સાથે શ્રીઠાકોરજી હમેશાં વિહાર કરે છે. શ્રીયમુનાજી ભક્તના સર્વ મનોરથ પૂર્ણ કરે છે. આપના અદ્‌ભુત ચરિત્રનું વર્ણન કેટલું કરીએ ? (૧)

આપ વિવિધ શૃંગાર તથા આભૂષણો ધારણ કરો છો જેથી આપના શ્રીઅંગની શોભા અવર્ણનીય બની જાય છે. "પરમાનંદદાસજી" કહે છે કે સંસાર સાગરમાં વહી જતા દૈવી જીવોને આપે શરણમાં રાખી શ્રીઠાકોરજીને પ્રાપ્ત કરાવ્યા છે. (૨)

પદ-૩૮ (રામકલી)

શ્રીયમુનેકી આસ, સબ કરત હેં દાસ,
મન-કર્મ-વચન, કર જોરિકેં માગત,
નિસદિના રાખીયે અપને જુ પાસ. ૧
જહાં પિય રસિકવર, રસિકનિ રાધિકા,
દોઉ જન, સંગ મિલ કરત રાસ,
"દાસ પરમાનંદ" પાયે અબ બ્રજચંદ,
દેખી સિરાને, નેન મંદ હાસ. ૨

**શબ્દાર્થ :** સિરાને-શીતળ, રસિકની-રસનિધિસ્વરૂપ.

**ભાવાર્થ :** "પરમાનંદદાસજી" કહે છે કે હે શ્રીયમુનાજી! હું કેવળ આપના

જ આશ્રયની આશા રાખું છું અને મન, કર્મ, વચનથી હાથ જોડીને એટલું જ માગું છું કે હમેશાં મને આપની પાસે જ રાખો. (૧)

"પરમાનંદદાસજી" કહે છે કે, જ્યાં રસિક શિરોમણી શ્રીઠાકોરજી અને રસિકની શ્રીરાધિકા સાથે મળીને યુગલ-સ્વરૂપે રાસ કરે છે અને તે સમયે મંદ હાસ્ય કરે છે, એવા વ્રજચંદને હવે પ્રાપ્ત કરીને મારાં નેત્રો શીતળ થયાં છે. (૨)

### પદ-૩૯ (રામકલી)

શ્રીયમુને પિયકોં, બસ તુમ જુ કીને,
પ્રેમકે ફંદતેં ગહિ જુ રાખે નિકટ,
એસે નિરમોલ, નગ મોલ લીને. ૧
તુમ જુ પઠાવત, તહાં અબ ધાવત
તિહારે રસ-રંગમેં, રહત ભીને,
"દાસ પરમાનંદ" પાયે અબ બ્રજચંદ,
પરમ ઉદાર, શ્રીયમુને જુ દીને. ૨

**શબ્દાર્થ :** ફંદ-પાશ (બંધન), મોલ લીને-ખરીદી લીધા છે.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! પ્રીતમને તો આપે જ વશ કર્યા છે. જાણે અમૂલ્ય હીરો કેમે કરીને ખરીદી ન લીધો હોય તેમ આપે પ્રભુને પ્રેમપાશમાં પકડીને આપની નિકટ રાખ્યા છે. (૧)

આપ જ્યાં પધરાવો છો ત્યાં જ પ્રભુ દોડતા પધારે છે અને આપના રસસંગમાં સદા ભીંજાયેલા રહે છે. "પરમાનંદદાસ" કહે છે કે શ્રીયમુનાજી આપ એટલાં ઉદાર છો કે આપની ઈચ્છાથી જ વ્રજચંદનું દાન અમને થયું છે. (૨)

### પદ-૪૦ (રામકલી)

શ્રીયમુને સુખકારની - પ્રાણપતિકે,
જિન્હે ભૂલી જાત પિય, તિન્હે સુધિ કરી દેત,
કહાંલૌં કહિયે ઈનકે જુ હિતકે. ૧
પિયસંગ ગાન કરે, ઉમગિ જ્યોં રસ ભરે,
દેત તારી કર, લેત ઝટકે,
"દાસ પરમાનંદ" પાયે અબ બ્રજચંદ,
યેહી જાનત સબ પ્રેમ ગતિકે. ૨

**શબ્દાર્થ :** સુધિ-યાદ, ઉમગિ-ઉમંગથી, પ્રેમ ગતિકે-પ્રેમની રીતને.

**ભાવાર્થ :** હે યમુનાજી, આપ પ્રીતમને સુખ કરનારાં છો શ્રીજી જેને ભૂલી જાય તેની યાદ આપ શ્રીજીને કરાવનારાં છો. આપ ભક્તનું હિત કરનારાં છો. તેનું



વર્ણન કેટલું કરીએ ? (૧)

રાસ કરતી વખતે પ્રિયતમની સાથે ઉમંગથી રસભર્યાં આપ ગાન કરો છો અને ઝટકા સાથે તાલી આપો છો અને લો છો. "પરમાનંદદાસજી" કહે છે કે આપની કૃપાથી મને વ્રજચંદ પ્રાપ્ત થાય છે. હે યમુનાજી ! ભક્તના પ્રેમની સર્વ રીત આપ જાણો છો. (૨)

### પદ-૪૧ (રામકલી)

શરણ-પ્રતિપાલ ગોપાલ રતિ-વર્ધિની,
દેત પતિ-પંથ, પ્રિય-કંથ સન્મુખ કરત,
અતુલ કરુણામયી નાથ-અંગ-અર્ધિની. ૧
દીનજન જાન, રસ-પુંજ કુંજેશ્વરી,
રમત રસ-રાસ, પ્રિય-સંગ, નિશ-શરદની,
ભક્તિ દાયક, સકલ ભવસિંધુ-તારિણી,
કરત વિધ્વંસ, જન અખિલ અઘ-મર્દિની. ૨
રહત નંદ-સૂનુ, તટ નિકટ નિસદિન સદા,
ગોપ-ગોપી રમત, મધ્ય રસ-કંદની,
કૃષ્ણ-તન-વર્ણ, ગુણ-ધર્મ-શ્રી કૃષ્ણ કે,
કૃષ્ણ-લીલામયી કૃષ્ણ-સુખકંદની. ૩
પદ્મજા પાય, તૂ-સંગ હી મુરરિપુ,
સકલ સામર્થ્યમયી પાપકી ખંડની,
કૃપા-રસ-પૂર, વૈકુંઠ-પદકી સિઢી,
જગત વિખ્યાત-શિવ-શેષ શિર-મંડની. ૪
પર્યો પદ-કમલ-તર, ઓર સબ છાંડકે,
દેખ દૃગ કર દયા, હાસ્ય-મુખ-મંદની,
ઉભય કર જોર, "કૃષ્ણદાસ" વિનતિ કરે,
કરો અબ કૃપા, કલિંદ-ગિરિ-નંદિની. ૫

**શબ્દાર્થ :** વિધ્વંસ-નાશ, અઘમર્દિની-પાપનો નાશ કરનારી, મંડની-આભૂષણ, દગ-દષ્ટિ, સૂનુ-પુત્ર, ઉભય-બંને, રતિ-વર્ધિની-પ્રેમ વધારનારાં.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! શરણે આવેલા દૈવીજીવોનું આપ પાલન કરો છો, શ્રીઠાકોરજીમાં પ્રીતિ વધારો છો અને પ્રાણનાથના સાંનિધ્યમાં જવાનો માર્ગ બતાવી એ જીવને પ્રભુની સન્મુખ કરાવો છો. એવાં આપ શ્રીકૃષ્ણની અર્ધાંગના મહાકરુણાનિધિ છો. (૧)

આપ રસના પુંજ સમાન કુંજોના અધિષ્ઠાત્રી છો. શરદની રાત્રિઓમાં પ્રાણનાથની સાથે આપ રાસરમણ કરો છો. શરણે આવેલા ભક્તને દીનજન જાણીને તેના સર્વ પાપોનો વિનાશ કરવાવાળાં પાપમર્દિની છો. ભક્તિનું દાન કરી સંસાર સાગરમાંથી પાર ઉતારનારાં પણ આપ જ છો. (૨)

રસિકશિરોમણી નંદકિશોર આપના તટની સાંનિધ્યમાં સદા રાત્રિ-દિવસ બિરાજે છે. રસસમૂહ જેવા આપ ગોપ-ગોપીઓના યૂથની મધ્યમાં રહી રમણ કરો છો. કૃષ્ણની લીલામાં આપ એવાં તન્મય બની ગયાં છો કે આપના અંગનો વર્ણ, આપનાં ગુણ અને આપનાં ધર્મ પણ શ્રીકૃષ્ણ જેવા જ બની ગયા હોઈ કૃષ્ણને સુખ આપનારાં આપ બન્યાં છો. (૩)

આપના સંગથી ગંગાજી પણ મુરરિપુ શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરી શક્યા છે. જેથી તેઓ સર્વપ્રકારના સામર્થ્યવાળાં બનીને જીવનાં પાપોને હણનાર બન્યાં છે. આપ એટલાં બધાં કૃપારસથી પરિપૂર્ણ છો કે જીવને સંસારમાંથી ગોલોકધામ સુધી પહોંચાડનાર સીડીરૂપ બન્યાં છો. આપ શિવજી અને શેષજીનાં શિરોભૂષણ બનીને જગતમાં ખ્યાતિ પામ્યાં છો. (૪)

"કૃષ્ણદાસજી" આપને બંને હાથ જોડીને વિનંતી કરે છે કે હે મંદ હાસ્ય મુખારવિંદવાળાં શ્રીયમુનાજી ! સર્વ સંસારને છોડીને હું આપના ચરણકમલમાં જ પડયો છું. તો હે કલિંદગિરિનંદિની ! મને અતિ દીન જાણીને મારા તરફ દયાની દૃષ્ટિથી જુઓ. (૫)

પદ-૪૨ (બિભાસ)

દીન જાન મોહે દીજેં શ્રીયમુનાજી,
નંદકુમાર સદા વર માંગો,
ગોપિનકી દાસી મોહે કીજેં. ૧
તુમતો પરમ ઉદાર કૃપા નિધિ,
ચરણ શરણ સુખકારી,
તિહારે વશ સદા લાડિલી વર્તત,
તત ક્રીડત ગિરિધારી. ૨
સબ બ્રજજન વિહરત સંગ મિલ,
અદ્‌ભુત રાસ વિલાસી,
તુમારે પુલિન નિકટ કુંજન,
દ્રુમ કોમલ શશી સુવાસી. ૩
જ્યોં મંડલમેં ચંદ બિરાજત,
ભર ભર છિરકત નારી,
શ્રમજલ હસત ન્હાત અતિ રસભર,



જલ ક્રીડા સુખકારી. ૪
રાનીજીકે મંદિરમેં નિત્ય ઉઠ,
પાય લાગ ભુવન કાજ સબ કીજેં
"પરમાનંદ દાસ " દાસી હોય,
નંદ નંદન સુખ દીજે. ૫

શબ્દાર્થ : પુલિન-કિનારો, શશી-ચંદ્ર, છિરકત-છાંટવું.

ભાવાર્થ : પરમાનંદદાસજી દીન બનીને શ્રીયમુનાજી પાસે માગે છે કે નંદકુમાર સદાને માટે મારા પતિ થાઓ અને મને ગોપીજનોની દાસી બનાવો. (૧)

હે શ્રીયમુનાજી આપ તો પરમ ઉદાર અનેક કૃપાના ભંડાર છો. આપના ચરણનું શરણ સુખદાયક છે. શ્રીસ્વામિનીજી પણ સદા આપને વશ થઈને રહે છે. શ્રીગિરિધારીજી પણ સદા આપના તટ પર ક્રીડા કરે છે. (૨)

તેમની સાથે બધા વ્રજજનો વિહાર કરે છે અને અદ્‌ભુત રાસ-વિલાસ પણ કરે છે. આપના તટની નજીકની કુંજોમાં વૃક્ષો પરનાં પુષ્પો પણ ખીલ્યાં છે અને તેની સુવાસ બધે પ્રસરી રહી છે. પ્રભુના મનરૂપી અલૌકિક ચંદ્ર ઉદય પામ્યો છે જેના કોમલ અને સુવાસિત કિરણો સર્વત્ર ફેલાઈ રહ્યાં છે. (૩)

જેમ આકાશમાં તારાગણોની વચ્ચે ચંદ્ર શોભે છે. તેમ આ વ્રજજનોના મંડળની મધ્યમાં શ્રીઠાકોરજી શોભી રહ્યા છે અને જલવિહાર કરતાં ગોપીજનો શ્રમજલની અંજલિઓ પ્રભુ પર છાંટે છે. શ્રમજલરૂપી શ્રીયમુનાજી પણ પ્રસન્ન થાય છે. વ્રજભક્તો અને પ્રભુ રસભર્યા આ શ્રમજલમાં નહાય છે અને સુખકારી જલક્રીડા કરે છે. (૪)

ભક્તે હમેશાં ઊઠીને શ્રીયમુનાજીના મંદિરમાં દંડવત્ કર્યા પછી જ ઘરના કામ કરવાં. "પરમાનંદદાસજી" કહે છે કે, "હે યમુનાજી ! જે આપનાં દાસ દાસીઓ બને તેમને નંદનંદનની પ્રાપ્તિનું સુખ આપજો." (૫)

પદ-૪૩ (બિભાસ)

દોઉ કૂલ ખંભ તરંગ સિઢી,
શ્રીયમુના જગત વૈકુંઠ નિશ્રેની,
અતિ અનુકૂલ કલ્લોલન કે ભરલિયેં,
જાત હરિકેં ચરણને સુખ દેની. ૧
જન્મ જન્મકે પાપ દૂર કર,
કાટત કર્મ ધર્મ ધાર પેની,
"છીતસ્વામી" ગિરિધર-જૂકી પ્યારી,
સાંવરે અંગ કમલ દલ નેની. ૨

શબ્દાર્થ : નિશ્રેની-નિસરણી, કલોલ-આનંદ, કમલ-દલ-કમળની પાંખડી જેવાં, નેની-નેત્રો.

ભાવાર્થ : નિસરણીને બે ખંભ અને વચમાં પગથિયાં હોય છે. તેમ શ્રીયમુનાજીના બે તટ એ ખંભ છે. તેમાં આવતા તરંગો એ પગથિયાં છે. આમ શ્રીયમુનાજી આ જગતમાંથી વ્યાપી વૈકુંઠમાં જવાની નિસરણીરૂપ છે. તરંગો ઉપર પગ મૂકતાં ડૂબી જવાય પણ શ્રીયમુનાજી તો એવા અનુકૂળ છે કે આનંદભર્યા હરિના ચરણ સુધી પહોંચાડીને ભક્તને સેવારૂપી સુખ આપે છે. (૧)

શ્રીયમુનાજી જીવોના અનેક જન્મોના પાપ, ધર્મરૂપી તીક્ષ્ણ તલવારની ધારથી કાપી નાખે છે અને તેમને પાપરહિત બનાવે છે. "છીતસ્વામી" કહે છે કે આવાં શ્રીયમુનાજી ઠાકોરજીના પ્યારાં છે, સુંદર અંગોવાળાં છે અને કમલની પાંખડી જેવા નેત્રોવાળાં છે. (૨)

### પદ-૪૪ (બિભાસ)

મેરે કુલ કલમષ સબહીં નાસેં,
દેખ પ્રાત પ્રભાકર કન્યા,
વે દેખો પાપજાત જિત તિતતેં,
જ્યોં મૃગરાજ દેખમૃગ સન્યા. ૧
પોષત દે પયપાન પુત્રલોં,
હે જગજનની ધન્ય સુધન્યા,
દિયો ચાહે "ગદાધર" હૂં કો,
ચરન કમલ નિજ, ભક્તિ અનન્યા. ૨

શબ્દાર્થ : કલમષ-કલિયુગના દોષો, પ્રભાકર-સૂર્ય, મૃગરાજ-સિંહ, સન્યા-સેના, લશ્કર, પય-દૂધ.

ભાવાર્થ : સૂર્યપુત્રી શ્રીયમુનાજીનાં સવારમાં દર્શન કરવાથી મારા કૂળના સર્વ પાપોનો નાશ થયો છે. જેમ મૃગરાજ સિંહને દેખતાં જ મૃગલાંઓની આખી સેના નાસી જાય તેમ શ્રી યમુનાજીનાં દર્શન કરવાથી મારા પાપ નાશ પામે છે. (૧)

જેમ સ્નેહાળ માતા પયપાન કરાવી પુત્રનું પોષણ કરે છે તેમ જગજનની શ્રીયમુનાજી પોતાના જીવોને પયપાન એટલે કે શ્રીયુગલ સ્વરૂપની અનેક પ્રકારની લીલાઓના મધુર રસથી પોષે છે. હે શ્રીયમુનાજી ! આપને કોટિશઃ ધન્યવાદ છે. આવા શ્રીયમુનાજી "ગદાધરદાસજી" ને પણ ચરણકમળની અનન્ય ભક્તિ આપીને કૃપા કરો. (૨)



### પદ-૪૫ (રામકલી)

અતિ મંજુલ જલપ્રવાહ મનોહર સુખાવગાહન
વિદિત રાજત અતિ તરણિ - નંદિની
શ્યામ બરન ઝલકરૂપ લોલ લહર વર.
અનૂપ સેવિત સંતત મનોજ વાયુ મંદિની. ૧
કુમુદ કંજ વન વિકાસ મંડિત દિસ,
સુવાસ કૂજત અલિ હંસ કોક મધુર છંદિની,
પ્રફુલ્લિત અરવિંદ પંજ કોકિલ કલસાર ગુંજ,
ગાવત અલિ મંજુ પુંજ વિવિધ વંદની. ૨
નારદ શિવ સનક વ્યાસ ધ્યાવત મુનિધરત
આસ, ચાહત પુલિનવાસ, સકલ દુઃખ નિકંદિની,
નામ લેત કટત, પાપ, મુનિ, કિન્નર ઋષિ,
કલાપ કરત જાપ, "પરમાનંદ" મહા આનંદિની. ૩

શબ્દાર્થ : મંજુલ-મધુર, તરણિ-સૂર્ય, લોલ-સુંદર, મનોજ-કામદેવ, અલિ-ભમરો, કોક-સારસ, અરવિંદ-કમળ, કલાપ-સમૂહ, સંતત-સતત.

ભાવાર્થ : જેમનો જલપ્રવાહ મધુર ધ્વનિવાળો, મનોહર અને સુખકારી છે એવાં સૂર્યપુત્રી શ્રીયમુનાજી ખૂબ શોભી રહ્યાં છે. આપના શ્યામ શ્રીઅંગ ઉપર મનોહર અને અનુપમ જળની લહેરો ઝલકી રહી છે અને કામરૂપ વાયુ સતતમંદ મંદ વાઈ રહ્યો છે. (૧)

(ચંદ્ર વિકાસી) પોયણાં અને (સૂર્ય વિકાસી) કમળો વનમાં ખીલી રહ્યાં છે અને તેમની સુવાસ દશે દિશાઓમાં પ્રસરી રહી છે. ભમરાઓ, હંસ અને સારસ મધુર અવાજે ગાઈ રહ્યાં છે તે જાણે કોઈ મધુર છંદ ન આલાપી રહ્યાં હોય ! કમલોના સમૂહ ખીલ્યા છે. કોયલ મધુર કૂંજન કરે છે અને ભમરાઓનાં ટોળાં મધુર ગુંજારવ કરી રહ્યાં છે. તે બધા જાણે વિવિધ પ્રકારથી વંદન ન કરી રહ્યાં હોય ! (૨)

નારદ, શિવ, સનકાદિક, વ્યાસ અને મુનિઓ આપના તટ ઉપર ધ્યાન ધરી રહ્યા છે. મનમાં એવી આશા રાખે છે કે તેમને આપના પુલિન પર વસવાનું મળે, કારણ કે આપ બધાં દુઃખોનો નાશ કરવાવાળાં છો. આપનું નામ લેવાથી બધાં પાપો નાશ પામે છે. મુનિઓ, કિન્નરો અને ઋષિઓના સમૂહો આપના તટ પર જાપ જપે છે. "પરમાનંદદાસ" કહે છે કે આપ મહા આનંદ આપવાવાળાં છો. (૩)

### પદ-૪૬ (રામકલી)

પ્રફુલ્લિત વન વિવિધ રંગ જલકત યમુના તરંગ
સૌરભ ધન આમોદિત અતિ સોહાવનો,
ચિંતામણી કનક ભૂમિ છબિ અદ્‌ભુત લતા ઝૂમિ,
શીતલમંદ અતિસુગંધ મરુત આવતો. ૧
સારસ હંસ શુક ચકોર ચિત્રિત નૃત્યતસુમોર,
કલ કપોત કોકિલા કલમધુર ગાવનો,
યુગલ રસિક વર વિહાર "પરમાનંદ" છબી અપાર
જયતિ ચારુ વૃંદાવન પરમ ભાવનો. ૨

**શબ્દાર્થ :** સૌરભ-સુગંધ, મરુત-પવન, કપોત-કબૂતર.

**ભાવાર્થ :** પ્રફુલ્લિત વનમાં રંગબેરંગી પુષ્પો ખીલ્યાં છે અને શ્રીયમુનાજીનાં જળમાં તરંગો ઝળકી રહ્યા છે. અત્યંત સોહામણો એવો સુગંધી પવન વાઈ રહ્યો છે. સુવર્ણમાં ચિંતામણી રત્નો ન જડેલાં હોય એવી ભૂમિ ચળકી રહી છે. અદ્‌ભુત લતાઓ ભૂમિ પર ઝૂકી (નમી) રહી છે. શીતલ, મંદ અને અતિ સુગંધિત પવન વાઈ રહ્યો છે. (૧)

સારસ, હંસ, પોપટ, ચકોર અને મોર નૃત્ય કરી રહ્યાં છે. કબૂતર અને કોકિલા એ લીલાના પક્ષી હોવાથી લીલાનાં દર્શન કરી ચિત્રવત્ બની ગયાં છે અને મધુર ગીત ગાઈ રહ્યાં છે. પરમાનંદ દાસ કહે છે કે રસિક યુગલ સ્વરૂપનો વિહાર શ્રેષ્ઠ છે અને એમની સુંદરતા અપાર છે. સુંદર એવું આદિ વૃંદાવન મનને અતિ પ્રિય લાગે તેવું છે. આવા વૃંદાવનનો જય થાઓ. (૨)

### પદ-૪૭ (રામકલી)

અધમ ઉધ્ધારની મેં જાની શ્રીયમુનાજી,
ગોધન સંગ શ્યામ ઘનસુંદર તીર ત્રિભંગીદાની. ૧
ગંગા ચરણ પરસતેં પાવન હરસિર ચિકુર સમાની,
સાત સમુદ્ર ભેદ યમ ભગિની, હરિ નખ સિખ લપટાની. ૨
રાસ રસિક મણિ નૃત્ય પરાયણ પ્રેમપુંજ ઠકુરાની,
આલિંગન ચુંબન રસ વિલસત, કૃષ્ણ પુલિન રજધાની. ૩
ગ્રીષ્મ ઋતુ સુખ દેત નાથકું, સંગ રાધિકા રાણી,
"ગોવિંદ પ્રભુ" રવિતનયા પ્યારી, ભકિત મુકિતકી ખાણી. ૪

**શબ્દાર્થ :** પરસતેં-સ્પર્શ કરતાં, ચિકુર-જટા, હર-મહાદેવ.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! આપ અધમોનો ઉદ્ધાર કરવાવાળાં છો એ હું



જાણું છું. શ્યામ ધન સુંદર સ્વરૂપ ઠાકોરજી ગાયોના સમૂહની સાથે, ત્રિભંગી સ્વરૂપે દાની બનીને આપના નયન મનોહર તટ ઉપર વિહાર કરે છે. (૧)

આપના ચરણના સ્પર્શથી ગંગાજી પવિત્ર બનતાં મહાદેવજીના શિર ઉપરની જટામાં સમાઈ ગયાં, પણ આપ તો યમરાજના ભગિની હોઈ સાત સમુદ્રને ભેદીને તેમાંથી બહાર નીકળી ગોલોકધામમાં પહોંચીને શ્રીઠાકોરજીને નખથી શિખા પર્યંત લપટાઈ ગયાં. (૨)

હે શ્રીયમુનાજી ! આપ રાસમાં રસિક મણિરૂપ છો, નૃત્યમાં પ્રવીણ છો અને પ્રેમનાં પૂંજરૂપ વ્રજભક્તોના ઠકુરાણીજી છો. આપ આલિંગન, ચુંબન વગેરે રસથી ઠાકોરજીને વિલાસ કરાવો છો. તેથી શ્રીકૃષ્ણની રાજધાની આપના પુલિનમાં છે. (૩)

ગ્રીષ્મઋતુમાં રાધિકારાણી સહિત આપ પ્રાણેશને પરમ સુખ આપો છો. ગોવિંદસ્વામી કહે છે કે, હે સૂર્યના પુત્રી શ્રીયમુનાજી ! આપ તો ભક્તિ અને મુક્તિની ખાણરૂપ છો. (૪)

### પદ-૪૮ (રામકલી)

શ્રીયમુનાજી યહ પ્રસાદ હોં પાઊં,
તુમ્હારે નિકટ રહોં, નિસિવાસર, રામકૃષ્ણ ગુણ ગાઊં. ૧
મજ્જન કરોં વિમલ જલ પાવન, ચિંતા કલેશ બહાઊં,
તિહારી કૃપાતેં ભાનુકી તનયા; હરિપદ પ્રીતિ બઢાઊં. ૨
વિનંતી કરોં યહી વર માંગો, અધમન સંગ વિસરાઊં,
"પરમાનંદ" પ્રભુ સબસુખ દાતા, મદન ગોપાલ લડાઊં. ૩

**શબ્દાર્થ :** પ્રસાદ-કૃપા, નિસ-વાસર-રાત-દિવસ, મજ્જન-સ્નાન, ભાનુકી તનયા-સૂર્યપુત્રી.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! આપ મારા ઉપર એવી કૃપા કરો કે હું રાત-દિવસ આપની નિકટ રહું અને શ્રીકૃષ્ણ અને શ્રી બળદેવજીનાં ગુણ ગાયા કરું. (૧)

હે સૂર્યનાં પુત્રી ! આપના પવિત્ર અને શુદ્ધ જળથી સ્નાન અને પાન કરું, ચિંતા અને કલેશને ફેંકી દઉં અને આપની કૃપાએ ભગવદ્ ચરણારવિંદમાં મારી પ્રીતિને વધારું. (૨)

હે યમુનાજી ! હું વિનંતી કરીને એ વરદાન માંગું છું કે અધમોનો સંગ હું વિસારી દઉં. "પરમાનંદદાસજી" કહે છે કે સર્વસુખદાતા એવા મદનગોપાલને હું લાડ લડાવ્યા કરું. (૩)

पद-४९ (रामकली)

યમુના યમુના ગોપાલહીં ભાવે,
યમુના યમુનાકો નામ ઉચ્ચારત,
ધર્મરાજ તાકી ન ચલાવે. ૧
જે યમુનાકો જાન માહાત્મ્ય વારંવાર પ્રણામ કરે.
તે યમુના અવગાહન મજ્જન ચિંતિત તાપ તન કે જુ કરે. ૨
પદ્મ પુરાણ કથા યહ પાવન,
ધરણી પ્રતિ વારાહ કહી.
તીર્થ માહાત્મ્ય જાન જગત,
ગુરુસો "પરમાનંદદાસ" લહી. ૩

શબ્દાર્થ : ધરણી-પૃથ્વી, તાકી-તેની, મજ્જન-સ્નાન.

ભાવાર્થ : શ્રીયમુનાજી ગોપાલને પણ પ્રિય છે. કોઈપણ પાપી જીવ યમુના, યમુના નામનો ઉચ્ચાર કરે તો ધર્મરાજ તેના પર પોતાની સત્તા ચલાવતા નથી. (૧)

જે શ્રીયમુનાજીનું માહાત્મ્ય જાણીને તેમને વારંવાર પ્રણામ કરે, તેમનું સ્મરણ કરે, તેમના જળમાં સ્નાનપાન કરે અને તેમનું ચિંતન કરે તો તેના ત્રિવિધ તાપ શ્રી યમુનાજી નાશ કરે છે. (૨)

પદ્મ પુરાણમાં શ્રીયમુનાજીની આ પવિત્ર કથા કહેલી છે અને વરાહભગવાને પૃથ્વીને પણ આ કથા કહી છે. "પરમાનંદદાસે" તીર્થનું માહાત્મ્ય જગદ્‌ગુરૂ શ્રીમહાપ્રભુજી પાસેથી જાણીને ગ્રહણ કર્યું છે. (૩)

પદ-૫૦ (રામકલી)

શ્રીયમુનાજી પતિત પાવન કરે,
પ્રથમહીં જબ દીયો દર્શન, સકલ પાતક હરે. ૧
જલ તરંગન પરસ કર, પય પાનસો મુખ ભરે,
નામ સ્મરત ગઈ દુર્મતિ, કૃષ્ણ યશ વિસ્તરે. ૨
ગોપ કન્યા કિયો મજ્જન, લાલ ગિરિધર વરે;
"સૂર" શ્રી ગોપાલ સ્મરત, સકલ કાર્ય સરે. ૩

શબ્દાર્થ : પાતક-પાપ, પાવન કરે-પવિત્ર કરે

ભાવાર્થ : શ્રીયમુનાજી પતિતોને પાવન કરે છે. આપનાં દર્શન માત્રથી સર્વ પ્રકારના પાપોનો નાશ થઈ જાય છે. (૧)

આપના જલના તરંગોનો સ્પર્શ કરવાથી, આપનું જલપાન કરવાથી અને આપના નામનું સ્મરણ કરવાથી જીવની દુર્મતિનો નાશ થાય છે અને ભક્ત શ્રીકૃષ્ણના



યશોગાન ગાવા લાગી જાય છે. (૨)

અગ્નિકુમારિકાઓએ ગોપમાસમાં કાત્યાયની વ્રત કર્યું અને શ્રીયમુનાજીમાં સ્નાન કર્યું. તેથી તેઓને આપની કૃપા પ્રાપ્ત થઈ. જેથી તેઓ શ્રીઠાકોરજીને પતિ તરીકે પ્રાપ્ત કરી શક્યાં. "સૂરદાસજી" કહે છે કે શ્રી ગોપાલનું સ્મરણ કરતાં જીવન સકલ કાર્યો સિદ્ધ થાય છે. (૩)

પદ-૫૧ (રામકલી)

શ્રીયમુનાજી તિહારો દરસ મોહિ ભાવેં,
શ્રીગોકુલકે નિકટ બહત હે,
લહરનકી છબિ આવેં. ૧
સુખ દૈની દુઃખી હરની શ્રીયમુનાજી,
જે જન પ્રાત ઉઠિ ન્હાવેં.
મદન મોહન જુકી અતિહી પિયારી,
પટરાની જુ કહાવેં. ૨
વૃંદાવનમેં રાસ રચ્યો હૈ, મોહન મુરલી બજાવેં,
"સૂરદાસ" પ્રભુ તિહારે મિલન કોં,
વેદ વિમલ જસ ગાવેં. ૩

શબ્દાર્થ : નિકટ-નજીક, વિમલ-વિશુદ્ધ, જસ-યશ.

ભાવાર્થ : હે શ્રીયમુનાજી ! આપના દર્શન મને પ્રિય લાગે છે. આપ ગોકુળના ઠકુરાણી ઘાટની નજીક વહી રહ્યાં છો. આપના જળમાં જે લહેરો આવે છે તેમાં આપના સ્વરૂપનાં દર્શન થાય છે. (૧)

જે ભક્તજન પ્રાતઃકાળે આપના જળમાં સ્નાન કરે છે તેના સર્વ દુઃખ હરીને તેને આપ સુખ આપો છો. હે શ્રીયમુનાજી ! આપ તો મદનમોહનજીનાં પ્યારાં પટરાણી છો. (૨)

પ્રભુએ વૃંદાવનમાં મોરલી બજાવીને મહારાસ કર્યો છે. "સૂરદાસજી" કહે છે કે હે પ્રભુ ! વેદ પણ આપને મળવાને માટે આપના શુદ્ધ યશને ગાય છે. (૩).

પદ-૫૨ (રામકલી)

તિહારો દરસ હો પાઉં શ્રીયમુનાજી,
શ્રીગોવર્ધન શ્રીવૃંદાવન વ્રજરજ અંગ લગાઉં. ૧
દિનદશપાંચ રહો, શ્રીગોકુલ ઠકરાણી ઘાટ હો ન્હાઉં,
દાસનકે ઉપર કહો કૃપા સંતન કે સંગ આઉં. ૨

શબ્દાર્થ : તિહારો-તમારો, સંતન-ભગવદીય, પાઉં-પ્રાપ્ત કરું.

ભાવાર્થ : હે શ્રીયમુનાજી ! હું આપના દર્શન પામું, શ્રીગોવર્ધન તળેટી, શ્રીવૃંદાવન, રમણ રેતી આદિની સર્વ વ્રજરજ હું મારા અંગમાં લગાવું (૧)

હું પાંચ-દશ દિવસ શ્રીગોકુળમાં રહી શ્રીઠકુરાણી ઘાટ પર સ્નાન કરું. આ "દાસ" ઉપર એવી કૃપા કરો કે હું ભગવદીયોની સાથે આપની પાસે આવું. (૨)

### પદ-૫૩ (રામકલી)

શ્રીયમુનાજીકી મહિમા મોપેં બરની ન જાઈ,
સૂર સુતા ઘનશ્યામ વરણ પ્રફુલ્લિત રૂપ નિકાઈ. ૧
શ્રીહરિ ગોપવધૂ દ્વિજ-સબ, શ્રીગોકુલ કે લરકાઈ,
"વ્રજાધીશ" પ્રભુ આદિભક્તન કો, સકલ સિધ્ધિ સુખદાઈ. ૨

શબ્દાર્થ : મોપેં-મારાથી, નિકાઈ-ખીલ્યું છે, સૂર-સૂર્ય, લરકાઈ-બાળકો.

ભાવાર્થ : શ્રીયમુનાજીનો મહિમા એટલો બધો છે કે મારાથી એમનુ વર્ણન થઈ શકતું નથી. હે સૂર્યના પુત્રી ! તમારો રંગ ઘનશ્યામ છે અને આપનું રૂપ અદ્‌ભુત ખીલ્યું છે. (૧)

શ્રી "વ્રજાધીશજી" મહારાજ કહે છે કે શ્રીહરિ, ગોપ-વધૂ, બ્રાહ્મણો, બધા ગોકુલના બાળકો વગેરે ભક્તોને શ્રીયમુનાજી સર્વ પ્રકારની સિધ્ધિ અને સુખ આપવાવાળાં છે. (૨)

### પદ-૫૪ (રામકલી)

શ્રીયમુનાજી તુમ સમ ઓર ન કોઈ,
કરો કૃપા મોહિ દીન જાન કેં નિજ વ્રજવાસો હોઈ. ૧
રાખો ચરન શરન તરનિ, તનયા જન્મ આપદા ખોઈ,
યહ સંસાર સબ સ્વારથ કો સબવિધ, સુત બંધુ સગો ન કોઈ. ૨
પ્રેમ ભજન મેં કરત વિઘ્નતા સંતસંતાપે સોઈ,
તાકો સંગ મોહિ સપને ન દીજે, માંગત નયન ભર રોઈ. ૩
ગરલ પાન ડારત અમૃતમેં, વિષયા રસસોં મોહી,
"રસિક" કહે દીન હોય માંગૂ, લહર સમુદ્ર સમોહી. ૪

શબ્દાર્થ : ગરલ-ઝેર, જન્મ આપદા-જન્મવાનું દુ:ખ, તરનિ-સૂર્ય, તનયા-પુત્રી.

ભાવાર્થ : હે શ્રીયમુનાજી ! આપના સમાન બીજું કોઈ નથી. શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે મને દીન જાણીને આપના વ્રજમાં વાસ આપવાની મારા પર કૃપા કરો. (૧)

હે સૂર્યપુત્રી ! મને આપના ચરણમાં રાખો અને જન્મ-મરણની જંજાળમાંથી મુક્ત કરો. આ આખોયે સંસાર સ્વાર્થી છે. પુત્ર, બંધુ સગા સૌ કોઈ સ્વાર્થ વિના



સગા થતાં નથી. (૨)

"શ્રી હરિરાયજી" આંખમાં આંસુ લાવીને શ્રીયમુનાજીને વિનંતી કરે છે કે પ્રેમ ભજનમાં વિઘ્ન કરનારાં અને ભગવદ્-ભક્તોને દુ:ખ આપે તેવા જીવોનો સંગ મને સ્વપ્નમાં પણ આપશો નહીં. (૩)

સંસારીજનો વિષયરસથી ભરેલાં છે. તેઓ ભક્તિરસરૂપી અમૃતમાં વિષયોનું ઝેર નાંખીને અમૃતને ઝેર સમાન બનાવી દે છે. માટે "શ્રી હરિરાયજી" કહે છે કે શ્રીયમુનાજી પ્રેમના સમુદ્રરૂપ છે અને પોતે તે સમુદ્રની એક લહેર છે. આપ દીન બની ને એવી માગણી કરે છે કે જેમ સમુદ્રની લહેર સમુદ્રમાં જ સમાઈ જાય છે તેમ હું શ્રીયમુનાજીનો જ છું માટે હું પણ સમુદ્રની લહેરની જેમ શ્રીયમુનાજીમાં જ સમાઈ જાઉં. (૪)

### પદ-૫૫ (રામકલી)

શ્રીયમુના યમુના નામ ભજો,
હરખત કરો આરાધન ઈનકો, ઔરકો પંથ તજો. ૧
દેહે સકલ પદારથ તુમકો ઈનકે નામ ભજો,
"વ્રજ પતિ" કી અતિહીં પ્યારી તાતેં સકલ શૃંગાર સજો. ૨

શબ્દાર્થ : હરખત-હરખથી, આરાધન-સ્મરણ.

ભાવાર્થ : તમે શ્રીયમુનાજીના નામનું સ્મરણ કરો. બીજો માર્ગ તજીને તમે હરખથી શ્રીયમુનાજીની સેવા કરો. (૧)

કેવળ એમના નામનો જ જો તમે આશ્રય (ભજન) કરશો તો તેઓ તમને બધા પદાર્થો આપશે. તેઓ "શ્રી વ્રજપતિજી"નાં અતિ વહાલાં છે, માટે તેમને બધા શૃંગાર સજાવો. (૨)

### પદ-૫૬ (રામકલી)

નિરખતહીં મન અતિ આનંદભયો
દેખ પ્રભાત પ્રભાકર કન્યા,
જલ પરસતહી સકલ અઘ ભાજે
જ્યોં હરિ દેખ હરણકી સૈન્યા. ૧
ઔર જીવનકો ઔરનકી ગતિ
મેરી ગતિ હો તુમહી અનન્યા,
"વ્રજપતિ" કી તુમ અતિહીં પ્યારી.
તુમ સંગમતેં જાહ્નવી ધન્યા. ૨

**શબ્દાર્થ :** અધ-પાપ, સૈન્યા-સેના, જાહ્નવી-ગંગાનદી, હરિ-સિંહ, પરસત હી-સ્પર્શ કરતાં જ, ભજે-નાશ પામે.

**ભાવાર્થ :** સૂર્યપુત્રી શ્રીયમુનાજીના પ્રભાતમાં દર્શન થતાંની સાથે મનમાં અતિશય આનંદ થાય છે. જેમ સિંહને જોઈ હરણાઓની સેના ભાગી જાય તેમ આપના જલનો સ્પર્શ થતાં જીવના બધાં પાપો નાશ પામે છે. (૧)

અન્ય જીવો જુદાજુદા દેવોને ભજે છે એટલે તેમની ગતિ તે તે દેવોના પ્રતિ થાય છે. પરંતુ મારી તો એક અનન્ય ગતિ તમારામાં જ છે. "વ્રજપતિજી" આજ્ઞા કરે છે કે શ્રીયમુનાજી તો શ્રીઠાકોરજીને અતિશય વહાલાં છે. આપનો સંગ કરીને તો ગંગાજી પણ ધન્ય બન્યાં છે. (૨)

### પદ-૫૭ (રામકલી)

શ્રીયમુનાજી સી નહીં કોઈ દુઃખ હરની,
જાકે સ્નાનતેં મિટત હેં પાપ, હોત હેં આનંદસુખકી જુ કરની. ૧
મહિમા અગાધ અપાર, ઈનકે ગુણવેદ પુરાણ ન વરણી,
કહત "વ્રજપતિ" તુમ સબનકો સમજાય,
છૂટે યમડર જો આવે ઈનકી સરની. ૨

**શબ્દાર્થ :** અગાધ-ઘણો, યમડર-યમરાજાની બીક (મરણની બીક).

**ભાવાર્થ :** શ્રીયમુનાજી જેવાં દુઃખ હરનાર કોઈ નથી. આપનાં જળમાં સ્નાન કરવાથી પાપ મટી જાય છે, આનંદ થાય છે અને સુખ પ્રાપ્ત થાય છે. (૧)

આપનો મહિમા અગાધ છે. આપના ગુણોનું વર્ણન વેદ, પુરાણ પણ કરી શકતાં નથી, "વ્રજપતિજી" બધાંને સમજાવીને કહે છે કે શ્રીયમુનાજીને શરણે જે જીવો જાય તેમને યમનો ભય છૂટી જાય છે. (૨)

### પદ-૫૮ (રામકલી)

શ્રી યમુનાજી તિહારો પુલિન મોહિ ભાવે,
સુરબ્રહ્માદિક ધ્યાન ધરત હે સો સુપને નહિ પાવેં. ૧
બિચબિચ કુંજ સદન અતિ સુંદર શ્યામા શ્યામ સુહાવે,
ચહું દિશ સકલ ફૂલ અતિ ફૂલે ગુહીગુહી કંઠ ધરાવે. ૨
કુસુમન કે વિંજના જો સંવારે, સખિયન બાંહ ઢુરાવે,
"સૂરદાસ" પ્રભુ સબ સુખ સાગર, દિન દિન શોભા પાવે. ૩

**શબ્દાર્થ :** મોહી-મને, પુલિન-તટ, કિનારે, ગુહીગુહી-ગૂંથીગૂંથીને, વિજના-પંખો, સંવારે-બનાવીને, ભાવે-ગમે, સદન-ઘર, ચહું-ચાર.



**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! આપનો તટ મને ગમે છે. ઇંદ્ર, બ્રહ્માદિક દેવો આપનું ઘણું ધ્યાન ધરે છે, પણ આપનો આધિદૈવિક પુલિન સ્વપ્નમાં પણ તેમને જોવા મળતો નથી. (૧)

આપના કિનારે વચ્ચે વચ્ચે કુંજોમાં અતિ સુંદર સદનો આવેલાં છે. તેમાં શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી બિરાજમાન થયેલાં શોભે છે. ચારે દિશાઓમાં બધી જાતનાં ફૂલો ખીલ્યાં છે. તેની માળાઓ ગૂંથી ગૂંથીને શ્યામા શ્યામને કંઠે આરોપે છે. (૨)

સખિજનો પુષ્પોના પંખા બનાવીને શ્યામા-શ્યામને વાયુ ઢોળે છે. "સૂરદાસજી" કહે છે કે પ્રભુ બધા પ્રકારના સુખના સાગરરૂપ હોઈ પ્રતિદિન તેમની શોભા વધે જાય છે. (૩)

### પદ-૫૯ (રામકલી)

જયતિ ભાનુ તનયા ચરણયુગલ વંદે,
જયતિ વ્રજરાજ નંદ પ્રિયે સર્વદા,
દેત આનંદ જયોં શરદ ચંદે. ૧
જયતિ સકલ સુખ કારિણી કૃષ્ણમન હારિની,
શ્રીગોકુલ નિકટ વહત મંદે,
જાકે તટ નિકટ હરિ રાસ મંડલ રચ્યો,
તહાં નૃત્યત તાતા થેઈ થંદે. ૨
જયતિ કલિંદગિરિનંદિની દેત આનંદિની,
ભક્તકે હરત સબ દુઃખ દ્વંદે,
ચિતમેં ધ્યાન ધર મુદિત "વ્રજપતિ"
જયતિ યમુને જયતિ નંદ નંદે. ૩

**શબ્દાર્થ :** જયતિ-જય થાઓ, તટ-નિકટ-કિનારા નજીક, મંદે-મંદગતિથી, મુદિત-આનંદ પામેલા.

**ભાવાર્થ :** હે સૂર્યપુત્રી શ્રીયમુનાજી ! હું આપના ચરણયુગલને વંદન કરું છું. વ્રજના રાજા નંદરાયજીને તમે સર્વદા પ્રિય છો. શરદનો ચંદ્ર જેમ આનંદ આપે તેમ આનંદ આપવાવાળાં હે શ્રીયમુનાજી ! તમારો જય થાઓ. (૧)

સર્વ પ્રકારના સુખ કરવાવાળાં, શ્રીકૃષ્ણના મનનું હરણ કરવાવાળાં, શ્રીગોકુલની નિકટ મંદ ગતિએ વહેવાવાળાં અને આપને કિનારે ઠાકોરજીએ જ્યારે મહારાસ રચ્યો હતો તેમાં તાતા થેઈ થેઈ બોલી નૃત્ય કરવાવાળાં હે શ્રીયમુનાજી ! આપનો જય થાઓ. (૨)

કલિંદગિરિને આનંદ આપવાવાળાં, ભક્તોનાં સર્વ દુ:ખોને દૂર કરનારાં, ચિત્તમાં ધ્યાન ધરીને આનંદિત થયેલા "વ્રજપતિજી" આજ્ઞા કરે છે કે હે શ્રીયમુનાજી! આપનો જય થાઓ અને નંદનંદનનો પણ જય થાઓ. (૩)

પદ-૯૦ (રામકલી)

જગતમેં શ્રીયમુનાજી પરમ કૃપાલ,
બિનતી કરત તુરત સુનિ લીની ભયે મોપેં દયાલ. ૧
જો કોઈ મજ્જન કરત નિરંતર તાતેં ડરપત હૈં યમકાલ,
"વ્રજપતિ"હીકી અતિ હી પિયારી, કાલિંદી સુમિરત હો. ૨
નિહાલ.

શબ્દાર્થ : મોપેં-મારા પર, મજ્જન કરત-સ્નાન કરે, નિહાલ-સુખી.

ભાવાર્થ : જગતમાં શ્રીયમુનાજી પરમ કૃપાળુ છે. મેં વિનંતી કરી એટલે તરત જ તે સાંભળીને મારા તરફ દયાળુ થયાં. (૧)

જે કોઈ જીવ આપના જળમાં હમેશાં સ્નાન કરે છે તેનાથી યમ અને કાળ બંને ડરે છે. "વ્રજપતિજી" કહે છે કે, "હે યમુનાજી ! આપ પ્રભુને ખૂબ વહાલાં છો. તમારું જે કોઈ સ્મરણ કરે છે તે નિહાલ (સુખી) થઈ જાય છે." (૨)

પદ-૯૧ (રામકલી)

શ્રીયમુનાજી યહ વિનતી ચિત્ત ધરીયેં,
શ્રીગિરિધરલાલ મુખારવિંદરતિ, જન્મ જન્મ નિત કરિયેં. ૧
વિષ સાગર સંસાર વિષમ સંગતે, મોહી ઉધ્ધરિયે,
કામ, ક્રોધ, અજ્ઞાન તિમિર અતિ, ઉર અંતર મેં હરિયેં. ૨
તુમારે સંગ બસો નિજજન સંગરૂપ દેખ મન ઠરિયેં,
ગાઉં ગુણ ગોપાલ લાલકે, અષ્ટ વ્યાધિતેં ડરિયેં. ૩
ત્રિવિધ દોષ હરકે કાલિંદી એક કૃપા કર ઢરિયેં,
"ગોવિંદદાસ" યહ વર માંગો તુમારે ચરણ અનુસરિયેં. ૪

શબ્દાર્થ : વિષમ-દુ:સંગ, વ્યાધિ-દુ:ખ, રતિ-પ્રેમ કે પ્રીતિ.

ભાવાર્થ : હે શ્રીયમુનાજી ! મારી આ વિનંતિ ચિત્તમાં ધરો. શ્રી ગિરિધરલાલજીનાં મુખારવિંદમાં મારી પ્રીતિ જન્મોજન્મ અને નિત્ય થાય એવી મારા ઉપર કૃપા કરો. (૧)

આ દુ:ખથી ભરેલો સંસાર એ ઝેરનો સાગર છે. તેમાંથી મારો ઉદ્ધાર કરો. મારા હૃદયમાં રહેલાં કામ, ક્રોધ અને અજ્ઞાન ગાઢ અંધકારને આપ દૂર કરો. (૨)

નિજજનોની સાથે આપની પાસે હું રહું અને આપના રૂપના દર્શન કરીને



મારા મનને ઠારું. આઠ પ્રકારના વ્યાધિ છે. તેનું જે દુ:ખ થાય તેમાંથી બચવા હું શ્રીગોપાલના ગુણ ગાઉં. જેથી તે વ્યાધિ મને પજવે નહીં (૩)

હે કાલિંદી ! અમારા આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણે પ્રકારનાં દોષોનું હરણ કરીને અમારા ઉપર એવી કૃપા કરો કે અમારું મન આપના ચરણમાં જ ઢળેલું રહે. "ગોવિંદદાસ" એવું વરદાન માગે છે કે અમને સદાયે આપના ચરણનું ધ્યાન રહે. (૪)

પદ-૯૨ (રામકલી)

નમોતરનિ તનયા પરમ પુનિત જગ પાવની
કૃષ્ણમન ભાવની રુચિરં નામા,
અખિલ સુખદાયિની સબ સિદ્ધિ હેતુ,
શ્રીરાધિકા રમન રતિ કરણ શ્યામા. ૧
વિમલ જલ સુમન કાનન મોદ યુત,
પુલિન અતિરમ્ય પ્રિય વ્રજ કિશોરા.
ગોપગોપી નવલ પ્રેમ રતિ વંદિતા,
તટ મુદિત રહત જૈસેં ચકોરા. ૨
લહર ભાવ લાલિત વાલુકા સુગમ,
વ્રજ બાલ વ્રત પૂરણ રાસ ફલદા,
લલિત ગિરિવર ધરન, પ્રિય કલિંદનંદિની,
નિકટ "કૃષ્ણદાસ" વિહરત પ્રબલદા. ૩

શબ્દાર્થ : વાલુકા-રેતી, કાનન-વન, પ્રબલદા-વિશેષ બળ આપનારાં, ચકોરા-ચકોર પક્ષી, પ્રબલદા-ઘણો ભાવ આપનારા.

ભાવાર્થ : હે સૂર્યના પુત્રી ! પરમ પુનિત જગતને પાવન કરનારાં ! કૃષ્ણના મનને ભાવવાવાળાં ! સુંદર નામવાળાં ! અખિલ સુખને આપનારાં ! બધી સિદ્ધિઓના હેતુરૂપ ! શ્રીરાધિકાના રમણ એવા પ્રભુમાં પ્રીતિ કરાવનારાં શ્યામા ! આપને "કૃષ્ણદાસજી" નમન કરે છે. (૧)

વનમાં શુદ્ધ જળના જળાશયો છે. પ્રમોદિત પુષ્પો ખીલ્યાં છે. આપનો તટ અતિ રમણીય છે. વ્રજના કિશોર એવા પ્રભુને તે તટ પ્રિય છે. ત્યાં પ્રભુ રમણ કરે છે. સાથે ગોપગોપીઓ છે તે પણ નવલ છે. તે આપને પ્રેમપૂર્વક સ્નેહ કરતાં કરતાં વંદન કરે છે. જેમ ચંદ્રને જોઈ ચકોર પક્ષીને ખુશી થાય છે તેમ શ્રીયમુનાજીને જોઈ ગોપગોપી પણ ખુશ રહે છે. (૨)

આપનાં જળમાં ઉઠતી લહરીઓ આપનો કરકમલ છે. આપને કિનારે

આવેલી રેતી સુંદર છે. આ રેતીના કાત્યાયની દેવી બનાવી આપના તે સ્વરૂપની અગ્નિકુમારીઓએ પૂજા કરી તો આપે તેમની રાસરૂપી ફલનું દાન કર્યું. "કૃષ્ણદાસ" કહે છે કે સુંદર ગિરિવરધરણ અને પ્રિય કલિંદગિરિના પુત્રી કલિદનંદિની તેમની નજીક પ્રબલતાથી વિહાર કરે છે. (૩)

### પદ-૬૩ (રામકલી)

પ્રિય સંગ રંગ ભરિ કરિ વિલાસે
સુરત રસ સિંધુમેં અતિહી હરખિત ભઈ,
કમલ જ્યોં ફૂલલે રવિ પ્રકાશે. ૧
તનતેં મનતેં પ્રાનતે સર્વદા કરતહેં હરિસંગ મૃદુલ હાસે,
કહત "વ્રજપતિ" તુમ સબનકોં સમજાય,
મિટે યમ ત્રાસ ઈનહીં ઉપાસે. ૨

**શબ્દાર્થ :** સુરત-લીલા, કીડા, રવિ-સૂર્ય, રંગ ભર -આનંદ ભરેલાં, ફૂલે-ખીલે છે.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી પોતાના પ્રિય ઠાકોરજી સાથે રસભર્યો રાસ-વિહાર કરી રહ્યાં છે. શ્રીઠાકોરજી સાથે રાસ કરતાં આપ શ્રીઠાકોરજીના લીલા રસસિંધુમાં એવા હરખઘેલાં બની જાય છે કે જેમ સૂર્ય પ્રકાશતાં કમળ ખીલે તેમ આપ ખીલી ઊઠો છો. (૧)

તનથી, મનથી અને પ્રાણથી આપ પ્રભુની સાથે હંમેશાં મૃદુ હાસ્ય કરો છો. "શ્રીવ્રજપતિજી" સર્વને સમજાવીને કહે છે કે શ્રીયમુનાજીની ઉપાસના કરનારનો યમત્રાસ છૂટી જાય છે. (૨)

### પદ-૬૪ (રામકલી)

જયતિ શ્રીયમુને પ્રકટ કલ્પ લતિકે,
અષ્ટ વિધ સિદ્ધિ અદ્‌ભુત વૈભવ સકલ,
સ્વજન વિખ્યાત સ્વાધીન પતિકે. ૧
કેલિ શ્રમ સુરત પય રૂપ વ્રજ ભૂપકો,
પુત્ર પય પાનદે વિશ્વમાતા,
અંગ નૂતન કરત પુષ્ટિ પથ અનુસરત,
ત્રિદલ રસ કેલિકી અમિત દાતા. ૨
રહત મય દ્વારતેં મુક્ત સુખ ચારતેં,
નામ ત્રય અક્ષર ઉચ્ચાર કીનેં,
ઉભયલીલા વિષ્ટ વ્રજ પ્રિય કુમારિકા,



તુર્ય પ્રિયા વદત રસ રંગ ભીનેં. ૩
અનાવૃત્ત બ્રહ્મ તેં સદાવૃત્ત વ્હે રહી
કનક શાખા વિટપ શ્યામ વલ્લી,
સદા પ્રફુલ્લિત "દ્વારિકેશ" અવલોકકેં
નિત્ય આનંદ આ ભીર પલ્લી. ૪

**શબ્દાર્થ :** અનાવૃત-ખુલ્લા, આવૃત્ત-ઢંકાએલા, વિટપ-ડાળી, કલ્પલતિ-કલ્પલતા, અમિત-સીમા રહિત કે અમાપ, તુર્ય-ચોથા, પલ્લી-ગામડું.

**ભાવાર્થ :** પ્રગટ કલ્પલતા સમાન હે યમુનાજી ! આપનો જય થાઓ. આપ આઠ પ્રકારની સિદ્ધિ અને સર્વ પ્રકારના અલૌકિક વૈભવ આપવાવાળાં છો. સર્વ ભક્તોમાં વિખ્યાત આપ આપના પતિ શ્રી ઠાકોરજીને આધીન છો. (૧)

વ્રજભૂપ શ્રીઠાકોરજીએ વ્રજભક્તો સાથે સુરત કેલી કરી તેથી શ્રમજલ થયો તેનું પાન પોતાના પુત્રસમાન ભક્તોને કરાવો છો. કારણ કે આપ તો વિશ્વમાતા છો. આ શ્રમજલનું પાન જે ભક્તોએ કર્યું તેમનું અંગ નૂતન બન્યું. જ્યારે આપ ભક્તનું તન નૂતન કરો છો, અલૌકિક દેહ કરો છો ત્યારે તે ભક્ત પુષ્ટિમાર્ગને અનુસરે છે. પછી આપ ત્રિદલ કેલિમાં ભક્તને દાખલ કરાવો છો. આપ અમાપ કેલિરસના દાતા છો. (૨)

જે ભક્ત આપના ત્રણ અક્ષરના નામનો ઉચ્ચાર કરે છે તે યમયાતનાથી અને ચાર પ્રકારના મુક્તિસુખથી પણ મુક્ત રહે છે. પ્રભુની બે પ્રકારની લીલા છે- સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક. અગ્નિકુમારિકાઓ કે જેમને વ્રજ પ્રિય છે તે આ બે પ્રકારની લીલાઓથી યુક્ત રહે છે. તેઓ શ્રીયમુનાજી કે જે શ્રીઠાકોરજીના ચતુર્થ પ્રિયા છે તેમનું નામ રસ અને આનંદથી ઉચ્ચારે છે. (૩)

બ્રહ્મ સદા અનાવૃત્ત છે. તે શ્રીયમુનાજી સાથે સદા આવૃત્ત થઈને રહ્યા છે. વૃક્ષને જેમ વેલી લપટાઈને રહે તેમ શ્યામ તમાલરૂપ પ્રભુને કનકવેલીરૂપ શ્રીયમુનાજી લપટાઈને રહ્યાં છે. શ્રી દ્વારકેશજી કહે છે કે આહિરોના આ ગામ-ગોકુલમાં આપને નિત્ય આનંદ કરતા નિરખીને હંમેશાં પ્રફુલ્લિત રહે છે. (૪)

### પદ-૬૫ (રામકલી)

હમ લઈ શ્યામ-શરન યમુનાકી
તિહારે ચરણમૈયા લાગોરી ધ્યાન,
માતા તિહારી સંજયા તારન પિતા તિહારે સૂરજ ભાનુ
ધર્મરાયસે બંધુ તિહારે, પતિ તિહારે શ્રીભગવાન. ૧
ઊંચે નીચે પર્વત કહિયે પર્વતરાયે પાષાણ

સાત સમુદ્ર ભેંદકે નીકસી એસી હૈં
શ્રીયમુનાજી બલવાન. ૨
બ્રહ્મા જાકો ધ્યાન ધરત હેં પંડિત વાંચન વેદ પુરાણ
જોગી જતી સતી સંન્યાસી મગ્નભયે તિહારે ગુણગાન. ૩
જેસેં તુરગ ચલત ધરણી પર તેંસે ભંવરા કરત ગુંજાર,
"સૂર શ્યામ" આધીન તિહારે જયજનની
મૈયા કરની કલ્યાણ. ૪

**શબ્દાર્થ :** સંજયા-સંધ્યા, તુરગ-ઘોડો.

**ભાવાર્થ :** અમે શ્યામશરણ એવાં શ્રીયમુનાજીનું શરણ લીધું છે. તેથી હે મા ! અમારુ ચિત્ત આપનાં ચરણોમાં લાગેલું છે. આપની માતા પ્રાતઃ કાળના સમયની સંધ્યા છે અને આપના પતિ ભગવાન છે. (૧)

શ્રીયમુનાજી ! આપ ગોલોકમાંથી આવતાં ઊંચા-નીચા પાષાણ અને પર્વતોમાં થઈને, સાત સમુદ્રોને ભેદીને બહાર નીકળી આવ્યાં એવાં બળવાન છો. (૨)

બ્રહ્માજી આપનું ધ્યાન ધરે છે. વેદ પુરાણોમાં પંડિતો આપનું માહાત્મ્ય વાંચે છે અને જોગી લોકો, જતિ લોકો, સતીઓ અને સંન્યાસીઓ આપનાં ગુણગાન ગાતાં ગાતાં આપના સ્વરૂપમાં તલ્લીન બની જાય છે. (૩)

શ્રીયમુનાજી કમળ સમાન છે. કમળની પરાગ માટે જેમ ભમરાઓ કમળ આસપાસ ઉડે જાય છે તેમ ભ્રમરરૂપ શ્રીઠાકોરજી આપના સ્વરૂપમાં લોભાઈને ગુંજારવા કરે છે. જેમ ઘોડો વેગથી ધરતી પર ચાલે છે, તેવાજ વેગથી શ્રીયમુનાજી પધારે છે, ભ્રમર કમળને આધીન છે તેમ શ્યામસુંદર આપને આધીન છે. "સૂરદાસજી" કહે છે કે હે જગજનની શ્રીયમુનાજી! આપ અમારું કલ્યાણ કરજો. (૪)

**પદ-૬૬ (બિલાવલ)**

**જય જય શ્રી સૂરજા કલિંદ નંદની,**
**ગુલ્મ લતા તરુ સુવાસ કુંજ કુસુમ મોદમત્ત,**
**ગુંજત અલિ સુભગ પુલિન વાયુ મંદિની. ૧**
**હરિ સમાનધર્મ શીલ કાંતિ મંજુલ જલદ નીલ,**
**કટિ નિતંબ ભેદત નિત ગતિ ઉતંગિની. ૨**
**સિકતા માનોં મુક્તા ફલ કંકણ-યુત ભુજ તરંગ,**
**કમલ ઉપહાર લેત, પિય ચરન વંદિની. ૩**
**શ્રીગોપેંદ્ર ગોપી સંગમ, શ્રમ જલકણ સિકત અંગ,**
**રતિ તરંગ નિરખ, રસ સુફંદિની. ૪**



**"છીતસ્વામી" શ્રીગિરિવરધર નંદનંદન આનંદ કંદ,**
**શ્રીયમુને જન દુરિત હરણ દુઃખ નિકંદિની. ૫**

**શબ્દાર્થ :** મોદમત્ત-આનંદથી મસ્ત થયેલાં, મંજુલ-મધુર, જલદ-વાદળ, ઉતંગિની-ઊંચી, સિકતા-રેતી, ઉપહાર-ભેટ, દુરિત-પાપ, નિકંદિની-નાશ કરનાર.

**ભાવાર્થ :** હે સૂર્યપુત્રી ! કલિંદનંદિની ! આપનો જય થાઓ, શ્રીયમુનાજીના તટ નજીક ગુલ્મલતાઓ અને વૃક્ષલતાઓની સુવાસિત નિકુંજોમાં ફૂલો આનંદથી ખીલ્યાં છે. તે પુષ્પોની આસપાસ સુગંધ ભોગી ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે અને આપના સુંદર કિનારે મંદ મંદ વાયુ વાઈ રહ્યો છે. (૧)

શ્રીયમુનાજીમાં શ્રીઠાકોરજીના સમાન ધર્મ અને શીલ છે. આપની કાંતિ સુંદર વાદળના જેવી નીલવર્ણી છે. કમર અને કમરની પાછળનો ભાગ જ્યારે આપ ઊંચી ગતિ કરતાં હો છો ત્યારે સુંદર લાગે છે. (૨)

આપના તટ ઉપરની રેતી મોતી જેવી ઉજજવળ છે. આપના જળમાં ઊઠતા તરંગો એવા લાગે છે કે જાણે આપે શ્રીહસ્ત ઉપર કંકણ ન ધર્યાં હોય અને કમળની ભેટ લઈને પોતાના પ્રાણનાથના ચરણને વંદન કરવા ન જતાં હો એવાં લાગો છો (૩)

શ્રીઠાકોરજીએ ગોપીઓની સાથે રાસ કર્યો તે સમયે થયેલાં શ્રમથી પડેલાં પ્રસ્વેદ બિંદુઓથી આપનું શ્રીઅંગ શોભી રહ્યું છે. આપના જલમાં ઊઠતા તરંગો જોઈને આપ રસના ફંદથી ઘેરાયેલાં હો એવાં શોભો છો. (૪)

"છીતસ્વામી" કહે છે કે; આનંદ સ્વરૂપ એવા શ્રી ગિરિવરધર નંદનંદન અને શ્રીયમુનાજી પોતાના ભક્તોના દોષોને હરે છે અને દુઃખોનો નાશ કરે છે. (૫)

**પદ-૬૭ (બિલાવલ)**

**જય જય શ્રીયમુના આનંદ કંદની,**
**દરસ પરસ ત્રિવિધ તાપ જાત દુઃખ નિકંદની. ૧**
**અંગ અંગ છબી તરંગ શોભા સિંધુની,**
**તાહિકે અઘકુઠાર જાકે વંદિની. ૨**
**અક્ષય આનંદ ગોવિંદ અગમ ગામિની,**
**"હરિદાસ" તટ નિવાસ જન્મ જન્મની. ૩**

**શબ્દાર્થ :** કુઠાર-ભયંકર, અગમ-પહેલાં, પરસ-સ્પર્શ, દરસ-દર્શન.

**ભાવાર્થ :** આનંદ સ્વરૂપ શ્રીયમુનાજીનો જય થાઓ. આપનાં દર્શન અને સ્પર્શથી જીવના ત્રિવિધ તાપ અને દુઃખનો નાશ થાય છે. (૧)

આપનાં સર્વાંગ એવા સુંદર છે કે જાણે શોભાના સિંધુમાં તરંગ ન ઉછળતા હોય ! આવાં શ્રીયમુનાજીને વંદન કરનારનાં ભયંકર પાપ પણ નાશ પામે છે. (૨)

અક્ષય આનંદથી ભરેલાં શ્રીયમુનાજી ગોવિંદથી પહેલાં ભૂતલ પર પધારેલાં છે. "હરિદાસજી" કહે છે કે, જન્મોજન્મ આપના તટ ઉપર મારો નિવાસ થાઓ (૩)

પદ-૬૮ (બિલાવલ)

બલ વામન હો જગ પાવન કરણ,
કહિ ન પરત શોભા નીલ મણિનકી સી,
શોભા ગગન ગયો જબ સુંદર ચરણ. ૧
બન્યો હેં ભેદ અતિ ઉતતેં ગંગાકી ધાર ધસી,
હેં ધરણી ઉજજવલ વરણ,
ઈતતેં પદકી જ્યોતિ માનો કાલિંદિકી ધાર,
ચઢી હેં અમરપુર પાપ હરણ. ૨
રહે હેં ચકિત ચાહિ સુરનર મુનિવર,
દુહુ દિશનેહ આન કિયે વરણ,
"નંદદાસ" જાકે ચરિત્ર દુરિતદવન,
રંચક શ્રવણ મિટે જન્મમરણ. ૩

શબ્દાર્થ : દુરિત-પાપ, દવન-નાશ કરનારાં, રંચક-સહેજ, વરણ-રંગ.

ભાવાર્થ : બલિરાજા માટે વામન અવતાર લઈ જગતને પાવન કર્યું. જ્યારે આપનું સુંદર ચરણ આકાશમાં ગયું ત્યારે એની શોભા નીલમણિ જેવી બની કે જેનું વર્ણન ન થઈ શકે. (૧)

આપનું ચરણ આકાશમાં જતાં કૌતુક એ બન્યું કે, અધ્ધરથી ગંગાજીની ધારા ધસીને ધરણી પર પડતાં ઉજ્જવલ વરણી બની અને ધરતી ઉપરથી કાલિંદીની ધાર જાણે જ્યોતિ રૂપે સ્વર્ગ તરફ ચઢી જાણે સ્વર્ગનાં પાપ દૂર કરી સ્વર્ગને પવિત્ર કરવા ન ચઢી હોય ! (૨)

ગંગાજીની ધાર નીચે જતી અને યમુનાજીની ધારને ઊંચે ચઢતી જોઈને સુરનર મુનિવર બંને ચક્તિ થઈને જોઈ રહ્યા અને પ્રેમપૂર્વક બંનેનો અંગીકાર કર્યો. "નંદદાસજી" કહે છે કે શ્રીયમુનાજીનું ચરિત્ર પાપનો નાશ કરનારું છે. જે જીવ શ્રીયમુનાજીનું થોડું ચરિત્ર શ્રવણ કરે તો પણ તેનાં જન્મમરણ મટી જાય છે. (૨)

પદ-૬૯ (બિલાવલ)

શ્રીયમુને કરુણામયી વિનંતી સુન લીજે,
દર્શનતે પાવન સદા સ્મરત અધ છીજે. ૧
મજ્જન તુવ જલપાવની, મનસુધ કર લીજે,
ગાવત વેદ પુરાણમેં, શ્રીયમુને સુખ જીજે. ૨
ભાવ ભક્તિ વરદાનકી મોકો વર દીજે,



"શ્રીવિઠ્ઠલ ગિરિધરન" કે, ગાઉં ગુન રસ ભીંજે. ૩

શબ્દાર્થ : છીજે-નાશ પામે, મજ્જન-સ્નાન, સુધ-શુદ્ધ, અઘ-પાપ.

ભાવાર્થ : હે કરુણામયી યમુનાજી ! મારી વિનંતી સાંભળો, આપનાં દર્શન કરી હું સદા પાવન થાઉં અને નામ-સ્મરણ કરીને મારાં પાપ જાય. (૧)

આપના જલમાં જે સ્નાન કરે તેને આપ પવિત્ર કરો છો અને તેના મનને શુદ્ધ કરો છો. "હે શ્રી યમુને ! વેદ પુરાણમાં ગાયેલા સુખ અમને આપો. (૨)

ભાવભક્તિરૂપી વરદાનનું મને દાન કરો. "ગંગાબાઈ" કહે છે કે ગિરિધરના ગુણગાન ગાતાં-ગાતાં આપના ભકિતરસમાં ભીંજાઈ જાઉં (૩)

પદ-૭૦ (બિલાવલ)

તપત મિટે, દેખે બાનુ સુતાતેં
સ્નાન કિયે તેં કલિમલ નાસે, ગાન કિયેં તે જ્ઞાન હોય તાતેં. ૧
પાન કિયે તેં પ્રેમ પ્રકાસે ધ્યાન ધરેં તે દંપતિ દે તાતેં,
તીર બસે બલવીર હીય આવે, વૃંદાવન વૈભવ લહે તાતેં. ૨
વ્રજ ભૂષનસે પ્રભુ જાનકેં દુઃખ ન હોય કોઈ છિન તાતેં,
પ્રસન્ન હોય યમુના જગતારની, "નંદદાસ" જાચત હેં તાતેં. ૩

શબ્દાર્થ : કલિમલ-કલિકાલના દોષો, દંપતિ-યુગલ સ્વરૂપ.

ભાવાર્થ : સૂર્યપુત્રી શ્રીયમુનાજીના દર્શન માત્રથી સંસારના તાપ (દુઃખ) મટી જાય છે. આપના જલમાં સ્નાન કરવાથી કલિકાલના દોષો નષ્ટ થાય છે. અને આપના ગુણગાન કરવાથી આપનું માહાત્મ્યજ્ઞાન થાય છે. (૧)

આપનું પાન કરવાથી હૃદયમાં પ્રેમનો ઉદય થાય છે. ધ્યાન કરવાથી યુગલ સ્વરૂપનું આપ દાન કરો છો. આપના તીરે વસવાથી બળદેવજીના બંધુ શ્રીકૃષ્ણ અંતઃકરણમાં પધારે છે. તેથી વૃંદાવનનો વૈભવ હૃદયમાં પ્રગટે છે. (૨)

વ્રજના ભૂષણ એવા શ્રી શ્યામ સુંદરને જાણ્યાથી રંચક પણ દુઃખ હોય તો તે એક ક્ષણમાં નાશ પામે છે અથવા એક ક્ષણ પણ જીવને દુઃખ રહેતું નથી. "નંદદાસજી" એવી યાચના કરે છે કે જગતને તારવાવાળાં હે શ્રીયમુનાજી ! મારા પર પ્રસન્ન થાઓ. (૩)

પદ-૭૧ (બિલાવલ)

અઘ સંહારિણી શ્રીયમુનાજી પુરણ પુરુષોત્તમજુકી પ્યારી,
જે જન તાકી ચરણન ચિત લાવત, તા પર કૃપા અનુગ્રહ ભારી. ૧
સોલ સહસ્ત્ર રાજકન્યા કે, પ્રતિબંધ મુર-દૈત્ય મહારી,
તાહિ નિહાર કીયે અંગીકૃત પાણિગ્રહે સબકે જુ મુરારી. ૨
એસે પ્રભુસોં કેલિ નિરંતર ચરણરેણું ફરકત સુખકારી,

સેવા યોગ્ય દેહકે કારણ કરત દયા નિજ પ્રાણ આધારી. ૩
ચમક્ત રેણુ સંબંધ કરત જો, સિદ્ધ અલૌકિક દેહ સુખારી,
"હરિદાસ" યમુનાજીકી શોભા નિરખતહી તન-મન-ધન વારી. ૪

**શબ્દાર્થ :** નિહાર-નાશ કરીને, પાણિગહે-લગ્ન કર્યાં, કેલિ-આનંદ કે રમણ.

**ભાવાર્થ :** પાપ સંહારિણી શ્રીયમુનાજી ! આપ પૂર્ણ પુરુષોત્તમના પ્યારાં છો. જે જન આપના ચરણનું ચિંતન કરે છે તેના પર આપ ખૂબ કૃપાનો અનુરાગ કરો છો. (૧)

સોળ હજાર રાજકન્યાઓનો પ્રતિબંધક મહાન દૈત્ય મુર રાક્ષસ હતો. તેનો સંહાર કરીને સોળહજાર કન્યાઓનું હે મુરારી, આપે પાણિગ્રહણ કર્યું છે. (૨)

એવા પ્રભુની સાથે નિરંતર કેલિ કરવાનું ભાગ્ય પ્રાપ્ત કરાવવા, એમની સુખકારી ચરણ રેણું મારે માથે ફરકતી રાખવવા અને સેવા ઉપયોગી દેહ પ્રાપ્ત કરાવવાને માટે પ્રાણના આધાર રૂપ શ્રીયમુનાજી નિજ ભક્તો ઉપર દયા કરે છે. (૩)

શ્રીયમુનાજીની ચમકતી રજ સાથે જે જીવનો સંબંધ થાય છે તેને અલૌકિક દેહ સુખેથી પ્રાપ્ત થાય છે. "હરિદાસજી" કહે છે કે, શ્રીયમુનાજીની શોભા જોતાં હું મારા તન, મન અને ધન ન્યોછાવર કરી દઉં છું. (૪)

### પદ-૭૨ (બિલાવલ)

સોહત યમુના ફલ ફૂલન,
રાસ રમણ કીનો વ્રજનાયક યહ યમુના કૂલન. ૧
મોહન ધર્યો રૂપ મોહનીકો, અસુર રહે મતિ ભૂલન.
"હરિદાસ" પ્રભુ શોભા નિરખત, યહિ યમુનાભૂજ-મૂલન. ૨

**શબ્દાર્થ :** કૂલન-કિનારો, સોહત-શોભે છે.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી ફૂલફૂલથી શોભી રહ્યા છે. યમુનાજીના કિનારે વ્રજના નાયક એવા પ્રભુએ રાસ રમણ કર્યું છે. (૧)

જ્યારે પ્રભુએ માંહિની રૂપ ધારણ કર્યું, ત્યારે અસુરો, પણ તેમને ઓળખી શક્યા નહીં. હરિદાસજી કહે છે કે, મારા પ્રભુ શ્રીયમુનાજીના ભૂજમૂલોને પકડીને આ શોભાને જોઈ રહ્યા છે. (૨)

### પદ-૭૩ (બિલાવલ)

સબ હિનતેં યમુના અધકીરી
કિહી કારણ ભૂતલ પાઉંધારી,
ચિત્ત દે સુનિ સબ યા વિધકીરી. ૧
વ્યાપિ વૈકુંઠતેં આઇ વ્રજમેં
કો જાને સખી યા નિધિ કીરી,



"હરિદાસ" પ્રભુ નિરખત રંક
મિલિ ગઠિયાં નિધિ કીરી. ૨

**શબ્દાર્થ :** અધકીરી-શ્રેષ્ઠ, પાઉંધરી-પધાર્યાં.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી બધાનાં કરતાં શ્રેષ્ઠ છે. શ્રીયમુનાજી કયા કારણના માટે ભૂતલ પર પધાર્યા તેની વિધિ હું કહું છું તે ચિત્ત દઈને સાંભળો. (૧)

વ્યાપી વૈકુંઠમાંથી વ્રજમાં પધાર્યા તે નિધિસ્વરૂપને હે સખી ! કોણ જાણી શકે ? "હરિદાસજી" કહે છે કે શ્રીયમુનાજીરૂપી નિધિની ગાંસડી રંક ભક્તોને મળી છે (૨)

### પદ-૭૪ (રામકલી)

નમો દેવી યમુને નમો દેવી યમુને
મન વચન કર્મ કર શરણ તેરી
સકલ સુખકારિની ભવ સિંધુ-તારિની
દરસતે કટત હૈં પાપ વેરી. ૧
ભક્ત-વરદાયિની, ભક્ત મનભાવિની,
ભક્ત સહાયિની ભક્ત ભેરી
દીજિયે ભક્તિ અબ લાલ ગિરિધરનકી,
કાટિયેં વિષય "કૃષ્ણદાસ" કેરી. ૨

**શબ્દાર્થ :** સુખકારિની-સુખ કરવાવાળાં, ભવસિંધુ-ભવસાગર, ભેરી-પક્ષપાતી.

**ભાવાર્થ :** હે દેવી યમુના, આપને હું વારંવાર નમન કરું છું. મન, વચન અને કર્મથી આપની શરણે આવ્યો છું. સર્વ પ્રકારના સુખ આપવાવાળાં, સંસાર સાગરમાંથી ભક્તને તારવાવાળાં શ્રીયમુનાજી ! આપના દર્શનથી જીવના વેરી એવા પાપ નાશ પામે છે. (૧)

"કૃષ્ણદાસજી" કહે છે કે, ભક્તોને વરદાન આપવાવાળાં, ભક્તોના મનને ગમવાવાળાં, ભક્તોને સહાય કરવાવાળાં અને ભક્ત પક્ષપાતી શ્રીયમુનાજી ! અમને આપ ગિરિધરલાલની ભક્તિનું દાન કરો અને અમારા લૌકિક વિષયોને કાપી નાંખો. (૨)

### પદ-૭૫ (રામકલી)

નમો નમો જયતિ શ્રીયમુને.
જય કાલિંદી પુલિન મનોહર;
શ્યામા શ્યામ કરતહેં રવને. ૧
જલ ક્રીડા કરત તેરે તટ,
તુમ સમ કોઉ નહિ તીનોં ભવને,

સુર નર મુનિકે ધ્યાન ન આવે,
સો પ્રભુ તિહારે ગૃહ ગવને. ૨
તુમતો પરમ કૃપાલ જગ જનની,
પતિતનકો પાવન ભવ તરની;
શાખા નિગમ પુરાનનવરની,
"સૂર" પ્રભુકે મનકો હરની. ૩

**શબ્દાર્થ :** પુલિન-કિનારો, રવને-રમણ કરે છે, ભુવને-લોકમાં, ગૃહ ગવને-ગૃહમાં પધારે છે.

**ભાવાર્થ :** હે શ્રી યમુને ! આપનો જય થાઓ, હું આપને વારંવાર નમન કરું છું. આપના મનોહર કાલિંદી તટનો જય થાઓ. આપના એ તટ ઉપર શ્યામ અને શ્યામા રમણ કરે છે. (૧)

આપના તટ ઉપર (શ્યામ-શ્યામા) જલક્રીડા કરે છે. ત્રણે ભુવનમાં આપના સમાન કોઈ નથી. સુરનર અને મુનિજનોના ધ્યાનમાં પણ જે પ્રભુ નથી આવતા તે પ્રભુ તમારા ગૃહમાં પધારે છે. (૨)

આપ તો પરમ કૃપાળુ છો, જગજનની છો, પતિતોને પાવન કરવાવાળાં છો, સંસાર સાગર તારવાવાળાં છો. વેદની શાખાઓ અને પુરાણોમાં આપનું વર્ણન કરાયેલું છે. "સૂરદાસજી" કહે છે કે, આપ પ્રભુના મનનું હરણ કરવાવાળાં છો. (૩)

### પદ-૭૬ (ભૈરવ)

જય જય શ્રીયમુને માત જગત વંદિની
ત્રિવિધ તાપ દૂર કરત પાપ ખંડિની. ૧
સકલ વ્રજભૂમિ વિહાર કલિંદ નંદિની,
"ચતુર્ભુજ" પ્રભુ ગિરિધરનલાલ કામ કંદિની. ૨

**શબ્દાર્થ :** ખંડિની-નાશ કરનારી, કામ-મનોરથ; કંદિની-સમૂહરૂપ.

**ભાવાર્થ :** હે જગતના માતા શ્રીયમુનાજી, આપનો જય થાઓ. આપ ત્રિવિધ તાપ દૂર કરનારાં અને પાપોનો નાશ કરવાવાળાં છો. (૧)

હે કલિંદનંદિની ! આપ સકલ વ્રજમાં વિહાર કરો છો. 'ચતુર્ભુજદાસજી' કહે છે કે, આપ ગિરિધરલાલ પ્રભુના સર્વ મનોરથોને પૂર્ણ કરનારાં છો. (૨)

### પદ-૭૭ (ભૈરવ)

જય યમુને જનની મહારાણી
શેષ સનકાદિ નારદ ગુન ગાવત,
ચતુરાનન મુખ વેદ બખાની. ૧



શુક મુનિ આદિ પરાસર કે સુત
ધ્રુવકો દઈ અટલ રાજધાની,
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધર ઈનકે વશ,
કેલિ કલા રસ રૂપકી ખાની ૨

**શબ્દાર્થ :** ચતુરાનન-બ્રહ્મા, કેલિકલા-રમણ, કલા વગેરે.

**ભાવાર્થ :** શ્રીયમુના મહારાણીજીનો જય થાઓ. શેષજી, સનકાદિ, અને નારદજી પણ આપના ગુણગાન ગાય છે અને બ્રહ્માજી પણ સ્વમુખે વેદમાં આપનાં વખાણ કરે છે. (૧)

શુકદેવજી જેવા મુનિ વગેરેથી લઈને પરાશરના પુત્ર એવા વ્યાસ અને ધ્રુવજીને આપ દૃઢ પદ આપવાવાળાં છો. "ચતુર્ભુજદાસજી" કહે છે કે ગિરિધરપ્રભુ આપને વશ છે. આપ રમણ, કલા, રસ અને રૂપની ખાણ છો. (૨)

### પદ-૭૮ (બિભાસ)

પ્રાતઃ સમે રસના જુ રટિયેં, કલિંદ સુતા હરિ કે સુખ દેની,
સાંવરે અંગ તરંગ અનંગન મોતિન માંગભરી મૃગ નયની. ૧
હાવ ભાવ વિલોકનમેં, મનમોહન કે મન કો હર લેની,
"પ્રેમ" કહે જગ પાવની, ભૂતલમેંહી વૈકુંઠ નિશ્રેનિ. ૨

**શબ્દાર્થ :** નિશ્રેની-નિસરણી, રસના જુ-જીભથી, સાંવરે-સુંદર.

**ભાવાર્થ :** પ્રભુને સુખ આપવાવાળાં કલિંદગિરિના પુત્રી શ્રીયમુનાજીનું સવારમાં ઉઠતાની સાથે જ જીભથી રટણ કરવું. શ્રીયમુનાજીનું અંગ સાંવરું છે. આપના જલમાં જે અનંત લહેરો ઉઠે છે, તે જાણે આપના શ્રીમસ્તકે મોતીની માંગ ન ભરી હોય એવી સુંદર લાગે છે. આપના નેત્રો મૃગનયનો જેવાં છે. (૧)

આપ એવા હાવભાવ કરો છો કે મનમોહનના મનને પણ હરી લો છો. "પ્રેમ" કહે છે કે, આપ જગતને પવિત્ર કરવાવાળાં છો અને ભૂતલમાંથી વૈકુંઠમાં જવાની સીડીરૂપ છો. (૨)

### પદ-૭૯ (રામકલી)

કાલિંદી તૂ કૃષ્ણ જુકી પ્યારી
જૈંસી કૃપા કરત હરિ હમ ઉપર,
તૈસી હૂઁ તુમ જો રાખતહો ન્યારી. ૧
જમુના જલ વિલાસ ચહું દિસ,
જિમિ બૈઠી સબ હી કી મહતારી,
"સૂરદાસ" હિ લગન મનકી કહા,
કહું કૂલ પ્રકૃતિ તિહારી. ૨

**શબ્દાર્થ :** ન્યારી-જુદી, ચહું-ચારે, મહતારી-માતા.

**ભાવાર્થ :** હે કાલિંદીજી ! આપ કૃષ્ણના વહાલાં છો. અમારા પર પ્રભુ જેવી કૃપા કરે છે તેનાથી ન્યારી જ કૃપા આપ કરો છો. (૧)

શ્રીયમુનાજીનું જળ ચારે દિશાઓમાં વિલસી રહ્યું છે. તે એવું લાગે છે કે જાણે બધાનું હિત કરનારી માતા ચારે દિશામાં ન બિરાજી રહ્યાં હોય ! "સૂરદાસજી" કહે છે કે આપના તટ પરની પ્રકૃતિ નિહાળીને મારા મનમાં આપના માટે એવી લગન લાગે છે કે હું એનું વર્ણન કરી શકતો નથી. (૨)

**પદ-૮૦ (રામકલી)**

**જગમેં એહી સાર ભજ તૂ વારંવાર,**
**શ્રીયમુનાજીકો નામ જપત નિસદિન**
**તાતેં ઉતરે ભવસાગર પાર. ૧**
**જૈસે હરિ ભજે તેં હરિ હિયમેં બસે,**
**કરે કૃપા સર્વદા અપને પતિમાર,**
**કહત "વ્રજપતિ" તુમ સબનકોં સમુઝાય,**
**પર્યો ઈનકી શરણ ઓર નહિ આધાર. ૨**

**શબ્દાર્થ :** હિયમેં-હૃદયમાં, પતિમાર-કામદેવ.

**ભાવાર્થ :** જગતમાં સારના પણ સારરૂપ તત્ત્વ એવાં શ્રીયમુનાજીનું હે ભક્ત ! તું વારંવાર સ્મરણ કર. જે આપનું નામ નિશદિન જપે છે તે ભવસાગરની પાર ઉતરી જાય છે. (૧)

પ્રભુનું ભજન કરીએ તો પ્રભુ ભક્તના હૃદયમાં વસે એવી કૃપા શ્રીયમુનાજી કરે છે. એટલું જ નહી પણ તેમના પતિ અહીં જેમને અલૌકિક કામદેવની ઉપમા આપી છે તે પણ કૃપા કરે છે. "વ્રજપતિજી" બધાંને સમજાવીને કહે છે કે હું તેમને શરણે આવીને પડ્યો છું. મારે બીજો કોઈ આધાર નથી. (૨)

**પદ-૮૧ (બિલાવલ)**

**કાલિંદી કલિ કલ્મષ હરની,**
**યમ અનુજા શ્યામા મહા સુંદરી ગોવિંદ ઘરની. ૧**
**જય યમુને જય કૃષ્ણ વલ્લભા, પતિતન કોં પાવન ભવતરની,**
**શરનાગતકો દેત અભય પદ,**
**જનની કરત જેસેં સુતકી કરની. ૨**
**શીતલ મંદ સુગંધ સુધા નિધિ, ધારા ધરી વપુ ઉતરી ધરની**
**"પરમાનંદદાસ" કહે પરમ પાવની,**
**જુગ જુગ સાખ નિગમ નિત બરની. ૩**



**શબ્દાર્થ :** અનુજા-બેન, કલ્મષ-કલિકાળના દોષ, સુત-પુત્ર, કરણી-કામ, વપુ-શરીર કે દેહ, સાખ-સાક્ષી, નિગમ-વેદ.

**ભાવાર્થ :** હે કાલિંદી ! શ્રીયમુનાજી ! આપ કલિકાળના દોષોને હરણ કરનારાં છો, આપ યમરાજાના નાનાં બહેન છો, શ્રીઅંગે સાંવરો છો, મહાસુંદરી છો અને ગોવિંદના ગૃહિણી છો. (૧)

હે શ્રીયમુનાજી ! આપનો જય થાઓ. આપ શ્રીકૃષ્ણને પ્રિય છો, પતિતોને પાવન કરનારાં છો, ભવસાગરને તરાવનારાં અને આપને શરણે આવનારને અભયપદ આપનારાં છો. જેમ માતા પોતાના બાળક પ્રત્યે પ્રેમ રાખે તેમ આપ પણ ભક્તો પ્રતિ સ્નેહ રાખો છો. (૨)

આપના તટ ઉપર શીતલ, મંદ અને સુગંધી પવન વાઈ રહ્યો છે. આપ અમૃતના સાગર છો. આપ ધારરૂપી દેહ ધારણ કરીને ભૂતલ પર પધાર્યા છો. "પરમાનંદદાસજી" કહે છે કે, આપ પરમપાવની છો. વેદ યુગે યુગે સાક્ષી બનીને નિત્ય આપનું વર્ણન કરે છે. (૩)

**પદ-૮૨ (બિભાસ)**

**શ્રીયમુનાજી નિરખ સુખ ઉપજત**
**સન્મુખ વૃન્દા વિપિન સુહાયે,**
**શ્રી વિશ્રાંત શ્રીવલ્લભ જુકી બેઠક,**
**નિર્મલ જલ યમુનાકે નહાયે. ૧**
**ભુજ તરંગ સોહત અતિ નીકે ભંવર કંકણ સિરાયે,**
**વ્રજપતિ કેલિ કહા કવિ વરણે,**
**શેષ સહસ્ત્ર સુખ પાર ન પાયે. ૨**
**શ્રમ - જલ - સહિત અગાધ મહા રસ,**
**લીલા સિંધુ તરંગન છાયે,**
**સકલ સિદ્ધિ અલૌકિક દાતા,**
**જે જન તાકિ ચરનન ચિત્ત લાયે. ૩**
**રવિ મંડલ દ્વારા હોય પ્રકટી,**
**ગિરિ કલિંદ સિરતેં બ્રજ ધાયે.**
**"હરિદાસ" પ્રભુશોભા નિરખત**
**મન કર્મ વચન ઈનકે ગુણ ગાયે. ૪**

**શબ્દાર્થ :** વિપિન-વન, નીકે-સારા, ભંવર-વમળ, નિરખ-જોઈ, સન્મુખ-સામે, સિરાયે-ઠરે છે.

ભાવાર્થ : શ્રીયમુનાજીને જોઈને સુખ ઉપજે છે. આપની સન્મુખમાં જ વૃંદાવન શોભી રહ્યું છું. મથુરામાં વિશ્રામ ઘાટે શ્રીવલ્લભ પ્રભુની બેઠક છે. ત્યાં શ્રીયમુનાજીનું નિર્મળ જળ વહી રહ્યું છે તેમાં સ્નાન કરવું. (૧)

આપની તરંગરૂપી ભુજાઓ શોભે છે. આપના જળમાં સુંદર વમળો ઉત્પન્ન થાય છે તે જાણે કંકણ ન હોય એવાં લાગે છે. તે જોઈને મારા નેત્રો ઠરે છે. ઠાકોરજી ત્યાં રમણ કરે છે. જેનું વર્ણન કવિઓ પણ શું કરી શકે ? શેષજી પોતાના હજાર મુખથી તેનું વર્ણન કરે તો પણ તેનો પાર નથી પામતા. (૨)

શ્રીયમુનાજલના સ્મર- શ્રમજલ મિશ્રિત અગાધ મહારસરૂપ લીલા સમુદ્રમાં આપ તરંગોરૂપે છાયી રહ્યાં છો. જે જન આપના ચરણ કમલનું ચિંતન કરે છે, તેને આપ અષ્ટ અલૌકિક સિદ્ધિઓનું દાન કરો છો. (૩)

આમ સૂર્યમંડળ માંથી પ્રકટીને કલિંદગિરિના મસ્તક પર થઈને વ્રજમાં પધાર્યા છો. "હરિદાસજી" શ્રીયમુનાજીની આ શોભા નિરખીને મન, કર્મ અને વચનથી તેમના ગુણગાન ગાય છે. (૪)

પદ-૮૩ (ગુજરી)

કેલિ કલ્લોલન દેખી યમુને
નંદ નંદન કુંવરકે કેલિ રસમત્તાહી,
સુંદરી સંગ લે સુભગ ભવને. ૧
અધર મધુપાન કર સુરત રસદાન કર
પિય પ્યારી નિત કરત રવને
તાહિ સમે રસભરી ભાનુતનયા ખરી,
પ્રેમ આનંદમેં કરત ગવને. ૨
પુન્ય પૂર્ણ ફલે સકલ જનકે સરે,
તાહિ હિત ભૂતલ યમુને અવને
જુગલ જોડી શોભા "હરિદાસ" નિરખ,
દુહું કર જોર કરત નમનેં. ૩

શબ્દાર્થ : રવને-રમણ કરે છે, ગવને-પધારે છે.

ભાવાર્થ : શ્રીયમુનાજીની કેલિ અને કલ્લોલ તો જુઓ ! શ્રી ઠાકોરજીના રમણરૂપી રસમાં મસ્ત બની સુંદરીઓને સાથે લઈને અતિ પ્રિય લાગે તેવા ભવનમાં આપ રમણ કરે છે. (૧)

પ્રભુની અધરસુધાનુંપાન કરીને, સુરત-રસનું દાન કરીને પ્રિય પ્યારી નિત્ય આવી રીતે રમણ કરે છે, તે સમયે સૂર્યના પુત્રી શ્રીયમુનાજી સંપૂર્ણ રસભર્યા પ્રેમ



અને આનંદથી વ્રજમાં પધાર્યા છે. (૨)

લીલામાંથી વિછુરેલા જીવોના બધાંયે પુણ્યો પૂર્ણ કરી ફલિત કરવા શ્રી યમુનાજી ભૂતલ પર પધાર્યાં છે. "હરિદાસજી" આ યુગલ સ્વરૂપની શોભા નિરખીને બે હાથ જોડી નમન કરે છે. (૩)

પદ-૮૪ (ગુજરી)

આજ આનંદમેં સૂરતનયા સુભગ,
શ્યામ સુંદર સંગ કેલિઠાની,
મધુર મુસકાન અરમાન રસમગ્ન મન,
કરત કોકિલ શબ્દ મધુરી વાની. ૧
વહત ગોકુલ પાસ કરત પૂરન આસ,
સકલ સામર્થ્ય જન અભય દાની,
નંદ નંદન કુંવર નવલ જોરી,
"હરિદાસ" પ્રભુ નિરખ શોભા વખાની. ૨

શબ્દાર્થ : સૂર-સૂર્ય, ઠાની-શરૂ કર્યુ, મુસકાન-હાસ્ય, અરમાન-ઈચ્છા.

ભાવાર્થ : આનંદમાં આવીને સારાં ગુણવાળાં સૂર્યના પુત્રી શ્રીયમુનાજીએ શ્યામસુંદરની સાથે રમણ શરૂ કર્યું. આપના મુખ ઉપર મધુર હાસ્ય છે અને રસમગ્ન મનમાં અનેક ઈચ્છાઓથી આપ સભર છો અને કોકિલા જેવી મધુર વાણી આપ બોલી રહ્યાં છો. (૧)

શ્રીગોકુલ પાસે વહેતાં આપ ભક્તોનાં મનોરથ પૂર્ણ કરો છો. આપ સર્વ સમર્થ હોઈ અભયદાન આપો છો. "હરિદાસજી" એ શ્રીયમુનાજી અને નંદનંદનના યુગલ-સ્વરૂપને નિરખીને તેમની શોભાને વખાણી છે. (૨)

પદ-૮૫ (રામકલી)

નિરખોં શ્રીયમુના સુખદાયક,
સબતજ આસ ગહું ઈનકી, મન, કર્મ અરૂભજ વાચક. ૧
લહેર તરંગ બઢત જ્યોં ઈનકી, ત્યોં હરિ સ્નેહ બઢાયક,
અતિ ઉદાર કલિંદનંદિની, નિજ રસ સર સહાયક. ૨
શેષ સહસ્ર મુખ પાર ન પાવે, કો કવિ બરનન લાયક,
"હરિદાસ" પ્રભુ શોભા નિરખત, પ્રિયપદ પ્રીતિ સહાયક. ૩

શબ્દાર્થ : આસ-આશા, ભજ-આશ્રય.

ભાવાર્થ : સુખ આપનારાં શ્રીયમુનાજીને નિહાળો. બધી આશાઓ છોડી દઈને મન, વચન અને કર્મથી એકતા સાધીને એમનો જ એક આશ્રય કરો. (૧)

જેમ આપના જળમાં પવનની લહેર આવતાં તરંગો વધે છે, તેમ આપ ભક્તનો સ્નેહ પ્રભુમાં વધારો છો. હે કલિંદ-નંદિની ! આપ ઘણા ઉદાર છો. પોતાના ભક્તોને પ્રભુ વિરહનો તાપ-કલેશ વધારવામાં આપ સહાયક છો. (૨)

શેષજી હજાર મુખથી આપના ગુણ ગાય તો પણ એનો પાર પામે તેમ નથી. તો પછી કયો કવિ આપનું વર્ણન કરવાની લાયકાત ધરાવી શકે ? પ્રભુના ચરણમાં પ્રીતિ ઉત્પન્ન થવામાં મદદરૂપ થનારાં શ્રીયમુનાજીની શોભા "હરિસદાસજી" નિરખી રહ્યાં છે. (૩)

**પદ-૮૬ (રામકલી)**

**શ્રીયમુના મોહન કો મનમોહે,**
**જ્યોં પ્રભુ ધર્યો સ્વરૂપ મોહિની, ત્યોં શ્રમ સલિલ સોહે. ૧**
**હોત સહાય સબનકો નિસદિન,**
**કેલિ કરત પ્રભુ જો હૈં,**
**"હરિદાસ" પ્રભુ શોભા નિરખત,**
**વર્ણન કરે કવિ કોં હૈં. ૨**

**શબ્દાર્થ :** સલિલ-જળ, નિરખત-ધ્યાનપૂર્વક જોઈ રહેવું.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી મોહનના મનને મોહી લેનારાં છે. પ્રભુએ જ્યારે મોહિની સ્વરૂપ ધારણ કર્યું ત્યારે જેવા શોભતા હતા, તેવા જ શ્રીયમુનાજી સ્મર શ્રમજલ સહિત શોભે છે. (૧)

શ્રીયમુનાજી રાત-દિવસ પોતાના બધા ભક્તોને સહાય કરે છે. ભગવાનની સાથે આપ રમણ કરે છે તેની શોભા "હરિદાસજી" નિરખી રહ્યાં છે. તેનું વર્ણન કયો કવિ કરી શકે ? (૨)

**પદ-૮૭ (બિભાસ)**

**ભાનુસુતા ગુણ ગાવે પ્રેમ ભરી,**
**સોઈ અલૌકિક સિદ્ધિ જો પાવે,**
**યમુના તટ કિત હરિ લીલા,**
**પરમકૃપા કરી દરસ જુ પાવે. ૧**
**અનુભવ હોત લીલા રસકો,**
**તબ અરૂ સર્વાત્મ ભાવ હિયેં આવે,**
**"હરિદાસ" પ્રભુ શોભા શ્રમ સરિતા,**
**નિરખ નયન ચિત્ત જિન વિસરાવે. ૨**

**શબ્દાર્થ :** કિત-કરી, હિયેં-હૃદયમાં.



**ભાવાર્થ :** જે ભક્ત પ્રેમથી સૂર્યપુત્રી શ્રીયમુનાજીના ગુણ ગાય છે, તે અલૌકિક સિદ્ધિઓને પ્રાપ્ત કરે છે. આપ જેના ઉપર અતિશય કૃપા કરો તે જ ભક્ત યમુનાતટે શ્રીઠાકોરજીએ કરેલી લીલાનાં દર્શન કરી શકે છે. (૧)

જેને આ લીલા રસનો અનુભવ થાય તેના જ હૃદયમાં સર્વાત્મભાવ પ્રકટે. "હરિદાસજી" કહે છે કે જે આવા શ્રીયમુનાજીની શોભા પોતાના નેત્રોથી નીરખે છે તેના ચિત્તમાંથી તેની વિસ્મૃતિ કદી થતી નથી. (૨)

**પદ-૮૮ (બિભાસ)**

**શ્રીયમુનાજીકી રેણુ એસી, સકલ જીવનકે દોસ નિવારે.**
**તેહું રેણુ બહુત હૈ ભીતર, જા પરસે સબ પાપ નિવારે. ૧**
**હરિસોં વિહાર કરત વ્રજ સુંદરી,**
**તિન ચરણકી રેણું સુ-તારે,**
**"હરિદાસ" યહ શોભા નિરખત,**
**શ્રીયમુના ચિત્ત-રહો હમારે. ૨**

**શબ્દાર્થ :** ભીતર-અંદર, પરસે-સ્પર્શ કરવાથી, નિવારે-દૂર કરે.

**ભાવાર્થ :** શ્રીયમુનાજીની રજ એવી છે કે બધા જીવોના દોષોનું નિવારણ કરે છે. આ રજ જલની ભીતરમાં ઘણી છે. જે આ રજનો સ્પર્શ કરે છે તેના બધાં પાપ દૂર થાય છે. (૧)

પ્રભુની સાથે વિહાર કરનારી વ્રજસુંદરીઓની ચરણરજ જેમ જીવને સારી રીતે તારે છે, તેમ શ્રીયમુનાજીની રજ પણ જીવને તારે છે. "હરિદાસજી" કહે છે કે, શ્રીયમુનાજીની આ શોભા નિરખતાં મનમાં એવું થાય છે કે શ્રીયમુનાજી અમારા ચિત્તમાં જ રહો. (૨)

**પદ-૮૯ (બિભાસ)**

**શ્રીયમુનાજી રેણું બહુત તુવ માઈ**
**તાકી મહિમા કહાં લગે-**
**બરનો, રસના કોટિક નાહિ. ૧**
**વૃંદાવન સ્થિત દોઉ કરારે,**
**ફૂલ સુમનન જલ નાંઈ,**
**"હરિદાસ" પ્રભુ શોભા નિરખત,**
**ચિત્ત અરુઝયોં તેહિં ઠાંઈ. ૨**

**શબ્દાર્થ :** કરારે-કિનારો, કોટિક-કરોડો, અરુઝયો-મગ્ન થયું, ઠાંઈ-સ્થાન, નાઈ-ના જેવી છે.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! આપની રેણુ ઘણી છે. હું તેની મહિમાનું વર્ણન કેટલું કરું ? તેનું વર્ણન કરવા મારી પાસે કરોડો જીભ નથી. (૧)

વૃંદાવનમાં રહેલા તમારા બંને બાજુના તટોની શોભા સુંદર છે અને તેમની વચ્ચે વહેતા જળની સુગંધ પુષ્પોની સુગંધ જેવી છે. "હરિદાસજી" કહે છે કે શ્રીયમુનાજીની આ શોભા જોઈને મારું ચિત્ત તે જ સ્થાને મગ્ન થઈ ગયું છે. (૨)

**પદ-૯૦ (રામકલી)**

**શ્રીયમુનાજી સોહત મન મોહિની,**
**સુર અસુર મિલ પૂજા કીની. તૈસી લાગત સોહની. ૧**
**યાતે યહ દૃષ્ટાંત જુ દીનો, ભાવ અનેક દિખોહની**
**"હરિદાસજી" શોભા ચિત્ત ઉર જ્યોં લાગી ચરણન ગોહની. ૨**

**શબ્દાર્થ :** સોહની-સોહામણા, ગોહની-જવું.

**ભાવાર્થ :** પ્રભુએ મોહિની સ્વરૂપ ધારણ કર્યું અને જેવા તેઓ શોભતા હતા તેવાં જ શ્રીયમુનાજી મનને મોહી લે તેવાં શોભે છે. સુર અને અસુરોએ સાથે મળીને એ મોહિની સ્વરૂપ પૂજા કરી હતી તેવાં જ મોહિની સ્વરૂપથી શ્રીયમુનાજી સોહામણાં લાગે છે. (૧)

આ દૃષ્ટાંત એટલા માટે આપ્યું છે કે મોહિની સ્વરૂપે પ્રભુએ અનેક હાવભાવ બતાવીને સુર-અસુરોને મોહ પમાડ્યા હતા તેમ આપ પણ અનેક હાવભાવ બતાવીને ભક્તોને મોહ પમાડો છો. આપની આ શોભા જોઈને "હરિદાસજી"નું ચિત્ત એટલું બધું તેમાં ચોંટી ગયું છે કે તેઓનું ચિત્ત આપના ચરણ સિવાય બીજે ક્યાંય જતું નથી. (૨)

**પદ-૯૧ (દેવગંધાર)**

**કરિ પ્રણામ જમુના જલ લહિયે,**
**શ્રીવલ્લભપદરજ પ્રતાપતેં, શ્રીયમુના મુખ કહિયે. ૧**
**પૂરણ પુરુષોત્તમ વ્રજ પ્રકટે, ઈન હું પ્રકટયો ચહિયે,**
**જોજન લક્ષ ધરાતેં ઊંચો રવિ મંડલતેં બહિયેં. ૨**
**નંદ સુવન અરૂ કલિંદનંદિની, દર્શન રિપુ તનદહિયે,**
**"હરિદાસ" પ્રભુ યહ સુખ શોભા, નયન હીં મેં રહિયે. ૩**

**શબ્દાર્થ :** પ્રતાપતેં-કૃપાથી, જોજન-યોજન, લક્ષ-લાખો, રવિમંડલ-સૂર્યમંડલ, બહિયેં-વહેતાં આવ્યા છે.

**ભાવાર્થ :** શ્રીયમુનાજીને દંડવત્ પ્રણામ કર્યા પછી શ્રીયમુના જલનું પાન કરવું. શ્રીવલ્લભાચાર્યજીની ચરણરજની કૃપાથી જ શ્રીયમુનાજીનું નામ મુખથી



લઈ શકાય છે. (૧)

પૂર્ણ પુરુષોત્તમ વ્રજમાં પ્રકટ્યા એટલે આપ પણ પ્રકટ થયાં છે. તેથી આપ પૃથ્વીથી લાખો યોજન દૂર એવાં સૂર્યમંડલમાંથી વહીને ભૂતલ પર પધાર્યા છે. (૨)

શ્યામસુંદર અને કલિંદનંદિનીનાં દર્શનનો પ્રતાપ એવો છે કે તેમનાં દર્શન કરનારનો કોઈ શત્રુ બની શકતો નથી. "હરિદાસ" કહે છે કે હે પ્રભુ ! શ્રીયમુનાજીની આ સુખરૂપ શોભા મારા નયનમાં જ રહો. (૩)

**પદ-૯૨ (બિભાસ)**

**ગિરિ કલિંદ પર જલજુ પરે**
**તાતે ઉઠતા પ્રવાહ ફેનમેં ઉજ્જવલતા જુ ભરે. ૧**
**સહજ સ્વરૂપ પ્રાણ પ્યારી કો, ઉજ્જવલ ક્યોં જું કરે,**
**"હરિદાસ" શોબા પિય કારન સહજ શૃંગાર ધરે. ૨**

**શબ્દાર્થ :** ફેનમેં-જળ પડવાથી ફીણ ઉત્પન્ન થાય તે.

**ભાવાર્થ :** કલિંદગિરિ પર જળ પડી રહ્યું છે. તેમાંથી ઉઠતા પ્રવાહના ફેણમાં ઉજ્જવલતા દેખાય છે. (૧)

શ્રીઠાકોરજીનું શ્રીઅંગ સહજ સાંવરુ છે. તેમ શ્રીયમુનાજીનું શ્રીઅંગ પણ સહજ સાંવરુ છે. તો શ્રીયમુનાજીના આ સહજ સાંવરાં શ્રી અંગને મિટાવીને પ્રભુ શામાટે ઉજ્જવલ કરે ! "હરિદાસજી" કહે છે કે પોતાના પ્રિયતમને કારણે જ આપે પણ શ્રીકૃષ્ણના શૃંગાર જેવો જ મુકુટકાછનીનો શૃંગાર ધારણ કર્યો છે. (૨)

**પદ-૯૩ (રામકલી)**

**શ્રીયમુનાજી પિયકે પાસ ચલી,**
**યહ વિલાસગિરિ ચઢી પુનિ ઉતરત, યહ ગતિ અતિજુ ભલી. ૧**
**ઉછલત હેં પ્રવાહ વેગતે ઊંચે યહ જુ અલિ,**
**"હરિદાસ" શોભા નિત નિરખત આતુર ઉમંગરલિ. ૨**

**શબ્દાર્થ :** પુનિ-ફરીથી, ઉમંગરલિ-ઉમંગથી.

**ભાવાર્થ :** જ્યારે શ્રીયમુનાજી પોતાના પ્રિયની પાસે ચાલ્યાં ત્યારે આપની ચઢ-ઉતરની વિલાસભરી ગતિ ખૂબ સુંદર લાગે છે. (૧)

આપના પ્રિયતમની પાસે જતાં આપનો પ્રવાહ વેગથી ઊંચે ને ઊંચે ઉછળતો જ જાય છે. "હરિદાસજી" ને આપની આ શોભા નિત્ય નિરખતાં એવું લાગે છે કે આપ પ્રિયતમની પાસે અતિ આતુરતાથી, ઉમંગથી અને પ્રસન્નતાથી પધારો છો. (૨)

પદ-૯૪ (પંચમ)

ચલત ન્યારી નવલ યમુને,
ગાય વ્રજભક્તકે ભાવકોં દેખિકેં,
ભાવ સહિત તહાં કરત ગવને. ૧
આઈ વ્રજભૂપ પ્રિય ભાવ ઉપજાવ હી,
જલ સ્થલ સિદ્ધ દોઉ કરત રવને,
નિરખ શોભા "હરિદાસ" નિસદિન યહ,
મન, કર્મ, વચન, કરી સીસ નમને. ૨

**શબ્દાર્થ :** ગવને-ગતિ, રવને-રમણ.

**ભાવાર્થ :** નવલ યમુના જુદી જ ચાલથી ચાલે છે. ગાયો અને વ્રજભક્તોના ભાવ સમજીને તેમના ભાવો પૂર્ણ કરવા તેમની તરફ ભાવસહિત ગતિ કરે છે. (૧)

વ્રજ ભૂપ એવા શ્રી ઠાકોરજીનાં પ્રિયભાવ ઉપજાવવા માટે શ્રીયમુનાજી ભૂતલ પર પધાર્યાં છે. જલ અને સ્થલ એ બે જગ્યાએ પ્રિયતમના ભાવ પ્રમાણે આપે રમણ કર્યું છે 'હરિદાસજી' કહે છે કે આપની આ શોભા રાત્રિ-દિવસ નિરખીને મન, કર્મ અને વચનથી હું મારું શીશ આપને નમાવું છું. (૨)

પદ-૯૫ (પંચમ)

યહ રસ રૂપ હૈં ભાનુકી નંદિની
કંજ રસ રૂપકે મિત્રકી યહ સુતા,
દેત રસદાન કરિ દૂર દુઃખ દ્વંદિની. ૧
ગૂઢરસ રીતકે ભાવ કૈસેં કહો,
નંદનંદન વિરહ તાપ નિકંદિની,
નિરખ શોભા "હરિદાસ" નયન સદા,
રાખિયેં નિકટ મોહિ જગતકી વંદિની. ૨

**શબ્દાર્થ :** સુતા-પુત્રી, નિકંદિની-નાશ કરનારાં છો.

**ભાવાર્થ :** સૂર્યપુત્રી શ્રીયમુનાજી રસરૂપ છે. કંજ એટલે કમળ. તે રસરૂપ જળમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી તે રસરૂપ છે. તો પછી તેના સખી શ્રીયમુનાજી રસરૂપ કેમ ન હોઈ શકે ! પોતે રસસ્વરૂપ હોવાથી પોતાનાં ભક્તોનાં દુઃખ દૂર કરીને તેઓને આનંદરસનું દાન કરે છે. (૧)

ગૂઢરસ રીતિની ભાવનું વર્ણન કેવી રીતે કરી શકાય ? નંદનંદનનો વિરહ તાપ ભક્તોને થાય તો પ્રભુ મેળાપ કરાવી આપી, તાપનો આપ નાશ કરનારાં છો. "હરિદાસજી" કહે છે કે, નયનથી આ શોભા હું નિત્ય નિરખ્યા કરું. માટે હે સમગ્ર



જગતથી વંદન કરાયેલાં શ્રીયમુનાજી ! મને આપની નિકટમાં જ રાખો. (૨)

પદ-૯૬ (આશાની)

શ્યામ વરણ શ્રીયમુનાજીકી શ્યામ વરણ સમતૂલરી,
તવ પ્રણ મેઘ ઘટા જ્યોં ઉમગી,
સબહિનકી સુખ મૂલરી. ૧
ધ્રુવ વ્હેં કો મધુવન યમુના તટ, ગઈ દુઃખન કી સૂલરી,
"હરિદાસ" પ્રભુ શોભા નિરખત, ગઈ ભવ વેદન ભૂલરી. ૨

**શબ્દાર્થ :** સમતૂલરી-સમાન, પ્રણ-પ્રાણ, સૂલ-કાંટા, વેદન-દુઃખ.

**ભાવાર્થ :** શ્યામવરણ શ્રીયમુનાજી અને શ્યામવરણ શ્રી ઠાકોરજી બંને સમાન વરણના છે. તમારા વરણ (રંગ) સમાન મેઘઘટા રસસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. સર્વના સુખોનું મૂલ આપ છો. (૧)

ધ્રુવજીએ યમુના તટે આવેલા મધુવનમાં તપ કર્યું. તો તેમના દુઃખ રૂપી કાંટાઓ નાશ પામ્યા. "હરિદાસજી" કહે છે કે, આપની શોભા નિરખતાં સંસારની મારી સર્વ વેદનાઓ ભૂલાઈ ગઈ છે. (૨)

પદ-૯૭ (આશાવરી)

શ્રમ સરિતા તું જે જન નિત્ય,
પ્રતિ કરત તવ ગુન ગાનરી,
કૃપાસિંધુ સોં તાહી મિલાવો, યહી તુમારી હૈં બાનરી. ૧
કૃપા જલધિ પૂરણ પુરૂષોત્તમ, પૂરણ પ્રકટ પ્રમાણરી,
નિસદિન મિલિ રહેત તિન સૌહી,
તુમહોં રસ કી ખાન રી. ૨
એસે પ્રભુસોં હમહીં મિલાવો, વિનતી સુન ધર કાનરી,
સબહિન તેં મુખ્ય શ્રીગંગા, તિનહૂં તે અધિક કહાનરી. ૩
તુમારો મિલે મહિમા અતિ બાઢી,
સો સબ સુનહો સુજાનરી,
"હરિદાસ" પ્રભુ સોભા નિરખત, હિયેં વસો યહ ધ્યાનરી. ૪

**શબ્દાર્થ :** સરિતા-નદી, બાનરી-સ્વભાવ, સુજાન-શ્રીયમુનાજી, શ્રમ-રાસ સમયે થયેલ પરિશ્રમથી ઉત્પન્ન થયેલ પરસેવારૂપી જલ, હિયે-હૃદયમાં.

**ભાવાર્થ :** પ્રભુનો શ્રમજલ આપનામાં ભળેલો હોઈ આપ શ્રમસરિતા કહેવાઓ છો. એવાં આપના જે જનો ગુણગાન ગાય છે, તેમને આપ કૃપાસિંધુ શ્રીઠાકોરજીનું મિલન કરાવી આપો છો. આપનો સ્વભાવ આવો છે. (૧)

કૃપાના સાગર પૂર્ણ પુરુષોત્તમ છે એનું પ્રમાણ પુરાણોમાં પ્રસિદ્ધ છે. આવા પ્રભુની સાથે આપ રાત ને દિવસ મળેલાં જ રહો છો. માટે જ આપ રસની ખાણ છો. (૨)

અમારી વિનંતી આપ કાન ધરીને સાંભળો કે, આવા પ્રભુથી અમારો મેળાપ કરાવી આપો. બધી નદીઓમાં મુખ્ય નદી શ્રીગંગાજી ગણાય છે, પણ આપ તો તેનાથી પણ અધિક છો. (૩)

હે શ્રીયમુનાજી ! આપ સાંભળો, ગંગાજીનો મહિમા આપના સંગથી જ વધ્યો છે. "હરિદાસજી" આપની શોભા નિરખતાં કહે છે, કે એ શોભા મારા હૈયામાં વસો અને એનું ધ્યાન નિરંતર રહો. (૪)

પદ-૯૮ (ખટ)

યમુના તીર પર તરંગ ફેલત જબેં,<br>
માનહું કર કમલ પર ભમરિહેં કંકણ,<br>
પ્રભુ કટિ રૂપ તટ નિરખ ઠાડે પ્રિયા,<br>
થામકે યમુને તહાં ભરત હેં અંકન. ૧<br>
અતિહીં શોભિત ખરી વિવિધ ભૂષન ભરી,<br>
શ્યામતન ચિતવન યમુને દગ બંકન,<br>
રેનુમૂકતા પરેપોઈ કંકણ કરે "હરિદાસ"<br>
શોભા નિરખ પાઈ નિધિ રંકન. ૨

**શબ્દાર્થ :** થામકે-થોભીને, ભરત હેં અંકન-ભેટે છે, દગ-દૃષ્ટિ, બંકન-વાંકી, પોઈ-પરોવીને, રંકન-રાંક, ગરીબ, અકિંચન, રેનુમૂકતા-રજરૂપી મોતી.

**ભાવાર્થ :** આપના તીર ઉપર જ્યારે જળમાં તરંગો ઊઠે છે ત્યારે તે જાણે આપની ભુજાનો ન હોય તેવા લાગે છે. આપના જળમાં પડતાં વમળો એવા લાગે છે કે આપે આપના કરકમલમાં કંકણ ધારણ ન કર્યા હોય ! આપના કટિ રૂપી તટ પર ઊભેલા પ્રભુને જોઈને આપ થંભી ગયાં છો અને ભુજાઓ ભરીને પ્રભુને ભેટી રહ્યાં છો. (૧)

શ્રી યમુનાજી વિવિધ આભૂષણોથી અતિ શોભી રહ્યાં છે અને શ્યામસુંદરના શ્રીઅંગને વાંકી દૃષ્ટિ નિરખી તેનું ચિંતન કરી રહ્યાં છે. રેણુ રૂપી મોતી પરોવીને આપના કંકણ બનાવ્યાં છે. તેની શોભા નિરખતાં "હરિદાસ" કહે છે કે મને એમ લાગે છે કે, જેમ રાંકને ધન મળે તેમ મને અલૌકિક ધનરૂપ શ્રીયમુનાજી મળ્યાં છે. (૨)



પદ-૯૯ (ખટ)

અનંત ગુણ ભૂષિતે પ્રભાકર નંદની,<br>
સકલ ગુણ વાંછિત હેં પ્રભુ સમાને,<br>
ધ્રુવકો અચલ રાજ ઔર વાંછિત ફલ,<br>
સોઈ સબ દેનકો અદેય દાને. ૧<br>
શિવ વિરંચાદિ સબ દેવ સ્તુતિ કરે,<br>
અરૂ નારદાદિ મુનિ કરત ગાને,<br>
યમુને ! મોહિ પ્રાણપતિ બેગિ મિલાવો,<br>
"હરિદાસ" પ્રભુ નિરખત શોભા બખાને. ૨

**શબ્દાર્થ :** પ્રભાકર-સૂર્ય, વાંછિત-ઈચ્છેલું, વિરંચિ-બ્રહ્મા.

**ભાવાર્થ :** હે સૂર્ય-પુત્રી શ્રીયમુને ! આપ અનંત ગુણથી શોભાયમાન લાગો છો. આપનામાં બધા ગુણો હોવાને લીધે આપ પ્રભુ સમાન લાગો છો. ધ્રુવને આપે અચળ પદ આપ્યું અને આપના અન્ય ભક્તો ને પણ તેમની ઈચ્છા પ્રમાણે ન આપી શકાય તેવાં દાન આપી આપ અદેય દાની બન્યાં છો. (૧)

શિવ, બ્રહ્મા આદિ દેવો આપની સ્તુતિ કરે છે. નારદ વગેરે મુનિઓ આપના ગુણગાન ગાય છે. હે શ્રીયમુનાજી ! હું આપને વિનંતી કરું છું કે મને પ્રાણપતિ પ્રભુ જલદી મેળવી આપો. "હરિદાસજી" શ્રીયમુનાજીની શોભા નિરખીને તેના વખાણ કરે છે. (૨)

પદ-૧૦૦ (ખડ)

વિશુદ્ધ મથુરા તટે યમુને તુમ વાસ હેં<br>
દિવસમેં ગોપલીલા સહિત નિશામેં નાથ,<br>
વ્રજભક્ત સબ પાસ હેં. ૧<br>
આઈ નિજધામનેં કામપૂરે સખે ઓર વૃંદા<br>
વિપિન કિયો પ્રભુ રાસ હેં,<br>
તિનહીંસો બેગ હમહી મિલાવો પ્રિય,<br>
નિરખ "હરિદાસ" શોભા યહી આસ હેં. ૨

**શબ્દાર્થ :** વાસ-નિવાસ, નિશામેં-રાત્રિએ, વૃંદા વિપિન-વૃંદાવન.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! વિશુદ્ધ મથુરાના કિનારે આપનો નિવાસ છે. આવા આપના તટે શ્રીઠાકોરજી ગૌચારણ સમયે સખાઓની સાથે લીલા કરે છે અને રાત્રિના સમયે સર્વ વ્રજભક્તોને સંયોગરસનું સુખ આપે છે. (૧)

શ્રીયમુનાજીએ ગોલોકધામમાંથી ભૂતલ પર પધારીને કુમારિકાઓની

કામનાઓ પૂર્ણ કરી. આપના અનુગ્રહથી કુમારિકાઓએ વૃંદાવનમાં પ્રભુની સાથે રાસ કર્યો. "હરિદાસજી" કહે છે કે, હે શ્રીયમુનાજી ! એવા પ્રભુ અમને જલદી મેળવી આપો. વળી આપની અદ્‌ભુત શોભા નિરખ્યા કરું એવી મનમાં આશા છે તે પૂર્ણ કરો. (૨)

**પદ-૧૦૧ (રામકલી)**

**શ્રીયમુને મો મન મિલાવોં નાથસોં.**
**તુમહીં નિજ સંગ શોભિત સદા ભામિની,**
**ઓર વ્રજભામિની લિયેં સબ સાથસોં. ૧**
**અનંત ગુણ ભૂષિત પૂરણ પુરુષોત્તમ.**
**મોહીં સોંપ્યો પ્યારી તાહી ગ્રહી હાથસોં.**
**શિવ વિરંચાદિ સ્તુતિ કરત તુમારી,**
**"હરિદાસ" પ્રભુ નિરખ શોભા ગહિ બાથસોં. ૨**

**શબ્દાર્થ :** મિલાવોં-જોડીદો, ગહિ બાથસોં-આલિંગન કરે.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! મારા મનને શ્રીનાથજી સાથે જોડી દો. હે ભામિની ! (શ્રીયમુનાજી) આપ પ્રભુની સાથે સદા શોભો છો અને બધી વ્રજભામિનીઓને સાથે લઈને પણ શોભો છો. (૧)

અનંત ગુણોથી વિભૂષિત એવા પૂર્ણ પુરુષોત્તમે મને હાથ પકડીને હે શ્રીયમુનાજી ! તમને સોંપ્યો છે. શિવ અને બ્રહ્મા વગેરે દેવો આપની સ્તુતિ કરે છે. "હરિદાસજી" કહે છે કે આપની આ શોભા જોઈને પ્રભુ આપને ભેટે છે. (આપને આલિંગન કરે છે) (૨-૩)

**પદ-૧૦૨ (રામકલી)**

**શ્રીયમુનાજી તુમ હો પરમ ઉદાર,**
**તમારી કૃપા ભઈ જાન કૃષ્ણજુ કરત તાહિ અધિકાર. ૧**
**શ્યામલ વરન સમાનશીલગુણ દ્વયલીલા અધિકાર,**
**ક્રીડા રાસ વિલાસ રસ ભરે પ્રિય પરિશ્રમ પરિહાર. ૨**
**લીલા ગૂઢ ઘોર કલિયુગમેં રૂપ પ્રકટ વિસ્તાર,**
**અતુલ પ્રતાપ પુન્ય પુરણ જલ અખિલ વિશ્વ ઉદ્ધાર. ૩**
**યદ્યપિપતિત નાહીં જલ પરસત, દરસ પરસ પિઓવાર,**
**"હરિદાસ" કો ત્રાસ નિવારો જિન ડારો સંસાર. ૪**

**શબ્દાર્થ :** પરિહાર-દૂર કરો છો, પ્રતાપ-કૃપા, પિઓવાર-પાન કરવા યોગ્ય, ડારો-દૂર કરો.



**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! આપ પરમ ઉદાર છો. આપની કૃપા થઈ એમ ત્યારે કહેવાય કે જે અનઅધિકારી જીવ છે તેને પ્રભુ અધિકારી બનાવે. (૧)

આપના અને શ્રીઠાકોરજીનાં વરણ, શીલ અને ગુણ સમાન છે. આપ જલ અને સ્થળ બંને લીલાના અધિકારી છો. આપના તટે શ્રીઠાકોરજીને રસભર્યો રાસ-વિલાસ કરતાં જે પરિશ્રમ પડે છે તે પરિશ્રમને જલવિહાર કરાવીને દૂર કરો છો. (૨)

આપની ગૂઢ લીલાનો વિસ્તાર કરવા આ ઘોર કલિયુગમાં આપે રૂપમાધુરી પ્રકટ કરી છે. અખિલ જગતનો ઉદ્ધાર કરવા માટે આપના પુણ્યરૂપ પૂર્ણ જલનો પ્રતાપ અતુલ છે. (૩)

જો કે પતિતો આપના જલનો સ્પર્શ કરી શકતા નથી છતાં તે જલ દર્શન કરવા તથા વારંવાર પાન કરવા યોગ્ય છે. "હરિદાસજી" કહે છે કે, હું સંસારના ત્રાસથી કંટાળી ગયો છું. મને એ ત્રાસમાંથી આપ મુક્ત કરો, અને સંસારમાં નાખશો નહિ. (૪)

**પદ-૧૦૩ (રામકલી)**

**શ્રીયમુના કરત કૃપાકો દાન,**
**જો કોઉ આવત દરસ તિહારે; સબકો રાખત માન. ૧**
**કલિકે જીવદોષ ભંડારી, કરત તિહારો પાન,**
**ભયે અનન્ય સબહી ઓરતેં સુર મુનિ કરત બખાન. ૨**
**જે જન હરિ-લીલા-અધિકારી, કરત તિહારો ગાન,**
**મેં મતિ મંદ કહાંલો બરનોં, "રસિકદાસ" જનજાન. ૩**

**શબ્દાર્થ :** દોષભંડારી-દોષોના ભંડારરૂપ છે, ઓરતેં-વધારામાં કે વિશેષે કરીને.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી સૌને કૃપાનું દાન કરે છે. જે કોઈ આપના દર્શને આવે છે, તેનું આપ માન રાખો છો. (૧)

આ કલિયુગમાં જીવ દોષોથી ભરેલો છે, પણ જો તે આપના જલનું પાન કરે તો બધી રીતે અનન્ય બની જાય છે અને વિશેષે કરીને દેવતાઓ અને મુનિજનો પણ તે જીવોનાં વખાણ કરે છે.

જે જીવ હરિ લીલાનો અધિકારી હોય છે તે જ જીવ આપના ગુણ ગાઈ શકે છે. "રસિકદાસ" કહે છે કે આપના ગુણો અનંત છે અને હું તો મંદબુદ્ધિનો છું. તો કેવી રીતે આપના અનંત ગુણોનું વર્ણન કરી શકું ! છતાં મને આપનો દાસ જ ગણજો. મને આપનો દાસ માની લેજો. (૩)

પદ-૧૦૪ (રામકલી)

શ્રીયમુના પરમ કૃપાલ કહાવે.
દર્શન તે અઘ દૂર જાત હેં હરિલીલા સુધિ આવે. ૧
જે જન તેરે નિકટ બસતહેં, નંદ નંદન રસ પાવે,
જીવ કૃત્ય દેખ નહીં કબહું, અપનો પક્ષ બઢાવે. ૨
કર્તું અકર્તું અન્યથાકર્તું, યહ સુન મન લલચાવે,
'રસિકદાસ' કો દાસ જાનિયો, તાતે યહ જસ ગાવે. ૩

**શબ્દાર્થ :** અઘ-પાપ, સુધિ-સ્મરણ, નિકટ-નજીક.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી પરમકૃપાળુ કહેવાય છે. આપના દર્શનથી જીવના પાપ નાશ પામે છે અને જીવને હરિલીલાનું સ્મરણ થઈ આવે છે. (૧)

જે જીવો આપની નજીક રહે છે તે જીવો નંદ-નંદનનો રસ પ્રાપ્ત કરે છે. આપ જીવોના કૃત્યો તરફ જોતાં નથી પણ આપ તો તે જીવો ઉપર કૃપા જ કરો છો. (૨)

આપ સર્વ સમર્થ છો એવું સાંભળીને અમારૂં મન લલચાઈને આપની તરફ જ ખેંચાય છે. 'રસિકદાસ' કહે છે કે, મને આપનો દાસ જાણજો. આપની કૃપાથી જ હું આપનો યશ ગાઈ રહ્યો છું. (૩)

પદ-૧૦૫ (રામકલી)

શ્રીયમુના જગત પાવન કરન,
પ્રથમ જાકો નામ સ્મરત, કોટિ કલિ મલ હરન. ૧
પેઠિકેં જલ પરસ કરી રહે મિટત જિય કી જરન,
નામ સ્મરત ગઈ દુર્મતિ વિવિધ પોષણ ભરણ. ૨
ઉપજત ઉગ્ર વૈરાગ્ય જાતેં લે ચલે વાહિ શરણ,
"સૂર" હરિકી ભક્તિ દાતા વિશ્વતારન તરન. ૩

**શબ્દાર્થ :** પેઠિકેં-પ્રવેશ કરીને, જિય કી જરન-હૃદયનો તાપ, મિટત-મટે છે, તરન-તારવાવાળાં.

**ભાવાર્થ :** શ્રીયમુનાજી જગતને પાવન કરવાવાળાં છે. જે પ્રથમથી જ આપનું નામ સ્મરણ કરે છે તેનાં કલિકાળમાં કરોડો દોષો નાશ પામે છે. (૧)

જે જીવ આપના જળમાં પ્રવેશ કરીને આપના જલનો સ્પર્શ કરે છે તે જીવના હૃદયનો તાપ દૂર થઈ જાય છે. આપનું નામ-સ્મરણ કરવાથી જીવની દુર્મતિ ચાલી જાય છે. વિવિધ રીતે આપ જીવનું પોષણ કરો છો. (૨)

જ્યારે જીવને સંસાર પ્રત્યે ઉગ્ર વૈરાગ્ય પ્રકટે છે, ત્યારે તે જીવને આપ પ્રભુને શરણે લઈ જાઓ છો. "સૂરદાસજી" કહે છે કે આપ પ્રભુની ભક્તિનું દાન કરનારાં છો અને વિશ્વના તારણહાર છો. (૩)



પદ-૧૦૬ (રામકલી)

એક રસના ગુણ અપાર કહા કરિ વરનોં
સાધન સર્વે તજો-ભજો ઈનકો નામ
જાકે સ્મરણતે હોયગો તરનોં. ૧
એક મનમેં નિરધાર કરકે,
કરો રાસ ઈનકે તટ નિકટ રહનો,
કહત "વ્રજપતિ" તુમ સબનકો સમજાય,
જપો હરિનામ ઔર કછુ ન કરનો. ૨

**શબ્દાર્થ :** તરણો-તરી જવું, રહનો-રહીને.

**ભાવાર્થ :** જીભ એક છે, આપના ગુણ અનંત છે. તો હું કેવી રીતે અનંત ગુણોનું વર્ણન કરી શકું ? બધાં સાધનો છોડી દઈને શ્રીયમુનાજીનું નામ-સ્મરણ કરો. જેથી સંસાર-સાગરને તરી જશો. (૧)

મનમાં એક નિશ્ચય કરીને જજો. તમે એમના તટની નિકટ રહેશો તો જીવને રાસનો અનુભવ થશે. "શ્રીવ્રજપતિજી" તમને બધાંને સમજાવીને કહે છે કે, માત્ર હરિનું નામ જ જપો, બીજું કાંઈ કરશો નહીં. (૨)

પદ-૧૦૭ (રામકલી)

શ્રીયમુનાજી હમસે પતિત ઉદ્ધારો,
પતિત પાવન સુનકે આયો બાંધ પાપકો ભારો. ૧
પતિતપાવન શ્રીકૃષ્ણજુકી ઘરની, દોઉ મિલ બાત વિચારો.
"સૂરદાસ" હૃદય વસો નિરંતર, શ્રીયમુનાજી નંદ દુલારો. ૨

**શબ્દાર્થ :** હમસે-મારા જેવા, ઘરની-ગૃહિણી.

**ભાવાર્થ :** હે શ્રીયમુનાજી ! મારા જેવા પતિતનો ઉદ્ધાર કરો. આપ પતિત પાવન છો એવું આપનું નામ સાંભળીને હું પાપનો ભારો બાંધીને આપની પાસે આવ્યો છું. (૧)

પતિત પાવન એવા શ્રીકૃષ્ણનાં આપ ગૃહિણી છો. આપ બંને પતિત પાવન હોઈ મારા જેવા પતિતનો ઉદ્ધાર કરવાની વાતનો વિચાર કરો. "સૂરદાસજી" કહે છે કે, શ્રીયમુનાજી અને નંદદુલારો બંને સ્વરૂપો મારા હૃદયમાં નિરંતર બિરાજો. (૨)

પદ-૧૦૮ (રામકલી)

શ્રીયમુને જગ વંદની, યશ વેદ હીં ગાયો,
જે જન તટ સેવન કરે, સો હરિપદ પાયો. ૧
સ્નાન દાનકી કહા કહું, મહિમા નિર્ધારી,
નામ લેત શીઘ્રહીં પાવે, યદ્યપિ કર્મચારી. ૨

સુખ કરની દુઃખ હરની, પતિતન પદ દાની,

વહે જાત "કૃષ્ણદાસ" સુમુનિ ઓર જ્ઞાન. ૩

શબ્દાર્થ : મહિમા-માહાત્મ્ય, નિર્ધારી-ચોક્કસ, શીઘ્ર-તરત, સુમુનિ-શ્રેષ્ઠ મુનિ.

ભાવાર્થ : શ્રીયમુનાજી ! આપ જગતના વંદનીય છો. આપના યશ વેદમાં ગવાયેલા છે. જે જીવ આપના તટનું સેવન કરે છે.તે હરિપદને મેળવે છે. (૧)

સ્નાન અને દાનના આપના મહિમાનું હું શું નિશ્ચિત વર્ણન કરી શકું ! ગમે તેવો પાપી હોય તો પણ આપનું નામ લેતાં તરત જ આપને પામે છે. (૨)

ભક્તોને સુખી કરવાવાળાં અને તેમનાં દુઃખ હરવાવાળાં હે શ્રીયમુને ! આપને પતિતોના ઉદ્ધાર કરવાનું બિરુદ પ્રાપ્ત થયું છે. આપ ભગવદ્પદનું દાન કરવાવાળાં છો. "કૃષ્ણદાસજી" કહે છે કે, આપનો આશ્રય ન કરનારા ભલે ને તે શ્રેષ્ઠ મુનિ હોય કે જ્ઞાની હોય, તો પણ ભવસાગરમાં તણાતા જ જાય છે. (૩)

॥ ૧૦૮ પદ સંપૂર્ણ ॥



## 'કાયમી જયશ્રી કૃષ્ણ' - યોજના હેઠળ રૂા. ૧૨૫૧-૦૦ ની સેવા આપનારની યાદી

| | | |
|---|---|---|
| ૧. | ગો.વા. અમથીબેન હરકીશનદાસ સાળવી ના સ્મરણાર્થે. હસ્તે. રામદાસ લલ્લુભાઈ સાળવી | પાટણ |
| ૨. | ગો.વા. સત્યભામાબેન ઈશ્વરલાલ સાળવીના સ્મરણાર્થે હ. તેમના ઋણી પુત્ર રાજેન્દ્ર ઈશ્વરલાલ સાળવી સપરિવાર | (દહીંસર) મુંબઈ |
| ૩. | ગો.વા. ઈશ્વરલાલ પાનાચંદ સાળવીના સ્મરણાર્થે હ.ચેતનાબેન રાજેન્દ્રકુમાર ઈશ્વરલાલ સાળવી | (દહીંસર) મુંબઈ |
| ૪. | ગં.સ્વ. લલીતાબેન ધુળાભાઈ પટેલ (સોજીત્રાવાળા) | લંડન (યુ.કે.) |
| ૫. | પ.ભ. કૃષ્ણકાંત એમ. મહેતા-પરિવાર | વડોદરા |
| ૬. | પ.ભ. ભુપતલાલ જીવાભાઈ ઉકાણી-પરિવાર | ઉપલેટા |
| ૭. | શ્રીમતી માણેકબેન નટવરલાલ શિવલાલ શાહ. | માલપુરવાળા-અમદાવાદ |
| ૮. | ડૉ. હર્ષાબેન નંદલાલ થાનકી | ઉપલેટા |
| ૯. | ગો.વા. હંસાબેનની સ્મૃતિમાં હસ્તે હર્ષદભાઈ હરીલાલ (બુકસેલર) | ભરૂચ |
| ૧૦. | પ.ભ. મનુભાઈ જુગલદાસ મહેતા | અમદાવાદ |
| ૧૧. | ગો.વા. અ.સૌ. શાન્તાબેન મનુભાઈ મહેતા | અમદાવાદ |
| ૧૨. | ગો.વા. અ.સૌ. ચંદ્રીકાબેન મહેન્દ્રકુમાર ગાંધીના સ્મરણાર્થે હ. મહેન્દ્રકુમાર ત્રિકમલાલ ગાંધી તથા આશિષ | અમદાવાદ |
| ૧૩. | ગો.વા. અ.સૌ. રત્નપ્રભાબેન પોપટલાલ ગાંધી ના સ્મરણાર્થે હ. સુનીલ, પોપટલાલ ગોકળદાસ ગાંધી | વિસનગર |
| ૧૪. | ગો.વા. ધ્રુવ કાંતિલાલ શંકરલાલ ના સ્મરણાર્થે હ. ગં.સ્વ. ધ્રુવ ચંદ્રકાન્તાબેન કાંતિલાલ | ઈડર |
| ૧૫. | પ.ભ. જીવીબેન ગાંડુભાઈ પટેલ | રાજકોટ |
| ૧૬. | ગો.વા. જીવનલાલ ગોરધનદાસ રાજાણી ના સ્મરણાર્થે હ. ઈશ્વરભાઈ રાજાણી | કબીલપોર-નવસારી |
| ૧૭. | શ્રીમતી શર્મિષ્ઠાબેન પ્રવિણચંદ્ર મણિલાલ શાહ. | મહોળેલવાળા-નડિયાદ |
| ૧૮. | પ.ભ. પદમાબેન મથુરદાસ નારણદાસ ઠક્કર | પાટણ |
| ૧૯. | ગો.વા. ભગવતીબહેન માણેકલાલ શાહ | વડોદરા |
| ૨૦. | ગો.વા. પદમાબેન મહેન્દ્રભાઈ શાહ હ. કૌશીકભાઈ શાહ | પાટણ-વિલેપાર્લા |
| ૨૧. | ગો.વા. વજીબેન શંભુભાઈ લાખાણી | અમદાવાદ |
| ૨૨. | પ.ભ. મધુબેન કેતનભાઈ કુકડિયા | ભાયંદર-મુંબઈ |
| ૨૩. | પ.ભ. હંસાબેન નવનીતલાલ શાહ | બાલીસણા-મુંબઈ |
| ૨૪. | પ.ભ. સુધાબેન જગદીશભાઈ શાહ | બાલીસણા-મુંબઈ |
| ૨૫. | ગો.વા. રમણલાલ જમનાદાસ ગાંધી ના સ્મરણાર્થે હ. હસુમતીબેન રમણલાલ ગાંધી | પાલનપુર |
| ૨૬. | પ. ભ. અ.સૌ. સુલોચનાબેન હરેન્દ્રભાઈ શાહ | ગાંધીનગર |

સર્વેને સપ્રેમ જયશ્રીકૃષ્ણ સહ ભગવદ્ સ્મરણ

'કાયમી જયશ્રી કૃષ્ણ' - યોજના હેઠળ રૂા. ૧૨૫૧-૦૦ ની સેવા આપનારની યાદી

૨૭. પ.ભ. અ.સૌ. તરૂબેન કે. તલાટી — ગાંધીનગર
૨૮. ગો.વા. ભાનુબેન રસીકલાલ શાહ — મહેસાણા-મુંબઈ
૨૯. શ્રીમતી સૂર્યકાન્તાબેન જીતેન્દ્ર પરીખ — વડોદરા
૩૦. પ.ભ. ચંદ્રકાન્તાબેન ટી. શાહ — વડોદરા
૩૧. પ.ભ. નિકેતાબેન યોગેશભાઈ શાહ — વડોદરા
૩૨. પ.ભ. નવનીતલાલ પુનમચંદ શાહ હસ્તે પ્રેરણાબેન ભૂપેન્દ્ર શાહ — પાટણ
૩૩. પ.ભ. માલતીબેન ભાનુપ્રસાદ દોશી — સુરત
૩૪. ગો.વા. પ.ભ. મંજુલાબેન રમણલાલ દરુના સ્મરણાર્થે
હ. રમણલાલ છોટાલાલ દરુ-પરિવાર — સંખેડા (વડોદરા)
૩૫. ગો.વા. પૂ. ગજરાબાના સ્મરણાર્થે પ.ભ. નિમુબેન નાનાલાલ સુથાર. — પાટણ
૩૬. ગો.વા. મહાલક્ષ્મીબેન અમરતલાલ શાહના સ્મરણાર્થે
હસ્તે શ્રીદેવીબેન ચીનુભાઈ શાહ — બાલીસણા-પાટણ
૩૭. ગો.વા. પદમાબેન કાળીદાસ પરીખ
તથા ગં.સ્વ. રમણબાળાબેન વિનોદચંદ્ર પરીખ — પાટણ
૩૮. ગો.વા. શાહ કમળાબેન શાંતિલાલ છીંકણીવાળા — સાવલી-વડોદરા
૩૯. ગો.વા. પિતાશ્રી ચીમનલાલ ગિરધરલાલ સોની તથા ગો.વા. માતૃશ્રી કમળાબેન
ચીમનલાલ સોની ના સ્મરણાર્થે હ. દિનેશભાઈ સોની. — નવાડીસા
૪૦. પ.ભ. રમીલાબેન રજનીકાન્ત પરીખ — પાટણ
૪૧. ગો.વા. હીરાલાલ ગુલાબદાસ ચોક્સી તથા
ગો.વા. તનસુખબેન હીરાલાલ ચોક્સીના સ્મરણાર્થે
અરવિંદભાઈ હીરાલાલ ચોક્સી તથા પરિવાર — ચિખલી
૪૨. જ્યોતિબેન અરવિંદભાઈ ચોક્સી - પરિવાર — ચિખલી
૪૩. અ.સૌ. ભદ્રાબેન હસમુખલાલ શાહ — હિંમતનગર
૪૪. શ્રીમતી નીનાબહેન નરેન્દ્રભાઈ પરીખ — વડોદરા
૪૫. ગો.વા. ચંપાબેન જમનાદાસ અમરતલાલ ચોક્સી-પરિવાર — મહેસાણા
૪૬. પ.ભ. પુરુષોત્તમ મોહનલાલ શાહ તથા
પ.ભ. નિકુંજ પુરષોત્તમ શાહ - પરિવાર — વડોદરા, અમેરીકા
૪૭. પ.ભ. કિરણબેન નંદલાલ શાહ — કડી
૪૮. ગો.વા. અરવિંદભાઈ રસિકલાલ પરીખના સ્મરણાર્થે
જ્યોત્સનાબેન અરવિંદભાઈ પરીખ — વિસનગર
૪૯. ગો.વા. રામલાલ છગનલાલ પરીખ-પરિવાર — કડી
૫૦. ગો.વા. મનહરલાલ ચંદુલાલ શાહના સ્મરણાર્થે
પ.ભ. પદમાબેન મ. શાહ. હસ્તે ભરતભાઈ શાહ (કડી) — કાલોલ

સર્વેને સપ્રેમ જયશ્રીકૃષ્ણ સહ ભગવદ્ સ્મરણ



'કાયમી જયશ્રી કૃષ્ણ' - યોજના હેઠળ રૂા. ૧૨૫૧-૦૦ ની સેવા આપનારની યાદી

૫૧. પ્રેમીલાબેન કનુભાઈ શાહ તથા
કનુભાઈ મણીલાલ શાહ પરિવાર — (વડાગામ, તા. ધનસુરા)
૫૨. સ્વ. અ.સૌ. કાન્તાબેન હસમુખલાલ મોદીના સ્મરણાર્થે
હ. હસમુખલાલ મણીલાલ મોદી — પાટણ
૫૩. પ.ભ. ભાનુભાઈ વસંતલાલ દોશી તથા પરિવાર — સુરત
૫૪. ગો.વા. ચંપાબેન મફતલાલ ડાહ્યાભાઈ સાળવી તથા પરિવાર — મહેસાણા
૫૫. ગો.વા. દ્વિજેન દિવ્યન્ત શાહના સ્મરણાર્થે
દિવ્યન્ત એચ. શાહ - પરિવાર — અમદાવાદ
૫૬. અ.સૌ. સુમનબેન વસંતલાલ કંસારાના સ્મરણાર્થે — બોરીવલી-મુંબઈ
૫૭. વિનોદભાઈ રમણલાલ શેઠ-પરિવાર — મુંબઈ
૫૮. ગો.વા. જમનાબેન બાબુલાલ મહેતાની પુણ્યસ્મૃતિમાં
હ. શશીકાંત બાબુલાલ — મુંબઈ
૫૯. કસ્તુરીબહેન ગુપ્તા (કાશી-બનારસ)
ધર્મપત્ની (સ્વ.) શ્રી મથુરાદાસ એડવોકેટ હ. બ્રીજકુમારી મહેતા — વારાણસી
૬૦. કનૈયાલાલ મોતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ — વિલેપાર્લા - મુંબઈ
૬૧. ગો.વા. માતૃશ્રી દિવાળીબેન મોહનલાલ મદલાણીના સ્મરણાર્થે
નરેન્દ્રકુમાર મોહનલાલ મદલાણી — મુંબઈ
૬૨. હિતેન મણીલાલ મદલાણી — રાતડીવાલા-પોરબંદર
૬૩. ગો.વા. જમનાદાસ ગોરધનભાઈ ચપલાના સ્મરણાર્થે
હ. મંજુલાબેન જમનાદાસ ચપલા — ભાયંદર-મુંબઈ
૬૪. મિત-માનસી અનિલભાઈ ચનિયારા
હ. નિલમબેન અનિલભાઈ ચનિયારા — ઉપલેટા
૬૫. સ્વ. સુશીલાબેન વ્રજવલ્લભદાસ તથા સ્વ.વ્રજવલ્લભદાસ મગનલાલ શાહ
(નસવાડીવાળા) હ. નયનકુમાર વ્રજવલ્લભદાસ શાહ — વડોદરા
૬૬. ગો.વા. પિતાશ્રી ભુલાભાઈ છોટાલાલ તથા
માતૃશ્રી ગો.વા. મહીબેન ના સ્મરણાર્થે ડૉ. સી.બી. શાહ પરિવાર — સિધ્ધપુર
૬૭. ગો.વા. કમળાબેન ચંદુલાલ શેઠ હ. કુસુમબેન વ્રજબિહારી શેઠ — ગાંધીનગર.
૬૮. ગો.વા. તારાબેન ગોકુળદાસ મોદી ના સ્મરણાર્થે
હસ્તે ડૉ. હરેશભાઈ ગોકુળદાસ મોદી — પાટણ
૬૯. શ્રીમતી સુલોચના મનસુખલાલ સોલંકી તથા
પ.ભ. મનસુખલાલ હરિલાલ સોલંકી — ધોળકાવાળા, અમદાવાદ
૭૦. પ.ભ. ભાનુબેન સતીષભાઈ માધુવાલા તથા
પ.ભ. સતીષભાઈ માધુવાલા પરિવાર — પાટણ
૭૧. ગો.વા. જશોદાબેન કૃષ્ણલાલ ગાંધી — પાટણ

સર્વેને સપ્રેમ જયશ્રીકૃષ્ણ સહ ભગવદ્ સ્મરણ

**'કાયમી જયશ્રી કૃષ્ણ' - યોજના હેઠળ રૂા. ૧૨૫૧-૦૦ ની સેવા આપનારની યાદી**

૭૨. ધર્મપત્ની (સ્વ.) અ.સૌ. હંસાબેનના સ્મરણાર્થે
ભરતકુમાર વિઠ્ઠલદાસ ગાંધી તથા પરિવાર — પાટણ

૭૩. શર્મિષ્ઠાબેન રમણભાઈ પટેલ અને
પ.ભ. રમણભાઈ જેઠાલાલ પટેલ પરિવાર — અમેરિકા-વડોદરા

૭૪. પ્રકાશચંદ્ર કાન્તીલાલ પારેખ — પાટણ-અમદાવાદ

૭૫. ગીતાબેન પ્રવિણભાઈ શાહ, પ્રવીણભાઈ ઓચ્છવલાલ શાહ
મીતેશ પી. શાહ તથા સેજલ મીતેશ શાહ - (ભુરા શેઠ પરિવાર) વડોદરા

૭૬. ગો.વા. સુપુત્રી નિરંજનાબેન સી. શાહ ના સ્મરણાર્થે....
હ. અ.સૌ. પ્રભાવંતીબેન ચંપકલાલ શાહ પરિવાર — - નડિયાદ

૭૭. ગો.વા. અનિલકુમાર નવીનચંદ્ર શાહ ના સ્મરણાર્થે...
હ. નવીનચંદ્ર છોટાલાલ શાહ — બાલિસણા-મુંબઈ

૭૮. ગો.વા. તારાબેન ગીરધરલાલ શાહ ના સ્મરણાર્થે...
હ. ડૉ. ઘનશ્યામભાઈ ગીરધરલાલ શાહ — બાલિસણા

૭૯. માતૃશ્રી ગો.વા. પરશનબેન તથા પિતાશ્રી ગો.વા. ચીમનલાલ શીવલાલ
ના સ્મરણાર્થે.... હ. ડૉ. સૂર્યકાંત સી. શાહ — વિસનગર-વડોદરા

૮૦. એક વૈષ્ણવ — ડભોઈ-વડોદરા

૮૧. ગો.વા. પ્રવિણચંદ્ર ગંગારામ સાળવી ના સ્મરણાર્થે...
હ. સૂર્યબાળાબેન પ્રવિણચંદ્ર સાળવી — પાટણ.

૮૨. ગો.વા. ચતુર્ભુજ (નાગરદાસ) નરસિંહલાલ ઠક્કરના સ્મરણાર્થે...
ઈન્દુબેન ચતુર્ભુજ ઠક્કર હ. દિપકભાઈ સી. ઠક્કર — પાટણ-વડોદરા

૮૩. ગો.વા. ઉષાબેન કૃષ્ણકાંત ગાંધી - પરિવાર — પાટણ.

૮૪. ગો.વા. હિરાલાલ વિઠ્ઠલદાસ શાહના સ્મરણાર્થે..
હ. કિરીટભાઈ બી. શાહ — મુંબઈ-બાલિસણા

૮૫. ગો.વા. માતૃશ્રી ચંદ્રકળાબેન નહાલચંદ પરીખ ના સ્મરણાર્થે
પરીખ પરિવાર — પાટણ-મહેસાણા

૮૬. ગો.વા. વિનેશભાઈ કે. શાહ ના સ્મરણાર્થે...
હ. નિરંજના વી. શાહ - પરિવાર — વિજયવાડા (આંધ્રપ્રદેશ)

નોંધ : સંસ્થાના ૨૫ પ્રકાશનોમાંથી ૧૨ પ્રકાશનોમાં આ યાદી પ્રગટ થશે. જેમ પુસ્તકો પુનઃ છપાશે તેમ નવા નામો ઉમેરાશે અને યાદી પ્રગટ થશે.

**સર્વેને સપ્રેમ જયશ્રીકૃષ્ણ સહ ભગવદ્ સ્મરણ**